

શરદ પૂર્ણિમા · શિલ્પકાર: કે. ડી. ત્રિપાઠી

આવતી કાલનાં નાગરિકોનું માસિક


કુમાર

તંત્રી · રવિશંકર રાવળ
સંપાદક · બચુભાઇ રાવત
વર્ષ ૧૮મું · અંક ૨જો ★ ફેબ્રુઆરી ૧૯૪૧
૨૦૬



કુમાર પ્રત્યેક અંગ્રેજી મહિનાની પંદરમી તારીખે બહાર પડે છે

મુદ્રક-બચુભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક રવિશંકર રાવળ, કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ; વાર્ષિક રૂા. ૬, બ્રહ્મદેશનાં રૂા. ૬॥, પરદેશના ૧૨ શિ., છૂટક દસ આના; મુંબાઇમાં: શેઠ ઍન્ડ શાહ, ૧૩૬–૧૪૨ મેડોઝસ્ટ્રીટ મુંબાઈ–૧; તથા બીજા એજન્ટો: આર.આર.શેઠની કં., શિષ્ટ સાહિત્ય ભંડાર અને રાવળ બ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ.



સંથાલ નૃત્ય
ચિત્રકાર · મિસ રતિ પિટિટ
(Blocks by Courtesy of The Bombay Art Society)









ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

ડાબી બાજુ ઉપરઃ 'તે ગાંડો છેકે વિદ્યાર્થી ?'—મનુ પટેલ (અમદાવાદ) પહેલું ઈનામ; નીચેઃ 'ઊગતું બંધાણ—મનુ પટેલ (સાંખેજ) બીજું ઇનામ; જમણી બાજુ ઉપરઃ કલાઇવાળો—મનુ પટેલ (સાંખેજ) નોંધપાત્ર; 'આફ્રિકાના જંગલમાં'—રમણિકલાલ જે. પરીખ (ધ્રાંગધ્રા) ત્રીજું ઇનામ.

આવતી કાલનાં નાગરિકોનું માસિક કુમાર વર્ષ ૧૮ · અંક ૨ · ફેબ્રુઆરી ૧૯૪૧



કર્ણ-કૃષ્ણ

· મિશ્ર ·

કર્ણ : જુઓ હસે છે નભગોખ સૂર્ય,
પાસેપાસે એકજ સ્થલે ઝૂલતાં
પ્રફુલ્લતાં કિંતુ ન કદીય સંગમાં
અનન્ય એવાં પદ્મ ને પોયણાં શાં
જેવાં મૂંગાં આપણ બે તણાં અહીં.
ઝાઝી વેળા વ્યોમમાંહે ન સોહે
સાથેસાથે સૂર્ય ને સોમ, કૃષ્ણ.
સોહે નહીં એક રથે ય એવા
પ્રવીર બે કૌરવપાંડવોના.

અદૃશ્ય થાતા પુરકોટકાંગરા,
ધાયે જતા પંથપિપાસુ અશ્વ.
આજ્ઞા કરો, કૃષ્ણ, ઉતારવા મને
ક્ષણેક થંભે રથ. દો અનુજ્ઞા.
જાઉં. પ્રતીક્ષા કરતા હશે ત્યાં
કૈં વર્ષોથી શૌર્યઉન્માદવ્યાકુળા
સંગ્રામાર્થે જે ભુજા ખંજવાળતા
આજે લાધ્યે યુદ્ધનું પર્વ ધન્ય,
પ્રસન્ન સૌ કૌરવ હસ્તિનાપુરે:
અને કુરુજાંગલ, રે સમગ્ર
આર્યાવર્તે આણ જેની યશસ્વી
એવા મહારાજ—

કૃષ્ણ : —ની ધર્મરાજને
આજે ભલી રીતથી ભેટ છો થની,
ધર્મધ્વજાળા શિબિરે પાંડવોના.
પાંડુપુત્રો આ દિશે ચક્ષુ માંડી
પીતા હશે પંથદિગંતરેખાઃ
ક્યારે આવે કૃષ્ણ વેગેથી, લાવે
કાં યુદ્ધ કાં બંધુજનોની પ્રીતિ.

મહાભારતકાર કહે છે કે વિષ્ટિમાં નિષ્ફળ નીવડ્યા પછી કૃષ્ણ પાછા ફરે છે ત્યારે જતાંજતાં કર્ણને વાત કરવા માટે પોતાના રથમાં બેસાડે છે. પછી કર્ણને એ કુંતીનો પુત્ર છે એ રહસ્ય કહે છે અને તેને પાંડવોના મોટા ભાઇનું સ્થાન લેવા સમજાવે છે. આમાં એ સમજાવટના ચારે પ્રકાર અજમાવે છે. પણ એ બધું છતાં ના પાડવા માટે કર્ણને પોતાનાં કારણો છે. માતાએ એનું બાળપણમાં જ ભારે અહિત કર્યું, દુર્યોધને પોતાને જીવનભર સન્માનપૂર્વક રાખ્યો વગેરે . . .

પ્રીતિપ્રતીક્ષા પણ આજ એમની
ભલે ફળે એવડી: યુદ્ધશ્રદ્ધા
સંતોષાશે નિષ્ટિ હું હારતાં; ને
બંધુપ્રીતિ પાંડુ પુનર્જન્મ્યા સમા
સૌ પામશે આજ પધારતાં ઘરે,
કારાગારે કૌરવોને પડેલ,
ધનુર્ધરોમાં સહજે શિરોમણિ,
શસ્ત્રે તેવો શાસ્ત્રમાં યે પ્રવીણ
કુન્તીજાયો પાટવીપુત્ર કર્ણ.

કર્ણ : કુન્તીજાયો? તેર વર્ષોની વાત!
અજ્ઞાન અન્યોન્યથી હસ્તિનાપુરે
વસ્યાં અમે મા–શિશુ વર્ષ તેર!
વર્ષે વર્ષે માસ તો બારબાર,
માસેમાસે ને દિનો ત્રીસત્રીસ,
ને ત્રીસમાંથી દિન એકએક,
તેની મૂકે સાઠ ઘડી ગણિતીઓ.
મળી ઘડી અર્ધઘડી ન માતને
માતૃત્વથી વંચિત વત્સ કારણે.
અપૂર્વ આશ્ચર્ય ન એ શું કૃષ્ણ?
એ ભારતે અદ્‌ભુત માપ ધર્મનું!

કૃષ્ણ : બોલાવવી એ જનનીમુખે જો
લજ્જાભરી શોકકથા વીતેલી,
કુંતી કહેશે, તાત, તો, એ ય કહેશે
સહોદરોના સુખકાજ હોંસે.

કર્ણ : ના, કૃષ્ણ, મારે નથી કહેવરાવવી
કલંકગાથા જનનીમુખેથી,
કે શી રીતે ત્યાગ અબોલ બાલનો
કરી શિશુને વિધિઅંક સોંપ્યો.
એ જાણું છું કૈંક રહસ્ય, જ્યારથી
પામ્યો છું હું આશિષ કુંતીનેત્રની
મૂંગીમૂંગી તો ય હેતે હૂંફાળી
અનલ્પ રિદ્ધિ મુજ અલ્પ આયુની.
જ્યારે કૃપે દીનમુખે સુણ્યું મહા
આહ્વાન મારું કપટે કિરીટીને
અને કહ્યું: 'રાજવીપુત્ર સ્પર્ધા
કરે ન જાણ્યા વિણ ગોત્ર અન્યનાં.
આ કુંતી ને પાંડુ તણો સુપુત્ર
ઊભો અહીં અર્જુન. બોલ, તાત,
પિતાજનેતા તવ કોણકોણ?'
રે ત્યાં જ મા'રાજ સુયોધને મને
તત્કાલ યોજી અભિષેક દીધું
મહાર્ઘ એવું પદ અંગરાજનું.
ત્યાં સ્ત્રીવર્ગે એક સાધ્વી તણાં બે
નેત્રો દ્વારા ઊભરાતી અખંડ
ન્યાળી'તી મેં દિવ્ય વાત્સલ્યધારા.
માતી પરાણે મુજ સ્વલ્પ હૈયે,
સુખેદુખે જે રતી રહી કો
હૈયાખૂણેથી, મધુરું કરી જતી
બધું ય તે માન વિમાનના વા,
કે દંશ ભૂંડા વળી હીન જન્મના.
આજે ય આલંબન દિવ્ય એ મમ.
વાંચી હતી એ દૃગનેત્રવિસ્તરે
માતા તણી મંગલ આશિષો મેં.
મોડી સ્મૃતિ જીવનની સુધન્ય એ.
આયુરણે વીરડી સ્નેહભીની એ.
પરંતુ, ધર્મજ્ઞ, પૃથામુખેથી
'છે કર્ણ કૌન્તેય,' ન શબ્દ એવા
આચાર્યને એ સમયે મળ્યા; મળ્યા
હવે, હવે જ્યાં ડગલું ય પાછું
ક્યાં દેવું તે ના રહ્યું સોચવાનું.

કૃષ્ણ : સુણ્યું હશે, કર્ણ, કદી; ન જો સુણ્યું
તો હું કહું: ત્યાં નીરખી તને, પ્રિય,
શો કુંડળે ને કવચે સુહંત
આહ્વાન દેતો ભડ સવ્યસાચિને,—
એ દૃશ્ય જોઈ–સહુ વીરસંઘ
ઉલ્લાસ આશ્ચર્ય મહીં ડુબેલ.

. . . પણ કર્ણને ના પાટવાનું મુખ્ય કારણ તો એ છે કે પોતે કર્ણ મટી પાંડવ બને અને તેથી સૌ પોતાનું બહુમાન કરે એમાં ગૌરવ શું? પોતે કર્ણ રહે અને પોતાના જ પરાક્રમ વડે બધાના માનને પાત્ર બને એમાં જ શોભા. (પંક્તિ ૨૭૫-૫) વળી, કર્ણ પોતાના વ્યક્તિત્વ માટે જ લડી રહ્યો છે એમ નહિ; એ સમષ્ટિ (આખી જનતા) માટે પણ લડી રહ્યો છે. દ્રૌપદીના સ્વયંવરમાં પોતાનું થયું હતું તેવું અપમાન ભવિષ્યમાં જીવનસુંદરીના સ્વયંવરમાં કોઈનું થવા ન પામે, ત્યાં જન્મ નહિ પણ પૌરુષ જ જોવામાં આવે એવી વસ્તુસ્થિતિ પ્રવર્તે એ માટે પોતે લડી રહ્યો છે. (પંક્તિ ૨૬૪-૫). . .



તો શી હશે કારમી આત્મવેદના   કુંતી તણી, છાતીથી બાળ ધાવતો   આડું કરી મોં હડસેલી દેતાં?

પરંતુ કુંતી હતી ના તટસ્થ
એક્કેય પક્ષે; ઉભયે સુતેલા
નિજોદરે. તે નિજ નેત્રથી હવે
અન્યોન્યનો નાશ કરંત જોવા!
ને માતથી એ કદિ જોયું જાય?
સહ્યો ન જાતાં સ્નેહઑથાર માતા
મૂર્છા પામી ને ઢળી પૃથ્વીખોળે.
સુભાગ્ય કે જીવી ગઈ નિહાળવા
અંગાધિરાજા તુજને થયેલો
અને થતો ભારતરાજ આજ.

કર્ણ: વાણી પ્રેરો, કૃષ્ણ,ના ભાવપૂર્ણ
સંસારની ઘોર કઠોર વાતે.
સહ્યાં જવું જે વિધિદત્ત કાંઈ,
કાં ઊર્મિની અંજલિ વ્યર્થ પત્થરે!

કૃષ્ણ: ના, ના, ન એવું વદ, ધર્મવત્સલ.
તું કુંતીનો અંકુર આદિ ઉજ્જ્વલ.
કૌમાર્ય વેચી તુજને ખરીદ્યો,
ને લોકલજ્જા તજી પેટ સંઘર્યો.
રે યૌવનશ્રીતણું પામી જ્યાં ફલ,
શકી ન એ સાચવી ભાગ્યદુર્બલ.
કલંકમાંથી બચવા—બચાવવા
તને ય સાથે—જગનાથ સોંપ્યો
અબોલ મોંઘો શિશુ પેટનો જણ્યો.
જાણી: ભલે જીવી કદીક ક્યિરે
અજ્ઞાત ખૂણે જગને; પ્રતાપ તે
ઓછો જ ઢાંક્યો કદિ ક્યાંય રહેશે?
પૃચ્છું, યશસ્વી, સ્મરતો તું ઘોર
અન્યાય જે કાંઈ તને થયેલ,
તો શી હશે કારમા આત્મવેદના
કુંતી તણી, છાતીથી બાળ ધાવતો
આડું કરી મોં હડસેલી દેતાં!
કલ્પી દશા એ કદિ માતૃઉરની!

....મહાભારતમાં કર્ણનું પાત્ર એના વીરત્વથી અને કરુણતાથી બહુ જ ધ્યાન ખેંચે એવું છે. એનું વીરત્વ એવું છે કે જો એ પાંડવોને જઇ મળે તો એક વાર તો કદાચ કૌરવો લડાઈ કરવાનો વિચાર પણ માંડી વાળે. પણ પોતાની જાતને વફાદાર રહેવા, સામે નાશ ઊભો છે એવી ચોક્કસ પ્રતીતિ છતાં, કર્ણ કૃષ્ણના પ્રલોભનને,—પાંડવો સાથે મળી, પાટવી બની, ભવિષ્યમાં ભારતવર્ષના રાજા થવાની તકને—ઠોકરે મારે છે અને કૌરવોને એમની કપરી વેળાએ વળગી રહે છે. એ એના જીવનની પરમ કરુણતા છે. કાંઈક એનો ખ્યાલ આપવા આ સંવાદ યોજ્યો છે. (કર્ણના વધુ સ્પષ્ટ પાત્રાલેખન માટે જિજ્ઞાસુએ 'ગુજરાત સમાચાર'ના ૧૯૪૫ના દીપોત્સવી અંકમાં આ લેખકનો મહાભારત ઉપરનો લેખ જોવો.)

જે માતના શોણિતપોષણે તું
જન્મ્યો, વહે જેહનું રક્ત તારી
નસેનસે આ ઘડીએ ય વેગથી;
જેની મૃદુમીઠી મુખાકૃતિની
તારે મુખે અંકનરેખ આછી;
ને જેહના કોમલ પાદયુગ્મની
શોભા વસી આ તવ પાયયુગ્મમાં.
—એ પાયયુગ્મો! સ્મરું છું, યુધિષ્ઠિરે
કહેલું કોદિ વનવાસગોષ્ઠિમાં
કે કેમ જોઈ ચરણો અરે તવ
કુંતી તણાં એ ચરણો સમાન,
શમી જતી ચિત્ત વિષે સ્ફુરંતી
એ સૌમ્ય ને શાન્તમના મહાત્મની
પ્રકોપ–ઊર્મિ ઊઠતી જ એવી
જ્યારે તપ્યા તેલ સમાં કુવાક્યો
સુણાવતો'તો તું ભરી સભામહીં
અવસ્ત્ર એકાકિની દ્રૌપદીને.

કર્ણ: હા! દ્રૌપદી! પંચપતિ વરેલી
તથાપિ આયુષ્યની જે અનાથા!
ન વાત છેડો, કિરીટિસખા, એ.
સૌભાગ્ય એ પંચવિધ પ્રશસ્ય
છો ભોગવે તે અભિજાતકન્યા.
ઉખેળશો ના પડ ભૂતકાલનાં.
સંકોરશો અગ્નિ ન માનહાનિનો.
વેગે જઈ સન્મુખ તેડી લાવો
એ દ્રૌપદીજિત્ અભિજાત અર્જુન.
યુદ્ધાંગણે કાલ જુએ ન કોણ
કુજાત કે કોણ વળી સુજાત.

કૃષ્ણ: એ ક્રોધ, એ ચિત્તનું કાલકૂટ,
સંતોનું એ પેય પીયૂષ પુણ્ય,
પા જા, પી જા, કર્ણ, એ રોષ પી જા!
જણનારાંના, કર્ણ, એ દોષ પી જા!
ન કુંતીના દોષની હોય શિક્ષા
કો પુત્રને, પુત્રની વા વધૂને.
ને એ વધૂ, વત્સ, ચડાવી આજ્ઞા
કુંતી તણી મસ્તક, સેવતી સુખે
ક્રમેક્રમે પંચ પ્રતાપી ભર્તા,
ક્રમેક્રમે તેવી જ સેવશે સુખે
એ પંચના અગ્રજ જ્યેષ્ઠ કર્ણને.

કર્ણ: ના, કૃષ્ણ, ના, હોય ન એવી વાર્તા
આજે હવે જીવનઅસ્તવેળા.
આજે હવે પુત્રઘરે ય પારણાં.
એ પુત્રપૌત્ર વળી પત્નીહૈયે
ગૂંથાઈગૂંથાઈ ગયું જ એવું
આ હૈયું કે ઊતરડી તહીંથી
ન ખેંચવાનું રહ્યું શક્ય હાવાં.
ને શક્ય એ હોય તથાપિ શોભે
ધર્મિષ્ઠને આપણને શું એવું?!
અને થશે હાનિ ન માતને તો.
કુંતી તણા પ્રૌઢપ્રતાપી પુત્રો
તે પાંચના પાંચ રહો સુરક્ષિત,
મારે લીધે, અર્જુન મૃત્યુ પામતાં,
મારે મર્યે, અર્જુનને લીધે વા.
પરંતુ હે પાંડવસારથિ, કદી
એકી સાથે' દ્રૌપદીને ન શોભે
ભર્તાસ્થાને કર્ણ ને—ને કિરીટી.
જાઓ, લાવો, કૃષ્ણ, શ્વેતાશ્વશોભિતે
રથે વિરાજંત રણે ધનંજય.
હવે અમે જો ચડીએ ન યુદ્ધે,
વીરત્વ તે અર્જુનનું ય લાજે,
લાજે વળી પૌરુષ અંગરાજનું.
આજે હવે, એ વિધિના ધનુષ્યથી
છૂટી ચૂકેલાં શરશા અમે એ
યુદ્ધેષુ કર્ણાર્જુન. કોણ બાણ
વીંધે બીજાને રહ્યું એ જ દેખવું.
છો વિશ્વ ન્યાળે રણ કર્ણપાર્થનું.

કૃષ્ણ: અહો! જનોની ચિર યુદ્ધશ્રદ્ધા!

કર્ણ: ને હે મહાત્મન્! વિનતી . . .

કૃષ્ણ: તને છે
મારે ય છેલ્લી કરવાની, કર્ણ.
શું ધારતો ભીષ્મ વિષે, મહારથી?

કર્ણ: મહારથી! એ ઉપહાસશબ્દ
ઉચ્ચારિયો, કૃષ્ણ, તમે સુજાડવા
મને કરેલાં અપમાન ભીષ્મે
ઊભી થઈ જાય શિખા પ્રકોપે

એવાં તહીં ઘોષયાત્રા પ્રસંગે,
વિરાટઝાંપે, વળી અન્ય કૈંક
યુદ્ધાંગણે?—ને હું મહારથી થઈ
સાંખી રહ્યો મૂઢ વિમાનના બધા?

કૃષ્ણ: ને એ જ સેનાધિપતિ થશે ને
ગાંગેય સૌ કૌરવના રણાંગણે?

કર્ણ: હા. એ જ સેનાધિપતિ થશે.

કૃષ્ણ: ને
નીચું કરીને મુખ આ મહારથી
ગાંગેય નીચે રહી યુદ્ધ મ્હાલશે'

કર્ણ: ઘટે નહીં, હે યદુવીર, બોલવા
ઘણો રુઝ્યા–અર્ધરુઝ્યા બીજાના.
જાણો છતાં જીભ ઉઘાડવા કાં
મથો તમે કર્ણની જન્મમીંઢી?
એ તુચ્છકારો, અપમાન કારમાં,
કોઠે મને એ સહુ છે પડી ગયાં.
ગાંગેય ખીજે કયમ આમ આકળા
મારી પરે, કૃષ્ણથી છે અજાણ્યું તે?
એ શૌર્યના ધોધ સમાન ભીષ્મનેં
વીરત્વ તો મારું ઘણું ગમે છે,
એ ક્ષાત્રના રક્ષકને પરંતુ
કુજન્મ મારો કપરો કરે છે.
હું કૌરવોમાં રહી કૌરવોની
ગાંગેયથી યે કરું ઝાઝી રક્ષા,
છે એ જ પ્રત્યુત્તર ભીષ્મયોગ્ય,
અને ન કે આજ બનું હું પાંડવ.
તો તો અરે કર્ણ મટે અને રહે
કો પ્રેત, જેને બહુમાનથી કહે
એ એ જ ગાંગેય ઉમંગભેર:
'તપ્યાં કરો પૌરુષ તારું, પાંડવ!'
એ પ્રીતિની અંજલિ પાંડુને જશે,
ન કર્ણને તો લવલેશ, કૃષ્ણ.
હું કર્ણ, હું કર્ણ, ન પાંડુપુત્ર,
સ્વીકારવું પ્હેલું ઘટે જ એહ.
સ્થાપીશ વ્યક્તિત્વની વીરતા હું
સુજન્મના પૈતૃક લાભ માથે.

કૃષ્ણ: નિઃશબ્દ છું, કર્ણ, હું જોઈ ભારતે
ગુંથાયલી જાળ કરાળ કાળની,
ને મધ્યમાં દેખી તને ફસાયો;
પ્રયોજતો પૌરુષ મૃત્યુઘેરું
એકાકી શો તું અસહાય થૈને.
તને ન ચિંતા, બધી કાળજાળ
થશે ઘડીમાં કયમ છિન્નભિન્ન.
તું વ્યક્તિ આડે ન જુએ સમષ્ટિને.

કર્ણ: વર્ષો લગી એ કરી ધર્મચિંતા,
ને વેઠી કૈં વર્ષ સુધી અનિદ્રા.
હું પૂછું: 'સૌ પાંડવ યુદ્ધસજ્જ
ઊભા, કહો તે શિદ?' બોલશો તમે:
'જે ન્યાયનો તે અધિકાર પામવા',
જે ન્યાયનો, કારણ 'જન્મસિદ્ધ'.
તો કૃષ્ણ, હું યે મુજ જન્મસિદ્ધ
મથી રહ્યો છું અધિકાર પામવા,
કે હીનજન્મે નવ હીનમાનવ,
કે હીનકર્મે કરી હીનમાનવ.
મથી રહ્યો હું નવ વ્યક્તિ કાજ,
લડી રહ્યો હું ય સમષ્ટિ કાજ.
સમષ્ટિમાં જે સહુ જન્મહીણાં
જીવે, વળી ભાવિ વિષે ય જીવશે,
એ સર્વનાં જન્મકલંક કેરો
અન્યાય ધોવા મથું છું સ્વરક્તથી.
મારે ય હૈયે હિત છે સમષ્ટિનું,
સ્વયંવરે જીવનસુંદરીના
જોવાય ના જન્મ, પરંતુ પૌરુષ,
—એ સ્થાપવા જીવું છું ને મરીશ.
સમષ્ટિના સત્યનું હું ય રશ્મિ.
મનુષ્ય જે જન્મથકી દુભાયાં
તેનું રચું ઉજ્જ્વલ ભાવિ આજ હું.

કૃષ્ણ: અંધારી આવે મુજ આંખ આડે
એ ભાવિ સામા દગ માંડતાંમાં.
ધર્મજ્ઞ, છો જે તુજને રુચ્યું . . .

કર્ણ: જતાં જતાં
કાને ધરો જે કહું આટલુંક:
ન લેશ આની કદિ થાય જાણ
સ્વપ્ને ય તે પાટવી ધર્મરાજને.
સ્વીકારશે એ, નહિ તો, ન ધર્મવિત્
ક્ષણાર્ધ માટે પણ રાજ્ય રાજા.

ને આપશે જો મુજને ગણી વડો,
રાખીશ હું એક ઘડી ન રાજ્ય
સોંપ્યા વિના કૌરવરાજવીને,
મૈત્રીપ્રભાવે જીવું છું હું જેના.
થશે ન એ શોભતું, ધર્મબંધુ.
ભલે થતા રાજવી ધર્મરાજ,
છે કૃષ્ણ જેને સચિવ પ્રબુદ્ધ
ને સવ્યસાચી સમ યુદ્ધવીર.
કૃષ્ણ : તો ઠીક ત્યારે ફરી યુદ્ધભોમે.
કર્ણ : હા. યુદ્ધભોમે ફરી, પાર્થસારથિ,
મળીશું પ્રેમે.
કૃષ્ણ : પ્રિય, ત્યાં રણાંગણે
ન ચાલશે દ્યૂતસભાનું કૂડ,
પાસાની આડાઅવળી ભૂંડી કળા.
પ્રત્યુત્તરો જ્યાં શરથી શરોના.
કર્ણ : એ ભીતિ ના દંડની હોય કર્ણને.
એ ભીતિ? કે જીવનલ્હાણ ભવ્ય?
જેમાં કલંકો અપજન્મનાં બધાં
ધોવાઈ રહેશે થઈ કીર્તિશુભ્ર;
ને જે લીધે આખર કોક દિ તો
કુજન્મનો અંતર કોરનારો
કાંટો કઢાશે શુચિ મૃત્યુસોયથી.
કલંક વેઠ્યું અપજન્મનું ભલે
કલંક ફરશે અપમૃત્યુનું ન કો.
કૃષ્ણ : સુબાહુ, થંભ્યો રથ... ઇન્દ્રપ્રસ્થે
છે કુંતીને એક જ પુત્ર, જોજે
રહે ન એ વંચિત માતૃભક્તિથી.
કર્ણ : લો ઊતરૂં.... ચક્ષુથી ઊભરાતું
આ અશ્રુ તે અંજલિ માતૃભક્તિની.
હવે નહીં જન્મ, ન જોવું જીવન,
હવે રહ્યું જ્યાં ધ્રુવ મૃત્યુ એક....
જાઉં હવે.... કૃષ્ણ જુઓ જુઓ તો
ધરી થકી ચક્ર પડી જુદાં સરે
જુદે જુદે માર્ગ અને વિભિન્ન
અપંગ ઊભે રથ થંભી જેમ,
એવો સર્વે આપણ ભિન્ન માર્ગે
થંભી ઊભો ભારતનો મહારથ
શો ખોટકાઇ અહીં કારમો! અરે
થયા અદશ્યે તહીં કૃષ્ણ ક્યારના
દ્રુમો પૂંઠે. ને જગ જોઇને આ
હસી રહ્યો અંબરગોખ સૂર્ય.

ઉમાશંકર જોષી

जूनी जाहोजलाली

પૈઠણમાં ત્યાંની જૂની જાહોજલાલી વિષે એક વાત સાંભળી. જૂની આખ્યાયિકા તરીકે નોંધવા જેવી છે. એક વાર પેશ્વા પૈઠણ આવ્યા હતા અને પૈઠણની ભાગોળે એમણે પોતાના તંબૂ તાણ્યા હતા. પૈઠણના એક વેપારીને થયું કે પેશ્વાની દીકરીને પોતાને ત્યાં 'હળદીકુંકુ' માટે બોલાવીએ. એણે પોતાના નાના દીકરાને આમંત્રણ આપવા પેશ્વા પાસે મોકલ્યો. પેશ્વાને થયું કે એક વેપારી મારી દીકરીને પોતાને ત્યાં બોલાવે છે, અને આમંત્રણ આપવા પોતે ન આવતાં પોતાના દીકરાને મોકલે છે! એની સંપત્તિ કેટલીક હશે? એણે જવાબ મોકલ્યો કે 'મારા તંબૂથી તમારા ઘર સુધી જો રૂપીઆની થેલીઓ પાથરશો તો એના પર થઇને મારી દીકરી તમારે ત્યાં આવશે. એ ક્યાંયે જમીન ઉપર પગ નહિ મૂકે. એ શરત મંજૂર હોય તો કહેજો.' દીકરો પિતાને પૂછવા આવ્યો. પિતાને દીકરા ઉપર એવો તો ગુસ્સો ચઢ્યો! દીકરાની નિર્ભર્ત્સના કરી એણે કહ્યું, 'એમાં તે પૂછવા શું આવ્યો? તારે તારી મેળે જ હા પાડવી'તી ને? પણ કાંઇ નહિ; હજી બાજી સચવાય એમ છે. ફરી જઇને કહે કે મારા પિતાશ્રી પૂછે છે કે 'જાતજાતના સિક્કાઓ ચાલશે કે બધા રૂપીઆ એક જ ટંકશાળના હોય એવો આગ્રહ છે? એવો આગ્રહ હોય તો મારે જરા થેલીઓ વીણીવીણીને નોખી કરવી પડશે.'

પેશ્વા સમજી ગયા કે આ કાંઇ કાચી આસામી નથી. એણે આમંત્રણ સ્વીકાર્યું.

જે થેલીઓ પગ તળે પાથરવામાં આવી હતી તે પાછી ઘરમાં ન અણાય એટલા ખાતર વેપારીએ એ પૈસામાંથી ગોદાવરીને એક મોટો ઘાટ બાંધી આપ્યો અને એ પ્રસંગનું સ્મારક કર્યું.

(૧૮-૯-૪૦) दत्तात्रेय बालकृष्ण कालेलकर



મુંબાઈની આર્ટ સોસાઍટીનું વાર્ષિક પ્રદર્શન

● આ વર્ષનું પ્રદર્શન પચાસમું હતું. છતાં તેની માહિતી અને ચર્ચા આપણા પ્રાંતમાં જોઇએ તેટલી થતી નથી એ આપણા સુશિક્ષિત સમાજની કળા પ્રત્યેની બેપરવાઇ, અજ્ઞાન અને સંસ્કારશૂન્યતા નજરે પાડે છે. એક તરફ લાખો રૂપિયાના ખર્ચે આલેશાન ઈમારતો થયા કરતી હોય, હજારોની મોટરો તથા પેટ્રોલના ખર્ચનો હિસાબ રહેતો ન હોય અને બાનુઓએ કરેલાં ફર્નિચરો તથા શણગારોમાં શ્રીમંતાઇની સીમા આવી જતી હોય, ત્યારે સંસ્કારદૃષ્ટિ આપનારી કલા માંડમાંડ પોતાની લજ્જા સંભાળી એક ખૂણે પોતાનું અસ્તિત્વ ટકાવી પોતાના ભક્તોને મામૂલી આશ્વાસન આપતી એકાદ પર્વ ઊજવી રહી હોય અને એના સત્કાર માટે એક દિવસના પેટ્રોલના ખર્ચ પૂરતો ઉપાહાર આપવાની પણ ઇચ્છા મુંબાઇ જેવી નગરીમાં કોઇ ના બતાવી શકે ત્યારે એ નાગરિકતાની શોભા શી?

પૂર્વ પરિચય

● આ સોસાઍટીની સ્થાપના ઈ. ૧૮૮૮માં કેટલાક નિજાનંદ ખાતર કલાની ઉપાસના કરનારાઓએ કરી; અને સ્થાનિક પ્રજામાં તેનો રસ ઉત્પન્ન કરવાનો અભિલાષ રાખ્યો. એ વખતે પણ હિંદમાં આવતાં કેટલાં યે અંગ્રેજ સ્ત્રીપુરુષો આલેખન અને ચિત્રણા જાણનારાં મળી આવતાં. આ શોખનો તે રોજ અભ્યાસ ન રહે તો જરૂર તે ટળી જાય. એટલે એવાએવાને જાહેરમાં કામ બતાવવાની તક કરી આપવી, ચર્ચાઓ કરવી, ચાંદો ઇનામો ને પ્રમાણપત્રો આપી કલાની કદર કરવી, એવીએવી પ્રવૃત્તિ કરીને સોસાઍટીએ એક પ્રકારનું કલાનું જગત જમાવ્યું હતું. જુદીજુદી કલાશાળાઓના વિદ્યાર્થીઓને પણ એ પ્રદર્શનોમાંથી કંઇક ઉત્તેજના ને ઉદ્દીપના મળી રહેતાં અને ઘણીવાર એ પ્રદર્શનમાં જ તેમને આશ્રયદાતાઓ પણ મળી રહેતા. માત્ર ૧૦ રૂપિયાના વાર્ષિક લવાજમ ભરનારા કેટલાક મુંબાઇના સભ્યો ઉપર જ સોસાઍટીના ખર્ચનો આધાર હતો. તેમાંથી નિષ્ણાતો પાસે ચિત્રપરીક્ષણ કરાવી ઇનામો અને ચંદ્રકો અપાતા. એ વખતે દેશની સ્થિતિ અનુસાર ચિત્રપરીક્ષણમાં કડકાઇ કરતાં ઉત્તેજનનો હેતુ જ આગળપડતો રહેતો.

કસોટીના દિવસો

● શરૂઆતમાં આ પ્રદર્શનો સેક્રેટરિયેટમાં જ ખાનગી મેળાવડામાં સભ્યોને માટે યોજાતાં અને એ પ્રસંગે નામદાર ગવર્નરની હાજરી અવશ્ય હોય. તેમના મુંબાઇના નિવાસ દરમિયાન એ પણ એક કાર્યક્રમ ગણાતો. ઈ. ૧૮૯૯માં ટાઉન હૉલમાં પ્રથમ પ્રદર્શન થયું, પણ તેને બહુ સફળતા મળી ન હતી. ઇ. ૧૯૦૦ની સાલમાં પ્રદર્શન થઈ શક્યું જ નહિ અને સર જે. જે. સ્કુલ ઑફ આર્ટમાં સોસાઍટીનું થાણું કરવું પડ્યું. પણ તેથી આ પ્રદર્શન એક સરકારી ખાતું ગણાઈ જઇને, તેને પૈસા પૂરતા હશે એવી માન્યતા લોકોમાં પ્રસરી. વળી એ જગ્યાએ લોકોના અવરજવર પણ ઓછા હોવાથી પ્રદર્શનને પ્રેક્ષકોની તંગી પડવા માંડી, એટલે ઈ. ૧૯૦૬માં કેટલીક ભાંજગડ કરીને સોસાઍટી એ બંદીખાનેથી મુક્ત થઇ અને ટાઉન હૉલમાં પાછી દેખાઇ. ત્યાર પછી તેનાં પ્રદર્શનો ઉત્તરોત્તર લોકાકર્ષણ તો કરતાં થયાં છે, પરંતુ કલાકારોને હજી જોઈએ તેવો આશ્રય અને તકો સાંપડતાં નથી...

જગતની કલાઓનું પ્રતિનિધિત્વ

● આ સોસાઍટીએ આજ સુધીમાં આખા હિંદુસ્તાનના ખૂણેખૂણાના કલાકારોને સ્વતંત્ર અને કોઈ પણ સરકારી ખાતાના અંકુશ બહાર પોતાની કલાકૃતિઓ જાહેર જનતા આગળ રજૂ કરવાની તક ઊભી કરી આપી છે. અનેક ઊગતા હિંદી કલાકારોની કદર અને પ્રસિદ્ધિમાં તેનો સમર્થ ફાળો છે. હિંદમાં કળા વિષે જે અભિનવ જાગૃતિ અને સમજણ પેદા થયાં છે તેનો ક્રમેક્રમે આ સોસાઍટીનાં પ્રદર્શનોમાં આદર થતો રહ્યો છે અને આજે તો સોસાઍટીનાં પ્રદર્શનોમાં અનેક સંપ્રદાયની સુયોગ્ય કલાકૃતિઓ વિનાસંકોચ સ્થાન પામતી જાય છે. એક વખત રાજા રવિવર્માના આદર્શોમાં રૂઢ થઇ પડેલી ચિત્રકલા આજે અજંતા, રાજપુત, ગુજરાત વગેરે ચિત્રશૈલીની પરંપરાનો તાર પાછો સાંધી રહે છે. બીજી તરફ યુરોપની જૂની ફોટોગ્રાફિક શૈલીનો કલાસંપ્રદાય ઓસરતો જાય છે અને ઈમ્પ્રેશનિસ્ટ, રીઆલિસ્ટ, સર્રિઆલિસ્ટ, મૉડર્નિસ્ટ, ક્યૂબિસ્ટ વગેરેનું પ્રતિનિધિત્વ દાખવતી કૃતિઓ પણ આ પ્રદર્શનમાં આવવા લાગી છે.

હિંદી કળા બહુ મોડી પડી

● હિંદની તળપદી ચિત્રકળાના વિષયમાં ઈ. ૧૯૧૬ સુધી તો ભાગ્યે જ આ સોસાઍટીએ જરા યે કંઈ આગળપડતી

નજર દોડાવી હશે. જે વખતે બંગાળમાં 'ઓરીએન્ટલ આર્ટ સોસાએટી સ્થપાઈ હતી' અને બંગાળના ગવર્નર લૉર્ડ રોનાલ્ડશે પોતે અભિનવ હિંદી કળાની થતી કૃતિઓ ખરીદી લેતા હતા, જ્યારે હૅવેલ અને અવનીન્દ્રનાથ ટાગોર હિંદી કળાનાં સ્વતંત્ર ચિત્રો પારીસ, અમેરિકા અને જાપાનમાં ભરી ચૂક્યા હતા તે વખતે મુંબાઈમાં માત્ર શેઠ પુરુષોત્તમ વિશ્રામ અને સર કાવસજી કે સુરતવાળા હરગોવિંદદાસ પારેખ જ હિંદી ચિત્રોનો સંગ્રહ કરતા હતા. છતાં મુંબાઈની ચિત્રશાળા અથવા મુંબાઈના ચિત્રકારોએ તેને અપનાવવાની લેશ પણ ચેષ્ટા કરી ન હતી. ઊલટું બંગાળનાં ચિત્રો પ્રતિ કટાક્ષ અને હાંસી મુંબાઇના કલાજગતમાં થયા કરતાં. સાધારણ માન્યતા એવી થઇ ગઇ હતી કે હિંદી કલા તરફ ચિત્રકારોને આકર્ષીને પરદેશીઓ પોતાનું ધંધાનું ક્ષેત્ર બીનહરીફ રાખવા માગે છે. એટલે ઇ. ૧૯૨૭માં આ લેખના લેખકને જ મુંબઇની આર્ટ સોસાએટીએ જ્યારે હિંદી ઢગે ચીતરાએલા એક ચિત્ર પર પહેલી વાર સુવર્ણચંદ્રક આપ્યો ત્યારે મુંબાઇની ચિત્રશાળામાં અને ચિત્રકારમંડળમાં એક ધડાકો થવા જેવું બન્યું હતું. જામેજમશેદના 'આર્ટનુક્તેચીન' ઉપનામથી લખતા વિવેચકે તો એ ચિત્રને 'કાપડના તાકાની છાપ' ઠરાવી એક લાંબો વિરોધલેખ તે પર લખ્યો હતો; મુંબાઇ ચિત્રશાળાના દેશી અધ્યાપકોએ નાક ઠરડયાં હતાં;



ઉદયપુરનું શાકબજાર ડી. સિલ્વા
જરૂરી ઝીણી રેખાઓ ઉપર આછા રંગની છાયા માત્ર પસારીને ચિત્રમાં વાતાવરણ રજૂ કરવામાં આવ્યું છે.

આપણા દેશી પત્રકારોની તો એ વખતે કળા ઉપર નજર ઠરાવવાની યે વૃત્તિ નહોતી. માત્ર 'વીસમી સદી'ના કલાભક્ત તંત્રી સ્વ. હાજીમહમ્મદનો રંગ જુદો હતો. ઉપરાંત 'ગુજરાતી' પત્રમાં સ્વ. રણજીતરામે એક નાનકડી અભિનંદનનોંધ લખી મોકલી હતી અને ટાઈમ્સ ઑફ ઈન્ડિયા'ના કલાવિવેચકે એ ચિત્રના બચાવમાં એક લાંબી કંડિકા છાપી હતી. આજે તે ફરીવાર વાંચીએ:


GOLD MEDALLIST'S WORK

In the department of figure composition the award of the Society's Gold Medal for the best work in the Exhibition will probably occasion some discussion, the picture selected being painted by a young artist R. M. Raval, No. 370, 'Love is not quenched by many waters.' Apart from the intrinsic qualities in the work itself, the reasons in favour of this award are obvious, namely, that of all the pictures exhibited by Indian painters in the Exhibition, this work is the one more fully embued with the spirit of Indian Art and the traditional and decorative point of view with which the art of the past has always regarded nature. That the point of view should receive all the encouragement that can be given to it, without tying the artists down to the slavish copying of old models is the accepted opinion of everyone who has the best interests of the future of Indian art in view. The picture in question has faults which are easily discernible, but these are faults of immaturity which study will rectify; but the spirit of something new and distinctly Indian is there, and apparently the judges considered this quality vastly outweighed any technical defects, and we consider they were fully justified in doing so. The more work of this character we can get from Indian artists, and the more encouragement the Art Society can give to it, the better for the artists of India, and for the interest in the Annual Exhibition.

The Times of India

સુવર્ણચંદ્રક મેળવનારનું કામ


'ચિત્રસંયોજન વિભાગમાં, આ વર્ષના પ્રદર્શનની શ્રેષ્ઠ કૃતિ તરીકે, ર. મ. રાવળ નામના એક તરુણ કલાકારના નં. ૩૭૦ના, 'પ્રેમને પાણીનાં પૂર ખાળી શકતાં નથી' (બિલ્વમંગળ) એ નામના ચિત્રને સોસાએટીનો સુવર્ણચંદ્રક



સુખદુઃખનાં સાથી

ચિત્રકાર • કુમારી વનલીલા કિનારીવાળા

કુમારી વનલીલાને આર્ટ સોસાએટી તરફથી 'વિદ્યાર્થીકૃતિ'નું પારિતોષિક મળ્યું છે, એ આ કૃતિ જોનારને સુયોગ્ય જ લાગશે. જેવી શુદ્ધિ તેમણે દૃશ્યાલેખનમાં બતાવી છે તેવી પાત્રાલેખનમાં હોત તો ચિત્ર ખરેખર એક શ્રેષ્ઠ કૃતિ બની રહેત. છતાં ચિત્ર પોતાની ભાવવ્યંજનાથી કલાનો ઉત્તમ આદર્શ પૂરો પાડી શક્યું છે.



મુંબાઈની કલાશાળાનાં વિદ્યાર્થિની કુ. કમલિની મરાઠેએ પોતાની કળામાં હિંદી કળાની સરળતા અપનાવી છે, અને કાવ્યમય ભાવો રજૂ કરવામાં સફળતા મેળવી છે. ભવિષ્યની તે એક આશાસ્પદ ચિત્રલેખા લાગે છે.

શોકનિમગ્ન

ચિત્રકાર

કુમારી કમલિની મરાઠે



દશાશ્વમેધ ઘાટ - કાશી — ચિત્રકાર - એન. એસ. બેન્દ્રે

આવી દૃશ્યચિત્રણાની લગભગ આઠ મોટી તખ્તીઓ એકસાથે રજૂ કરવા માટે 'બૉમ્બે આર્ટ સોસાએટી'નો આ સાલનો સુવર્ણચંદ્રક શ્રી બેન્દ્રેને મળ્યો છે. આવાં અસંખ્ય પારિતોષિક પામનાર એ ઉદ્યોગી તરુણ કલાકારને હજુ જનતા જોઇએ તેટલી પિછાનતી નથી. તેની પીંછી કુદરતમાંથી એક પ્રકારની રંગોની ભભકભરી સુરાવટ શોધી રહી હોય છે; એટલે એમાં આકારોની ઝીણવટ શોધનાર કદાચ નિરાશ થાય. પણ આવી રમતી લહરતી પીંછી ભાગ્યેજ કોઇ હિંદી કલાકારે પ્રાપ્ત કરી છે.



બાબુલનાથનો મેળો — ચિત્રકાર - કૃષ્ણાજી આરા

આ સ્વયંશિક્ષિત કલાકારને વાચકો ૨૦૦મા અંકથી ઓળખતા થયા છે. આ ચિત્રમાં તે વળી નવા જ પ્રયોગ ઉપર હાથ અજમાવે છે. મુંબાઇના બાબુલનાથના મંદિરના દરવાજા પાસે મળેલી મેદનીનો માનવ ખળભળાટ અને કોલાહલ રજૂ કરવા તેણે ૨૦×૩૦ ઈંચના કાગળ પર રેખાવતી પીંછી ઘુમાવી બતાવી છે.

(Blocks by Courtesy of The Bombay Art Society)



નૃત્યવાદ્ય કનુ દેસાઈ

વાદ્યોના સ્વરો પર અંગભંગી કરી રહેલ નર્તિકાનું પાત્ર આ મોટા ચિત્રને સુરેખતાથી આવરી લે છે કનુ દેસાઇનું આ એક મોટા માપનું સરસ ચિત્ર છે.

આપવામાં આવ્યો છે એ પર કંઇક ચર્ચાનો પ્રસંગ મળે છે. ચિત્રના કેટલાક પોતીકા નૈસર્ગિક ગુણો બાજુએ રાખીએ તોપણ તેને આ ચંદ્રક મળવાની તરફેણનાં કારણો દેખીતાં છે. કે પ્રદર્શનમાં હિંદી ચિત્રકારોએ રજૂ કરેલાં બધાં ચિત્રો કરતાં આ કૃતિમાં હિંદી કલાતત્ત્વની તેમજ આ દેશની પ્રાચીન કલાએ કુદરતનું નિરૂપણ કરીને સ્વીકારેલી અલંકારપદ્ધતિની સૌથી વધુ ભરપૂરતા છે. સામે બેસાડેલા જીવંત પાત્રની નકલ કરવાની ગુલામી પદ્ધતિમાંથી કલાકારને ઉગારી લઇને આ દૃષ્ટિબિંદુને બની શકે તેટલું ઉત્તેજન આપવું જોઈએ, એવો આજે ભાવિ હિંદી કલાનું હિત હૈયે ધરનાર સૌ સમુદ્ધારકોનો સર્વસંમત અભિપ્રાય છે. પ્રસ્તુત ચિત્રમાં કેટલાક દેખાઈ આવતા દોષો છે, પણ એ દોષો પરિપક્વતાના અભાવે છે અને અભ્યાસથી તે દૂર થઇ જશે; પણ કંઈક અચૂક નાવિન્ય અને સ્પષ્ટ હિંદી તત્ત્વ જે એ ચિત્રમાં છે તેને જ ક્રિયાદોષો કરતાં વધારે વજન દેવું જોઈને પરીક્ષકોએ તેને પારિતોષિકયોગ્ય ઠરાવ્યું છે, અને અમે માનીએ છીએ કે તેમાં તેઓ સંપૂર્ણરીતે વ્યાજબી છે. હિંદી કલાકારો પાસેથી આ પ્રકારનું જેટલું વધારે કામ આપણને મળશે અને આર્ટ સોસાએટી એને જેટલું વધારે ઉત્તેજન અને આદર આપશે તેટલું હિંદી કલાકારોનું તેમજ સોસાએટીનાં પ્રદર્શનોનું વધુ હિત સધાશે.'

—ટાઇમ્સ ઑફ ઇન્ડિયા

આ પછી લાંબો કાળ કોઇ હિંદી કલાની ચર્ચા કરતું નથી. પ્રાચ્યવિદો હિંદી સંસ્કૃતિ અને પ્રણાલિકાઓ પર સંશોધનો કર્યાં કરે છે, પણ તેને કોઇ શિષ્ટ સ્થાન આપવા કે તેનું પ્રતિષ્ઠાસ્થાપન કરવા કોઈ આગેવાની લેતું નથી. પરંતુ કૅપ્ટન ગ્લૅડસ્ટન સૉલૉમન મુંબાઇની કલાશાળાના પ્રિન્સિપાલ થતાં અજંતાની આરતી શરૂ થાય છે. હિંદી કલાનું સંવર્ધન અને વિકાસ થવા જો સર્જાયાં હોય તો તેનાં પ્રાણપ્રતિષ્ઠા માટે તો અજંતાના જ ચીલા શોધવા પડશે એમ એમણે ભાષણોમાં અને ખાનગી પત્રોમાં વારંવાર કહ્યું છે. હિંદી કલાકારનું સાચું મૂલ્યાંકન પરદેશમાં નહિ થાય, પણ હિંદી સરકારનું હાર્દ સમજનારા હિંદીવાનો હિંદમાં જ તે કરી શકશે એ પણ એમણે શ્રી નારાયણરાવ પુરમના સ્ટુડિયોમાં કહ્યું હતું.

શ્રી જગન્નાથ અહિવાસી

● એમની પ્રિન્સિપાલ તરીકેની કારકીર્દિમાં ભાઈશ્રી જગન્નાથ અહિવાસી હિંદી કલાના એક સાચા પૂજારી તરીકે ઝળકી ઊઠયા અને તેની ઉપાસનાએ રાજપુત મુગલ કલમને પણ પૂજામંદિરમાં સ્થાન અપાવ્યું, ત્યારથી મુંબાઈની ચિત્રશાળામાં ઉત્તરોત્તર અનેક હિંદી વિદ્યાર્થીઓએ ભારતીય કળાની દીક્ષા લીધી છે અને મુંબાઇ આર્ટ સોસાએટીનાં પ્રદર્શનોમાં આખો એક વિભાગ હિંદી કળા માટે અલગ રખાવવાનું પુણ્ય મેળવ્યું છે. આમ છતાં એમાંનાં ગણ્યાંગાંઠયાં ચિત્રો જ કાળની ટક્કર લઇ શકશે એવો ભય છે.

આજે તો પ્રિન્સિપાલ ગ્રિફિથ કે પ્રિન્સિપાલ બર્ન્સના યુગના કલાકારો ઝાંખા પડી જાય એવી તેજસ્વિતા તરુણો દાખવી રહ્યા છે. એમના પોતાના ડરતાદોનાં ચિત્રો આજે



હિંડોલ અમૃત શેરગિલ

કોઈ શ્રીમંત કન્યા ઉદ્યાનના હિંડોળે ઝુલે છે અને દાસીઓ તેની તહેનાત કરે છે. શ્રીમતી શેરગિલ હિંદી કળાની સાદી રચના અને રંગવિધાનનાં તત્ત્વોને આજની પ્રણાલિમાં અપનાવવા પ્રયોગ કરી રહ્યાં છે.

ઊર્મિશૂન્ય, મંદ કલાવિધાનવાળાં અને ચિત્રકર્મની ઊણપોવાળાં લાગે છે અને આ પ્રદર્શનને આંગણે તે વીલાં પડી જાય છે. મુંબાઈમાં આજે ચિત્રકળા અને શિલ્પમાં બે પ્રકારો સ્પષ્ટપણે ખીલી રહ્યા છે. એક વર્ગ યુરોપના બહુવિધ સંપ્રદાયકોનો સીધો સંપર્ક સાધી તેમની હરોળમાં ઊભા રહીને સ્પર્ધા કરી રહ્યો છે; બીજો વર્ગ હિંદની પ્રાચીન ચિત્રપ્રણાલિકાઓનો ગાઢ અને પ્રત્યક્ષ પરિચય સાધી તેનાં તત્ત્વો વિકસાવી રહ્યો છે. આ બંને વર્ગની કદર કરનાર જનતામાં જોકે એ પ્રકારોનું સ્પષ્ટ ભાન નથી, તોપણ કલાને માણવાની, જોવાની અને સંસ્કૃતિના મહાન પ્રચારક તરીકે તેનો આદર કરવાની ઇચ્છા તો સર્વત્ર દેખાય છે.


નવી પેઢીનો કલાકાર

● આજનો તરુણ કલાકાર જૂની પેઢીથી ઘણું જ જુદી તરેહનું ભણતર પામી રહ્યો છે. જૂની પેઢીના કાલાકારે કંઇક વધારે-પડતા ધંધાર્થી ને રુઢિબદ્ધ રહેતા, પરંતુ આજનો નવો કલાકાર તો પ્રયોગના કોઇ પણ ક્ષેત્રમાં ઝૂકી પડે છે, અને તેથી જ જૂની પેઢી કરતાં તેને જીવનનિર્વાહ અને આધારની મુશ્કેલી વધુ વેઠવી પડે એવો પણ સંભવ ખરો. એમ છતાં એ સાચા કલાઉપાસકનું બિરૂદ પામી શકે એવો છે.

આ તફાવત સમજવાની આ વખતના પ્રદર્શનમાં ઘણી તકો હતી. સોસાએટીનો સુવર્ણચન્દ્રક પામનાર શ્રીએન્ડ્રેનાં દૃશ્યચિત્રો જુઓ, શ્રી દલાલ શ્રી બૅપ્ટિસ્ટા, શ્રી ડી. સિલ્વા વગેરેની કૃતિઓ જુઓ અને તેની સાથોસાથ જૂની પેઢીનાં કેટલાંએક ચિત્રો જોશો તો તમને લાગશે કે હજી પણ જૂની પેઢી ફોટોગ્રાફીની જ પ્રતિનિધિ બની રહી છે. પોતાનું કોઈ આંતરનિવેદન સચોટ ઊર્મિપ્રદર્શન કે કોઇ મનક્ષોભ દર્શાવવા તેઓ પીંછી ઉઠાવી શકતા નથી. ચિત્રકળામાં તો જૂની પેઢીના કોઈ કળાકારે નવાં ક્ષેત્રોમાં હાથ અજમાવ્યાં નથી; પણ શિલ્પમાં શ્રી વિનાયકરાવ કરમારકર જૂની અને નવી બંને પેઢીમાં અગ્રપદે રહી શકે એવી કૃતિઓ રજૂ કરી શક્યા છે. આ બાબતમાં મુંબાઇમાં વસતા યુરોપિયન ચિત્રકારો આપણા કલાકારોને દૃષ્ટાંતરૂપ બનવા જોઇએ. શ્રીમતી અમૃત શેરગિલની જોરદાર રંગાવટ અને ઊર્મિદર્શન, ટાઇમ્સ ઑફ ઇન્ડિયાના કટાક્ષકાર મિ. બાનબરીનાં ત્વરિત વિનોદમય ભાવદર્શનો, મિ માલેટના મોટા ઝડપદાર દૃશ્યાલેખો, મિસિસ બ્લન્ડેલનાં પ્રાણિચિત્રો તથા મિસિસ નાયમનનાં ગુણગંભીર પાત્રાલેખનો ને પદાર્થચિત્રો પ્રદર્શનમાં તરી આવે છે અને પ્રશંસા માગી લે છે

વિશ્વકર્માનો વારસદાર હિંદી કલાકાર

● હિંદી કલાસ્વરુપોને વિકસાવતી તરુણ પેઢી સામે ઘણાં પ્રલોભનો અને ઘણી મુસીબતો પણ છે. એ વિભાગમાં **શ્રી** ગોસ્વામીનું 'હોળી' ચિત્ર પાત્રાલેખન અને અંગમરોડમાં હિંદી લાક્ષણિકતાઓભર્યું હોવા છતાં હોળીનું ચિત્ર કર-



ભારથી નમેલો પણ સશક્ત — ડી. ડી. દલાલ

મુંબાઇના તરુણ કલાકારોમાં શ્રી દલાલે તેની સપ્રમાણ ચોટદાર આલેખનશક્તિની છાપ પાડી છે. લગભગ માણસના પૂરા કદને સમાવતું આ ચિત્ર માત્ર કોરા ગુણપાટ ઉપર પીંછીના ઝપાટાથી ચીતરાએલું છે. કલાકારની આલેખનશક્તિનો એ સચોટ પુરાવો છે.


નારા રાજપૂત ચિત્રકારોના હિસાબે કેટલું પાછું પડતું હતું? જન્મપ્રતિભા છતાં આ ચિત્રકાર યૂરોપી વાતાવરણ અને કલાનૈપુણ્યની છાયામાં સ્વત્વ ગુમાવે છે એવું લાગ્યા વિના રહેતું નથી. યૂરોપી કલાના અભ્યાસથી જે ભયસ્થાન ઊભાં થાય છે તે બરોબર સમજાવનાર કોઈ જ્ઞાતાની મુંબાઇને જરૂર છે. બીજો ભય ઊભો થાય છે તે નગ્ન દેહનું અનુચિત નિરૂપણ. જાણ્યે અજાણ્યે શાળાના અભ્યાસનો પ્રયોગ કરવા ખાતર કે ખોટું આકર્ષણ ઉત્પન્ન કરવા માટે, ગમે તે પ્રસંગોમાં શરીરના ભાગો અનુચિત રીતે ઉઘાડા રાખવાનો પ્રયોગ વધતો જાય છે. કલાકાર વિશ્વકર્માનો વારસદાર છે. તેણે કોઈ પણ સર્જનની રચના પર કાબુ મેળવવો જ જોઇએ જેટલી સૂક્ષ્મતાથી ડાકટરો માનવશરીરનું જ્ઞાન મેળવે છે તેટલી જ તટસ્થતા અને સ્વાસ્થ્યપૂર્વક તેણે માનવશરીરના વ્યવહાર અને વ્યાપાર સમજવા જોઇએ; પરંતુ જાણીબૂઝીને સામાન્ય માનવીની દૃષ્ટિથી વિશેષ પક્ષપાતદૃષ્ટિ એકાદ અવયવ પર રાખતાં તે કલાભ્રષ્ટ થાય છે.

(અનુ૦ આગળ પૃ. ૫૪મે)





ડાબી બાજુ: **પ્રધાન સ્વર** (એફ. ઈ. બાનબરી) ટાઈમ્સના આ વિખ્યાત કાર્ટુનકારે ઇંગ્લિશ વાદ્યસમૂહની મોટી સારંગીનું સ્થાન ગાંધીજીના રાષ્ટ્રવ્યૂહમાં રેંટિયાને આપી સૂતરનો તાર પ્રધાન સ્વર બનાવ્યો છે.
જમણી બાજુ: **ભેંશ અને પાડા** (એફ. ઈ. બાનબરી) કાર્ટૂનકાર બાનબરી તેનાં ત્વરિત આલેખનોમાં ગતિ ભાવ અને રંગમય વાતાવરણ ઉતારવામાં કેટલા કુશળ છે તેનો ખ્યાલ તો અસલ ચિત્રરંગમાં જોનારને જ મળે.



ઘડિયાળના ગુલામ

નિયમિતતાના 'દુર્ગુણ' વિષે શ્રી અનંત કાણેકરનો વિનોદી નિબંધ

કોઈ એક મોટા માણસ વિષે કહેવાય છે, કે એમનો જવાઆવવાનો વખત જોઇ લોકો પોતાની ઘડિયાળ બરોબર કરી લેતા. આવા માણસને મોટા કહેવાને બદલે હું તો 'ઘડિયાળનો ગુલામ' કહું! પોતાનાં સુખ અને સગવડ ખાતર માણસે ઘડિયાળની શોધ કરી; હવે આપણે ક્યારે અને શું કરવું એ સંબંધમાં ઘડિયાળ જ આપણી સાથે દાદાગીરી કરે એ કેટલું લાંછનભરેલું છે!

હું તો આ ભાઇને ચોખ્ખું ને ચટ સંભળાવી દેત કે 'ભાઈસાહેબ! અનિયમિતપણે વર્તવાથી શું થાય છે એ જોવાના કેવળ કુતૂહલથી પણ કંઈ નહિ તો એક દિવસ તો અનિયમિત રહેવું હતું!' રોજ ને રોજ તેને તે વખતે તેનું કામ કરવાની આ યાંત્રિક જડતાઇ કેવી? હું માનું છું કે 'પછી નિયમસર ચોમાસું આવે છે, એ સૃષ્ટિમાં એક નવાઇની વાત છે'* એવું પ્રખ્યાત કાવ્ય કરનાર મહાકવિ આવા લોકોનો ગુરુ હોવો જોઇએ! વખતસર ને વગર ભૂલે ચોમાસું આવે એમાં નવાઇ તે કેવી? વખતસર ન આવે તો જ નવાઇ! સૂર્ય ઊગે છે એનું કોઇને યે આશ્ચર્ય નથી થતું. પણ કોઇવાર અચાનક આકાશમાં ધૂમકેતુ મોઢું બતાવી જાય છે, એનું આપણને કેટલું બધું આશ્ચર્ય થાય છે! એ જ પ્રમાણે કોઇ દિવસ સૂર્ય ન ઊગે તો જ ખરી નવાઈ.

અનિયમિતતાથી જીવનમાં આવતું વૈચિત્ર્ય અથવા અનાયકતાની ખુમારી આ નિયમિત લોકોને જિંદગીમાં ચાખવા મળવાની નથી. આ અનાયકપણા ઉપરથી મને એક રમૂજી વાત યાદ આવે છે. એક ગૃહસ્થ હંમેશ મારાં વખાણ કરતા. અને વખાણ કોને રુચતાં નથી? એટલે મારા મનમાં એમ થતું કે ભાઈ બહુ ભલા હોવા જોઇએ; અને મારે વિષે એમને ઊંચો મત હોવો જોઇએ એમ પણ હું માનતો હતો. એકવાર એ ભાઇએ મને ત્રણ વાગ્યે ચા પીવા નોતર્યો હતો; પરંતુ કંઇક કારણસર હું અઢી વાગ્યે એમના બારણા આગળ જઈ પહોંચ્યો. મારા આવવાની અંદર કોઇને ખબર ન હતી, તેથી હું જોડા ઉતારતો હતો તે વેળા મારે વિષે બીજા એક મિત્રને એ ભાઈસાહેબે કહેલા શબ્દો મારે કાને પડ્યા: 'પેલી પીડા આવશે હવે ત્રણ વાગ્યે! ખરું પૂછો તો હું આજે એને બોલાવવાનો યે ન હતો! પણ મનમાં થયું કે વકીલ છે ને મફત નોટીસો આપવા કોઈ વાર કામમાં આવે છે!'

જરા યે અવાજ કર્યા વગર પાછે પગલે હું ઘેર વળી ગયો. બીજે દિવસે એ ભાઇ રસ્તામાં મળ્યા અને એક કાનથી બીજા કાન સુધીનું આખું મોઢું હસતું બનાવી મૂકી ઘણી જ લાગણીથી મને કહે: 'આખરે કાલે તમે ન જ આવ્યા ને? અમે તો એવા નિરાશ થઈ ગયા કે ન પૂછો વાત!'

'એમ?' હું બોલ્યો.

પણ ઉપરના દાખલા પરથી જો કોઇ હંમેશાં અનિયમિતપણે જ વર્તવાનો નિયમ કરે તો એ પણ પાછી એક નિયમિતતા જ બની જઇને તેના દોષ એટલા જ કંટાળાભર્યા થવાના. એવા જ એક ભાઈ છે. તમે એમને પાંચ વાગ્યે ચા પીવા બોલાવો તો ભાઈ બરાબર છ વાગે આવવાના! એની આ અનિયમિતતા એટલી તો નિયમિત થઈ ગઈ છે કે અમારે એને પાંચ વાગ્યે ચા પીવા બોલાવવો હોય તો 'ચાર વાગ્યે આવજે' એમ કહી દઇએ. આવી અનિયમિતતાનો પણ જરા યે અર્થ નથી.

નિયમિતતા વિષે ભાષણ કરતા વક્તાઓ મોટા કંઠરવ કરીકરીને રોજ આપણને સમજાવે છે કે સમરાંગણ પર નેપોલિયનનો વિજય થતો એનું એ જ કારણ હતું

*नेमेचि येतो मग पावसाळा। हें सृष्टिचें कौतुक जाण बाळा॥

કે એ દર વખતે નક્કી કરેલા વખત પૂર્વે દસ જ મિનિટ રણાંગણ પર હાજર થઇ જતો. પહેલી વાત તો એ કે, દસ મિનિટ અગાઉ હાજર થવું એમાં લેશમાત્ર નિયમિતતા નથી. અને બીજું એ કે, નેપોલિયન જો દસ મિનિટ પહેલાં આવતો, તો એના દુશ્મનોએ એક જ વસ્તુ કરવી જોઇતી હતી: નેપોલિયન આવવાના વખતની જાણ થાય કે એના આવતાં પહેલાં પંદર જ મિનિટે મેદાન પર ધામા નાખવાના' પણ મને લાગે છે કે આ વાતમાં સત્ય છે જ નહિ. નેપોલિયન એટલો મૂર્ખ હોત તો કદી પણ યશસ્વી થાત નહિ. હું માનું છું કે કોકવાર અગાઉ નક્કી કરેલા વખત કરતાં દસ પંદર મિનિટે, તો કોકવાર બેચાર કલાક મોડો, એમ જ એ યુદ્ધક્ષેત્ર પર જતો હશે! અને તેથી જ એના શત્રુઓ ગુંચવાઇ જઇને પરાજય પામતા હોવા જોઇએ, નહિ તો, સાડા ત્રણનો વખત હોય તો ત્રણ ને વીસે એ સમરાંગણ પર આવવાનો ચોક્કસ, એટલી ખબર હોવા છતાં જો એના શત્રુઓ વખતસર આવવામાં સફળતા ન મેળવતા હોત નો તો તેઓ ઘોઆ જ હોવા જોઇએ; અને આવા ઘોઆઓને જ જો નેપોલિયને હરાવ્યા હોય તો મને એમાં એની પણ મોટાઇ જરા યે દેખાતી નથી!

પણ નેપોલિયનની વાત કરવા શા માટે જઇએ? આવી હુશ્યારી કરીને તો મેં પોતે કેટલા યે દુશ્મનોના હુમલા પાછા હઠાવ્યા છે. એકવાર એવું બન્યું કે નિશાળનો મારો એક દોસ્ત ઘણાં વરસ પછી રસ્તામાં મને મળ્યો. હાલ પોતે એક વીમા કંપનીનો એજંટ છે, એમ વાતોમાં એનાથી બોલાઈ ગયું. અને જરા રહીને મને એણે સવાલ કર્યો કે 'ઘેર તને મળવા આવવું હોય તો તને કયો વખત અનુકૂળ આવશે?' આ સાદા સવાલની પાછળ ડોકિયું કરતો એનો પાપી હેતુ હું તરત જ સમજી ગયો! નિશાળમાં એની સાથે ભાઇબંધી કરી એ અપરાધનું વેર એ ભાઇ આ રીતે લેશે એવો મને જરાયે ખ્યાલ ન હતો! હસતાંહસતાં મેં જવાબ આપ્યો, 'ઘણું કરીને સવારે ને સાંજે તો હું ઘરમાં જ રહું છું.' તે દિવસથી મારા બધાં કામો માટે સવારસાંજ બહાર ફરવું ફક્ત અને બપોરે તથા મધરાત પછી ઘરમાં રહેવું એવો ક્રમ મેં આરંભ્યો. એ અરસામાં એ ઘણી વાર મારે ત્યાં આવી ગયો એવી મને ખબર પડી. એટલામાં એક ભયંકર વિચારથી મારી છાતીમાં જાણે એકદમ ગોળો ચડી આવ્યો! આથી તો હું ભળતી જ નિયમિત અનિયમિતતા ચલાવી રહ્યો હતો! એકદમ પોતાનો મોરચો બદલી કોઇ દિવસ એ ભાઇ મારે ત્યાં બપોરના જ આવી ચડે તો? ફરી બીજા દિવસથી મેં નવા કાર્યક્રમની શરૂઆત કરી અને સવારસાંજ ઘરમાં રહેવાનું તથા બપોરના ફરવા નીકળવાનું રાખ્યું. મારી આ વ્યૂહરચના નેપોલિયન કરતાં યે વધારે સફળ થઇ અને આજની ઘડી સુધી મારો વીમો ઉતરાવેલો નથી!

નહિ તો, વખતસર જઇએ રોજ, આપણે અને આપણા જવાઆવવા પર ઘડિયાળો મેળવાય લોકોની!

(મરાઠી પરથી) **વસંત જોષી**

મારી નજરે (અનુસંધાન પૃ. ૫૨થી)

શિલ્પવિભાગમાં, હિંદી પ્રણાલિપર સુંદર નાનાં મૂર્તિશિલ્પનો કરનાર ઊગતા કલાકાર શ્રી ત્રિપાઠી આદર પામી શકે એવી કૃતિઓ રજૂ કરે છે. છેલ્લાં દસ વર્ષથી હિંદી સ્ત્રી કલાકારોની પૂરણી વધતી જાય છે. શ્રીમતી રતિ બિટિટ, શ્રીમતી કુમી, દાલાસ, શ્રીમતી નિર્મલા, કુમારી મરાઠે, શ્રીમતી ગોડબોલે, કુમારી જાદવ વગેરે નામાવલિમાં ગુજરાતનાં કુમારી વનલીલા કિનારીવાલાનું નામ આ વર્ષે ઉમેરાય છે. સ્ત્રી શિલ્પીઓમાં કુમારી શેરૂ સિદ્ધાનું કામ આશાસ્પદ છે.

'કુમાર'ના જાણીતા કલાકાર શ્રી કનુ દેસાઈ અને ત્રિગુણાતીત પંચોલીને પણ આ વર્ષે આ પ્રદર્શનમાંથી સારાં ઇનામો મળ્યા છે.

કલાપ્રચાર કેમ વધે

ફોટોગ્રાફી અને સ્થાપત્યના કલાત્મક પ્રકારોને પણ આ પ્રદર્શનમાં સ્થાન અપાય છે પરંતુ તેના વિષે જનતામાં રસ લેવાની વૃત્તિ બહુ જ મંદ હોય એવું લાગે છે. આ પ્રદર્શનના અનુસંધાનમાં પ્રત્યેક વિષય પર જાહેર વ્યાખ્યાનો, સમાલોચના વગેરે પ્રચારકાર્ય થાય તો સોસાઇટીની સેવાઓની પ્રજા સાચી કદર કરતી બન્યા વિના રહે નહિ.

મુંબાઈમાં વસતા સુશિક્ષિત જનો દર વર્ષે આ પ્રદર્શનનો પરિચય મેળવવાનો આગ્રહ રાખશે તો તેમને તેમાંથી અનેકવિધ સંસ્કાર ઉપરાંત કેળવણીનું એક કેન્દ્ર ત્યાં મળશે. શ્રીમંતોને અનેક કલાકારોમાંથી પોતાની લક્ષ્મીને સાર્થ કરવા કાંઈ ઉમદા કૃતિઓ પસંદ કરવાની તક મળશે અને પત્રકારો તથા લેખકોને તેમની મનોસમૃદ્ધિ વધારવાની, સંસ્કારવાની અને જનતાને કંઈક નવું નવી રીતે કહેવાની વાણી પ્રાપ્ત થશે.

ર. મ. રા.

[આ લેખની પૂર્તિરૂપે આર્ટ સોસાએટી તરફથી ચિત્રોના બ્લોક વાપરવા આપવા માટે અમે સોસાએટીના મંત્રી શ્રીમાન વિશ્વનાથરાવ ઓક, બાર-ઍટ-લૉના આભારી છીએ.]

જીવતરની ધન્યતા



ફીંગ સુએ અંગ્રેજ માલિકને બારીમાંથી એ દૃશ્ય બતાવ્યું

સારૂંયે ગામ ઉજ્જડ બની ગયું હતું. લગભગ બધી વસ્તી શહેર ખાલી કરીને આજુબાજુનાં ગામડાંઓમાં ચાલી ગઈ હતી. ઠેરઠેર દૃષ્ટિગોચર થતો હતો બૉમ્બમારાથી નાશ પામેલી ઇમારતોનો કાટમાળ. રસ્તાઓમાં ઠેરઠેર મુર્દાં પડ્યાં હતાં ને એના ઉપર થઈને માતૃભૂમિની આઝાદીના રક્ષકો દુશ્મનોની ટૅંકો ને મશીનગનો સામે હસતાહસતા આગળ ધસી રહ્યા હતા. શી ઝિંદાદિલી, શો લુત્ફ હશે બોમકા કાજે મરી ફીટવામાં?

એક દુકાનમાં ઊભોઊભો એનો અંગ્રેજ માલિક બારીમાંથી આ હીલચાલ જોઈ રહ્યો હતો. સૈનિકોના તાલબદ્ધ સંગીતમય પગરવ સાંભળતો એ ઊભો હતો. થતું હતું 'જોઈ લ્યો માતાનાં આ બાળ! પરાધીનતાની બેડીઓમાં માતૃભૂમિને જકડવા આવેલા પરદેશીઓ સામે કેવા આનંદથી, છાતી કાઢીને લડવા જઈ રહ્યા છે?'

એની બાજુમાં ઊભો હતો ફીંગસુ નામનો એક બુઝર્ગ ચીનો. છેલ્લાં વીસ વર્ષથી એ એની દુકાનમાં નોકરી કરી રહ્યો હતો. હમેશાં મૂંગા રહેવામાં એ મઝા લેતો. આટલી લાંબી નોકરી દરમ્યાન એ ભાગ્યે જ આઠ કે દસ વાર બોલ્યો હશે. સંગીન નીમકહલાલીની એ જીવંત મૂર્તિ સમો હતો. એ કદી નોકરી પર મોડો આવ્યો નથી; એણે કદી પગાર વધારવા બાબતની વાત ઉચ્ચારી નથી; એણે કદી કોઈ પણ બાબતનો અસંતોષ વ્યક્ત કર્યો નથી. એનો માલિક જે કામ ચીંધે તે એ કરી બતાવે છે, જે કંઈ ખાવા આપે તે એ હર્ષથી જમી લે છે. એનું કોઈ સગુંવહાલું હોય એમ જણાતું નથી. એના દિલનો તાગ લેવાનો ઘણી યે વાર પેલા અંગ્રેજે પ્રયત્ન કર્યો હતો, પણ એ એનું ઊંડાણ પામી શક્યો ન હતો.

કેટલા યે મહિનાઓ પહેલાં ઓચિંતો જાપાને ચીન ઉપર હલ્લો કર્યો. મોટાં ગામ ખાલી થવા લાગ્યાં ને ખાલી થએલાં ગામો ખંડીએરનું સ્વરૂપ ધરવા માંડ્યાં. સમસ્ત ચીનમાં રણભેરી બજી. આઝાદીના આશકો કામધંધા મૂકી, માનુનીની મીઠી ગોદને છોડી, ચંડૂલખાનાં

ત્યાગી શસ્ત્રો સજવા લાગ્યા.

જ્યારે પોતાનું ગામ પણ ખાલી થવા લાગ્યું ત્યારે અંગ્રેજે એને પૂછ્યું, 'ફીંગ, આપણે પણ અહીંથી ચાલી નીકળીશું ને? અહીં રહેવું સલામત નથી.'

જવાબમાં ફીંગ સુની આંખમાંથી ટપ ટપ આંસુ ટપકી પડ્યાં. અંગ્રેજનાં નેત્રો આશ્ચર્યથી વિકસી ગયાં. હમેશાં હસમુખા રહેતા ફીંગ સુને આજે બે દાયકામાં એણે પહેલી જ વાર અશ્રુ ટપકાવતો જોયો. ફીંગને માટે એના અંતરમાં હમેશાં માન હતું. એના જેવો નરમ, પ્રેમાળ ને ગમતી માણસ એણે બીજો કોઇ જોયો નહોતો.

'જઇશું ફીંગ?' એણે ફરીથી પૂછ્યું.

'ના માલિક,' ફીંગે જવાબ આપ્યો: 'અહીં જન્મ્યો છું, ને અહીં જ મરીશ. જીવનની સંધ્યા વખતે માતૃભૂમિનો હું દ્રોહ નહિ કરૂં. ઘરડો છું, તાકાત નથી, છતાં પણ જો દુશ્મનો અહીં સુધી આવશે તો એની સામે ધસી જઇશ. મારવાની તાકાત નહિ આવે તો પણ બંદૂક સામે છાતી કાઢીને ઊભો રહીશ. દુશ્મનની એક ગોળી તો બેકાર કરી મૂકીશ?...ના માલિક, જવું નથી. આપને જો....' ફરીથી આંસુની ધારૂ ચાલી. એનું ગળું રૂંધાવા લાગ્યું. 'જાપાન સિવાય અમારો કોઈ દુશ્મન નથી.... માલિક, આજ હું આપની આજ્ઞા નહિ માની શકું.... બહુ દુઃખ થાય છે.'

'**All right, all right.** નહિ જઈએ, બસ! મોત હશે તો એ કંઈ થોડું, આપણને છોડવાનું છે? અહીંથી ભાગશું તો પાછળ પડશે. આપણે અહીં રહીશું.'

ફીંગ સુ હર્ષથી પુલકી ઊઠ્યો. પોતાની સાથે પોતાનો માલિક પણ રહેશે એ ખ્યાલે એ હર્ષમાં આવી નાનાંનાનાં ડગલાં ભરતો બહાર ચાલ્યો ગયો.

થોડી વારે એ પાછો આવ્યો ને કુરનિશ બજાવી અંગ્રેજ સામો ઊભો. પછી ખૂલતા ઝભ્ભાની અંદરથી એક થેલી બહાર કાઢી અંગ્રેજને આપી. એની અંદર લગભગ હજારેક રૂપિયાની કિંમતના ચીની સિક્કા હતા.

'કેમ?' અંગ્રેજે પૂછ્યું. પોતાને પૈસા આપવાનો અર્થ એને ન સમજાયો.

'રાખો માલિક,' ફીંગે કહ્યું. 'જિંદગીનો ભરોસો નથી. થોડા દિવસોમાં અહીં પણ જંગ જામશે. મારા દુઃખી ભાઇઓની મદદમાં એ રૂપિયા તમે વાપરજો. આખી જિંદગીની કમાણી એમાં છે'

'પણ. થોડા પગારમાં તેં આટલા બધા પૈસા ભેગા કેવી રીતે કર્યા?'

'મોજશોખ મેં કદી કર્યો નથી, માલિક! અફીણ પણ નો'તો પીતો. સંભાળશોને રૂપીઆ?'

અંગ્રેજે ડોકું હલાવીને હા પાડી અને રૂપિયાની થેલી તીજોરીમાં મૂકી દીધી. એને વિચાર આવ્યો, 'જો ચીનના અર્ધા માણસોમાં આવી જ દેશભક્તિ હશે તો જાપાનની હાર ચોક્કસ છે.'

ઉપરની વાત બની ગયા પછી ફીંગ સુ પાછો એકદમ મૂંગો બની ગયો છે. લડાઈ ખૂબ જોરથી ચાલી રહી છે. ગામોનાં ગામો તારાજ થઇ રહ્યાં છે ને બીજાં થતાં જાય છે. અંગ્રેજની દુકાનની આજુબાજુ ગોળાઓથી તેનું રક્ષણ કરવા રેતીના કોથળાઓ ગોઠવી દેવામાં આવ્યા છે. હજારો ચીનાઓની હત્યારા જાપાને કત્લ કરી નાખી છે, પણ રોજ સવાર પડે છે ને નૂતન ચીની સૈન્ય તૈયાર થાય છે. કુરુક્ષેત્રના યુદ્ધમાં જેમ એક એક મંત્રેલું બાણ હજારોની સંખ્યામાં પરિણમતું, એમ એક એક ચીનાનું મૃત્યુ બીજા હજાર ચીના ઊભું કરતું. જાપાની સેનાનાયકો આ જોઇને આશ્ચર્ય પામતા બબડતા: 'આ બધા આવે છે ક્યાંથી?'

ફીંગ સુ જ્યારે કામમાંથી નવરો પડે છે ત્યારે બહાર જઈ ઊભો રહે છે ને આકાશમાં ઊડતાં વિમાનોને જોયા કરે છે. તેમાં યે એક ચિનાઈ વિમાન ઉપર એને બહુ મમત્વ હોય એમ જણાય છે. અને એ વિમાન પણ કેવું છે? આજ ચાર ચાર દિવસથી દુશ્મનોનાં વિમાનોનો એ સફળ સામનો કરી રહ્યું છે. જાપાનીઓનાં પંદર વિમાનોના તો અત્યાર સુધીમાં એણે એકલાએ ભુક્કા બોલાવી દીધા છે. એનો નંબર છે સી. એ. એફ. ૧૪૩૦. એણે જ્યારે એક વધુ જાપાની વિમાનને નુકશાન પહોંચાડ્યું ત્યારે ફીંગ સુથી આનંદ છુપાવી શકાયો નહિ. દુકાનની અંદર જઈ પેલા અંગ્રેજને બારીમાંથી એ દૃશ્ય બતાવ્યું. અંગ્રેજે જાપાનીઝ વિમાનને ગડથોલાં ખાતું જોયું.

'બહુ બહાદુર વિમાની લાગે છે નં ૧૪૩૦. **Very daring.** નહિ ફીંગ સુ?' અંગ્રેજે કહ્યું. એણે પણ નં. ૧૪૩૦ની દુશ્મનો સાથેની ઝપાઝપી ઘણીવાર જોઇ હતી.

ફીંગે પોતાના માલિક સામું ટગરટગર જોયા કર્યું. બોલવાનો પ્રયત્ન કર્યો, પણ અતિ આનંદના માર્યો એનાથી બોલી ન શકાયું.

'જો, જો,' અંગ્રેજે કહ્યું : 'બીજાં ત્રણ વિમાનો એને પાડવા આવતાં જણાય છે.'

ફીંગે એક દિશા તરફ નજર કરી. દૂરથી ત્રણ જાપાનીઝ વિમાનો વેગથી નં. ૧૪૩૦ તરફ ધસી આવતાં દેખાયાં. વળી પાછું યુદ્ધ શરૂ થયું. બંદૂકોના ધડાકા ને વિમાનોનો ધમધમાટ કાન ફાડી નાંખે એવો થવા લાગ્યો. થોડી વાર ટક્કર ઝીલ્યા પછી નં. ૧૪૩૦ એકદમ ભાગ્યું. પૂંઠે પેલાં ત્રણ જાપાનીઝ વિમાનો પડયાં. જ્યારે બધાં વિમાનો દૃષ્ટિમર્યાદા બહાર જતાં રહ્યાં ત્યારે શેઠ ને નોકર કામે વળગ્યા.

તે દહાડે આખી રાત ફીંગ સુએ મકાન બહાર ખુલ્લામાં સૂતાંસૂતાં આકાશ તરફ જોયા કર્યું. ચિનાઇ-વિમાનનો એનો પરિચિત બની ગએલો અવાજ એને એ રાતના ફરીથી ન સંભળાયો તે ન જ સંભળાયો.

ત્રણ દિવસ પસાર થઈ ગયા, પણ નં. ૧૪૩૦ પાછું ન દેખાયું. ફીંગ સુ બેચેન ને દુ:ખી જણાતો હતો. અંગ્રેજથી આ અજાણ્યું ન રહ્યું.

'દુ:ખ કર્યે શો ફાયદો, ફીંગ? દેશને માટે મર્યો છે. વીસ વિમાનોને પાડયાં પછી પડયો છે. બળાપાનું કારણ નથી.'

પણ ફીંગને શાંતિ ન વળી. એ વધુ દુ:ખી જણાયો.

'તારા મનમાં છે શું ફીંગ! ત્રણ દિવસથી તેં નહિ જેવું જ ખાધું છે. આખો દિવસ રડયા કરે છે ને રાતે ચોગાનમાં સૂતોસૂતો આકાશ તરફ જોયા કરે છે. આખર છે શું?'

'કંઈ નહિ, માલિક!'

'હું જાણવા માગું છું. છે શું ફીંગ?'

'માલિક,' ફીંગે ધીમે અવાજે, ડૂસકાં ખાળતાં કહ્યું: 'દુ:ખ એટલું જ છે કે ૧૪૩૦ દુશ્મનોથી ડરીને પીઠ બતાવી નાસી ગયું. એણે લડાઇમાં ફના થઇ જવું જોઇતું હતું.'

અંગ્રેજ ફીંગનું કહેવું સમજ્યો. દુશ્મનોથી ડરીને, એમને પીઠ બતાવીને નાસી જવું એના જેવી નાલેશી-ભરી વાત બીજી કયી હોઈ શકે? પણ ફીંગ આટલો બધો દુ:ખી કેમ જણાતો હતો? ફીંગને પહોળી બાંયો વડે આંસુ લૂછતાં જોઇ અંગ્રેજે આગળ વાત વધા-રવાનું દુરસ્ત ન ધાર્યું.

એ રાત ગઈ ને સૂર્યે સોનાનો ચોકો પૂર્યો. નં. ૧૪૩૦ના અદૃશ્ય થયાનો આજ ચોથો દિવસ છે. દુકાનમાં એકોએકો અંગ્રેજ હોકલી પીતો હતો ત્યાં ફીંગ આવ્યો. એની ચિંતા દૂર થઇ ગએલી જણાતી હતી. એની ઝીણી આંખો હસી રહી હતી ને એક અજબ તેજ એના ચહેરા પર ઝળકતું હતું.

ફીંગને રોજ કરતાં વહેલો આવેલો જોઇને અંગ્રેજ વિસ્મય પામ્યો. 'કેમ ફીંગ! આજે જલદી કાંઈ?'

'૧૪૩૦ જીવે છે, હુઝુર. રાતના બરાબર દોઢ વાગ્યે મેં એનો અવાજ સાંભળ્યો. ૧૪૩૦ નાસી નથી ગયું. લડવા માટે એ આટલામાં જ ઘૂમી રહ્યું છે. નં. ૧૪૩૦ એની માતૃભૂમિને વફાદાર રહ્યું છે, માલિક!'. . . . અંગ્રેજ પોતાના નોકરની આ ઘેલછા જોઇને હસ્યો.

તે દહાડે ફીંગ સુ ખૂબ ધરાઇને જમ્યો. એ હમેશાં અંગ્રેજ સાથે જ ખાણું લેતો. માલિકનું એને એવું ફરમાન હતું. બંને શેઠ-નોકર કરતાં બાપ-દીકરા જેવો વહેવાર વધુ રાખતા. માલિક અંગ્રેજ બુઢ્ઢા નોકર ફીંગ સુની એક પુત્રની જેમ અદબ જાળવતો. અને એના જીવનમાં આ પ્રેમાળ ડોસા સિવાય બીજું હતું પણ કોણ? એક પુત્રી હતી તે પણ બે વર્ષ પર આ દુનિયા છોડી ગએલી!

બપોરનો એક થયો હશે. ફીંગે એના માલિક પાસે જઇ કહ્યું : 'જરા બહાર આવો તો! જોવા જેવી રમત છે, માલિક.'

બંને બહાર ગયા. ફીંગે આકાશ તરફ આંગળી ચીંધી. એ જ પેલું ૧૪૩૦ દુશ્મનોનાં ત્રણ વિમાનો સાથે દાવપેચ લડી રહ્યું હતું. બરાબર ત્રણ કલાક સુધી સતત એ યુદ્ધ ચાલ્યું. એક જાપાનીઝ વિમાન ખતમ થઇ ગયું ને બીજાં બે નુકસાન પામ્યાં. નં. ૧૪૩૦ની પણ એક પાંખ બહુ જ ખરાબરીતે ઘવાઇ ગઈ હતી. આખરે એ ગુલાંટ ખાવા લાગ્યું. દુશ્મનના વિમાનની એક ગોળી એના પંખાને તોડી ચાલી ગઇ ને નં. ૧૪૩૦, માલિક ને નોકર જ્યાં ઊભા હતા ત્યાંથી થોડે દૂર આવીને પડયું. વિમાન આખું સળગી ઊઠયું હતું ને એનાથી થોડેક જ દૂર ઊથલી પડેલો એનો પાયલટ મરેલો પડયો હતો.

ફીંગ દોડતોદોડતો એની પાસે જઇ ગોઠણભર બેસી ગયો. શબનો એક હાથ ઉપાડી પોતાની છાતી ઉપર પ્રેમથી દાબ્યો. એણે પાછળ જોયું તો જણાયું કે એનો માલિક એની પછવાડે જ ઊભો હતો.

'માલિક!' ફીંગ સુ હર્ષથી બોલી ઉઠયો : 'માલિક,

જુઓ આ ચીંગ લીંગ.' પછી એણે શબની પીઠ થાબડી: 'બડો હિંમતવાન છોકરો. જીવતર જીવી જાણ્યું એણે, નહિ માલિક?'

'હા ફીંગ, નિઃશંક .... પણ તું એને ઓળખે છે?'

'ન ઓળખું માલિક? એકના એક પુત્રને પણ હું ન ઓળખું માલિક?'

અને ફીંગ સુએ પુત્રના શબ ઉપર માથું ઢાળી દીધું. એની આંખમાંથી નીકળેલી હર્ષનાં આંસુની ધારા શબના માથામાંથી નીકળેલી રુધિરધારા સાથે મળી ગઈ.

(સૂચિત) **ચંદુલાલ પટેલ**

જીવી જાણનારા

જે માનવજીવનનું સાચું [૮] મૂલ્ય શીખવી ગયા

એનું નામ તે ડાકટર

બીજાને જીવિતદાન દેવા મરણને પ્રસન્નવદને ભેટનારા આ ડાકટરનું નામ વિલ્યમ સ્માથ (**Smyth**) હતું, અને તે આયરમાં ડૉનીગલ (**Donegal**)નેકાંઠે બર્ટન-પોર્ટ નામેનાના માછીગામમાં પોતાનો ધંધો કરતા હતા. તેમાં તે દક્ષિણા(ફી) બહુ ઓછી લેતા, પણ લાંબો સમય મોડી રાત લગી કામમાં મગ્ન રહેતા. પોતાને ઘેર મેડી ચણવાની નહિ, પરન્તુ રોગી નરવા કેમ કરીને થાય એની જ એને ચિન્તા રહેતી.

સં.૧૯૫૭ (૧૯૦૧ ઇ.)માં સમુદ્રકાંઠેથી બે કોસ દૂર આવેલા એક નાનકડા બેટમાં કેટલાંક માછીકુટુંબો રોગાવાહક દશામાં રહેતાં હતાં, ત્યાં ચેપી તાવ(ટાઇફસ) ફાટી નિકળ્યો. એની તપાસ કરવા સારુ ડાકટર સ્માથ નાવમાં બેસીને ગયા, અને જુવે છે તો એના નવા દર્દી અસ્વચ્છ તથા આશારહિત પરિસ્થિતિમાં મરવા પડ્યા છે.

ટાઇફસનું નામ પડતાં જ માણસ થરથર કંપવા મંડે, ત્યાં આ રોગીઓનો બેલી કોણ થાય? એટલે ડાકટર પોતે હલેસાં મારીને એકેએક દિવસ જાય અને એના ઉપચાર કરે. રોગીઓનાં ઝૂંપડાંમાં એવું અન્ધારું હોય, કે દર્દીને જોવા સારુ ડાકટર પોતે દીવો ભેળો લેતા જાય, અને દર્દી એક પથારીમાં ત્રણચાર જણ પડ્યા હોય.

માંદા પડ્યા હતા તે મદદ કરી શકે નહિ, અને સાજા હતા તે માંદા પડવાની બીકના માર્યા આઘાઆઘા રહે. એટલે સ્માથને નર્સ, કંપાઉંડર તથા ડાકટર એ ત્રણે ભૂમિકા ઉપર વિચરવું પડતું. એને લાગ્યું કે રોગીની બરાબર સારવાર કરવી હોય તો તેને કંઠાળમાં લઈ જવા જોઇએ. પણ રોગી બેટથી ખસે જ શેના?

ડાકટરે રોગીને માંડમાંડ ખસવા સારુ તૈયાર તો કર્યા, તો એને ખસેડવાનું સાધન ન મળે. ચેપથી ભયભીત થયેલા લોકો પોતાની નાવ વાપરવા આપે નહિ. નકામી ગણીને કાઢી નાખેલી એક હોડી ડાકટરે ગોતી કાઢી, અને એને થીગડાં મારીને સજ્જ કરી, ત્યાં વળી એક વિઘ્ન આવ્યું. ડાકટર દર્દીને એકલે હાથે ઊપાડી શકે નહિ, અને કોઇ એને ઉપડાવવા લાગે નહિ.

દર્દીનાં સગાંવહાલાં પણ જે કામ માથે લેવા ઇચ્છતાં નહોતાં તે કામ ઉપાડી લેવા એક લોકલ ગવર્મેંટ ઇન્સ્પેક્ટર સ્વેચ્છાએ તૈયાર થયા. બેય વીર પુરુષો નરસિંહ મહેતાની વેલ જેવી જૂનીપુરાણી જીરણ હોડી ઉપર બેસીને હલેસાં મારતા ગયા, દર્દીને સમુદ્રકાંઠે ઊપાડી આવ્યા, એને હોડીમાં સુવરાવ્યા, અને હોડી કાંઠા ઢાળી ચલાવી.

નાવડી ઊપડી ન ઊપડી ત્યાં તો એમાં તીનું પડ્યું, અને જે દર્દી પોતાના ઝૂંપડામાં મરત એને હવે જળસમાધિ લેવી પડશે એમ લાગ્યું. દર્દી બાપડા શું સહાયતા કરે? એટલે ડાકટર ને ઇન્સ્પેક્ટર વારાફરતી હલેસાં મારતા તથા પાણી ઉલેચતા.

આમ કરતાં કરતાં અંતે બર્ટન-પોર્ટ આવ્યું, અને દર્દી હેમખેમ કાંઠે ઊતર્યાં. ત્યાં તેની સારવાર સારી થઈ એટલે તે તરત સાજા થયા, પણ દુર્ભાગ્યે તે આર્તના ત્રાતા ડાકટરને જ ચેપ લાગી ગયો. અતિપરિશ્રમથી એ દૂબળા થઈ ગયા હતા, એટલે રોગ એના શરીરમાં પેઠો. જેને સારુ એણે સાહસ કર્યું હતું તે બધા બચ્યા, પણ ડાકટર સ્માથ પોતે વીરગતિને પામ્યા.

(આર્થર મીના અંગ્રેજી ઉપરથી) **દેસાઇ વાલજી ગોવિન્દજી**

ગુજરાત અને  વૃક્ષારોપણ


લેખક

શ્રી રામસિંહજી રાઠોડ, ડી.ડી.આર.

૧ મહિમા

આપણાં ઘરડેરાં પાસે પુરાણી વાતો ઉકેલાવીએ તો તેઓએ તેમના નાનપણમાં અનુભવેલા છૂટથી થતા વરસાદ, જમીનનો અણખૂટ રસકસ, નવાણોને છલાવી દેતા પાણીના પ્રવાહો, ચરિયાણની વિપુલતા અને મોકળાશ, આંખ ઠારે તેવાં ઢોરો અને દૂધઘીની ઊડતી છોળો, અને આ બધી આબાદી જેના પર નિર્ભર હતી તેવાં અનેક રીતે રાહત આપી રહેલાં જૂનાંપુરાણાં મોટાંમોટાં વૃક્ષો તથા જંગલની ઝાડીની પ્રેરક વાતો સાંભળવા મળે. એ વાતોનો આનંદ ને સંતોષભર્યો ઉલ્લેખ અત્યારની બેહાલીનું કારણ નથી સૂચવતો? ઉત્તર ગુજરાત, કચ્છ અને કાઠિયાવાડમાં ઉપરાઉપર આવાં કપરાં વરસ શાને આવે છે? આ પ્રદેશમાં દુકાળ પડે છે તો તેની ભયંકરતા વિષમ શાથી બને છે? નદીઓ સૂકી અને જમીનની અંદરના પાણીના આંતરપ્રવાહો અતિ ઊંડા તથા જોશવિનાના કેમ થઇ ગયા છે? પશુધન નમાલું અને ખેતી આટલી ઊતરતા કસની શાથી થઇ ગઇ છે? આજે થઇ રહેલો વૃક્ષોનો નિરંકુશ સંહાર પણ તેનું એક મહત્ત્વનું કારણ છે એ ઉત્તર આપણને ઘરડેરાંઓની ઉપલી વાતોમાંથી મળી રહે છે. વૃક્ષો અને વનના અનિયંત્રિત વિનાશથી પરિણમેલી ગુજરાતના કેટલાક પ્રદેશની આજની બેહાલ પરિસ્થિતિનો ખ્યાલ આપતી એ વાતો ભાવિને માટે આપણને સચેત કરે તેવી છે.

દક્ષિણ ગુજરાતમાં વરસાદ ઘણો સારો પડે છે અને એ પ્રદેશ લીલોછમ રહે છે. પોતાની અનેકાનેક શાખાઓ સાથે જમીનને ફળદ્રુપ બનાવતી વહેતી તાપી, નર્મદા અને મહીના વહનમાર્ગની ચોતરફનો પ્રદેશ જળમળ (Silt)નો બંધાએલો છે. કાંપવાળી આ રસાળ જમીનમાં પુષ્કળ વૃક્ષો ફૂલીફાલી રહેલાં છે. ચરોતર તરીકે જાણીતા ગુજરાતના મધ્ય પ્રદેશની જમીન પણ કાંપની બનેલી અને રસાળ છે. જ્યારે ગુજરાતનો પૂર્વ પ્રદેશ ડુંગરાળ અને ઉચ્ચ છે અને તેમાં સારી ઝાડી અને નાનાંમોટાં પુષ્કળ જંગલો આવેલાં છે. ગુજરાતમાં મોટા પહાડ ખાસ કોઇ નથી, પણ તેની સરહદો પર આબુ, આરાવળ, માંગાસુર, પાવાગઢ, સાતપુડા અને સહ્યાદ્રિ વગેરે પર્વતો આવેલા છે. કાઠિયાવાડ ક્યાંક વેરાન, ક્યાંક ડુંગરાળ તો ક્યાંક ફળદ્રુપ છે, પણ તેની દક્ષિણે ગીરનાં ગીચ જંગલ આવેલાં છે અને એ પ્રદેશનો એ ભાગ ઝાડનાં ઝુંડથી લચી રહેલો લાગે. કચ્છની કંઠારે અને મધ્ય ભાગે આવી રહેલી માડીસરી સિવાયનો કચ્છનો પ્રદેશ ઘણુંખરું ખડકાઉ, વેરાન અને સૂકો છે. કાઠિયાવાડ અને કચ્છ સિવાયની તળ ઉત્તર ગુજરાતની ભૂમિ પણ સપાટ, રેતાળ કે ખારપાટ છે અને ત્યાંની આબોહવા સૂકી તથા ગરમ છે. ત્યાં વરસાદ ઓછો પડે છે અને છીકિયારો પવન હમેશાં વાયા કરે છે. આ પ્રદેશમાં નથી એકે મહત્ત્વની નદી કે નથી કોઇ મોટો પહાડ; છતાં યે આ આછાં ઝાડપાનવાળા અને સૂકા પ્રદેશની ભૂતકાળની સ્થિતિ, હમણાં થતી જાય છે તેટલી ખરાબ ન હતી. ત્યાં ઉચ્ચ કોટિનાં ઢોરો ઉછેરવામાં આવતાં, પશુધન સમૃદ્ધ હતું અને ખેતી પણ વિકસિત જણાતી. પણ અત્યારે એ પ્રદેશમાં નથી કાંઇ નૂર દેખાતું કે સૂના થઈ જતા જણાતા એ પ્રદેશની ખેતીમાં નથી રહ્યો કાંઈ ખાસ કસ. આપણી ટૂંકી બુદ્ધિમાંથી જન્મેલી આંધળી સ્વાર્થવૃત્તિ જ તેની કારણભૂત છે. સ્થાનિક હવામાનની અસર, બેહદ ચરિયાણ, માણસોની લાલચુ વૃત્તિ, વનસ્પતિના અતિ ઉપયોગની હાનિકારક પ્રવૃત્તિ તથા વનસ્પતિના પરસ્પરના જીવનવિગ્રહને કારણે ધરાતલના આ અવસાદને વેગ મળે છે. ભૂતલનો આવો અવસાદ શરૂ થતાં, ઉચ્ચ પ્રકારની વનસ્પતિનું સ્થાન ઉત્તરોત્તર હલકી જાતની વનસ્પતિ લેતી થાય છે. પાણીતરસી વનસ્પતિમાં પણ જ્યાં સારી



ગુજરાતનો સરેરાશ વાર્ષિક વરસાદ દર્શાવતો નકશો

સમજ: આંકડાથી દર્શાવાએલી લીટીઓની વચ્ચેના પ્રદેશમાં દર વરસે સરેરાશ આશરે તેટલા ઇંચ વચ્ચે ઝેટલો વરસાદ આવે છે. દા.ત. અમદાવાદ અને વડોદરાનો સરેરાશ વાર્ષિક વરસાદ ૩૦થી ૪૦ ઇંચ ગણાય; સુરતનો ૪૦, આબુનો ૩૦ અને પોરબંદરનો ૨૦ ઇંચ; કચ્છના મોટા ભાગનો સરેરાશ વાર્ષિક વરસાદ લગભગ ૧૦થી ૧૫ ઇંચ કહેવાય; એ પ્રમાણે.

જાતના બાવળ થતા ત્યાં આજે કેર, કંડા અને પીલુ જેવાં ઠીંગરાએલાં વૃક્ષો માંડ થાય છે; ક્યાંક એ સ્થિતિથી પણ બદતર હાલત થતાં માત્ર હલકા પ્રકારની રુક્ષ વનસ્પતિ અને હલકી કોટિનું ઘાસ જ ઊગી શકે છે. નદીઓ અને વહેળાઓમાં પાણી ઘટતું જાય છે, તેઓ ઊંડી કોરાતી કે પૂરાતી જાય છે તો ક્યાંક તેમના વહન માર્ગ બદલાતા જાય છે. ડુંગરા ઉજ્જડ થતા જાય છે ને સપાટ જમીન ધોવાતી જાય છે. હિમ, લૂ અને રેતની અસર વિનાશક બને છે. જમીનમાંની રસાંગ ઊંડી ઊતરતી જતાં એ રીતે પણ ઝાડનાં મૂળિયાંને પોષક તત્ત્વો પાણીના દ્રવણદ્વારા ન મળી શકવાથી અસંખ્ય ઝાડોનો નાશ થતો જાય છે. આ પ્રદેશની ઘણી જમીન કાળા કાંપની બંધાએલી અને કસવાળી છે અને વનસ્પતિને પૂરતાં પોષક તત્ત્વો પણ તેમાં છે, પરંતુ પાણીની અછતથી જ તે ફળદ્રુપ છતાં નકામી નીવડતી જાય છે અને રેતાળ જમીન, કલર તથા ખારપાટનો વિસ્તાર વધતો જાય છે. ઊંચું ઉષ્ણતામાન હોય અને વરસે સરેરાશ ૧૨ ઇંચથી વધારે વરસાદ ન થતો હોય ત્યાં, વનશાસ્ત્રના સિદ્ધાંત અનુસાર, કોઇ વનસ્પતિ જીવનવિગ્રહમાં સહેજે ટકી ન શકે અને ત્યાં નપાટ રણ જેવી સ્થિતિ પ્રવર્તતી હોય; એટલે આ પ્રદેશમાં જ્યાંજ્યાં હજી ઝાડી બચવા પામી છે ત્યાં ત્યાં તેને સંરક્ષણ આપવાની અને જ્યાં નથી ત્યાંની પડતર કે ઉજ્જડ જમીન પર વૃક્ષારોપણ કરી વૃક્ષવૃદ્ધિ દ્વારા વનસ્પતિ વિસ્તારવાની આવશ્યકતા છે.

માનવસમાજ પર વૃક્ષોનો ઉપકાર અમૂલ્ય છે. અને માનવીના વિકાસ તથા સુખાકારી માટે તેમનું અસ્તિત્વ અનિવાર્ય છે.


અઢારે ભાર વનસ્પતિથી પ્રસન્ન-શાન્ત ભરચકગંધ વની પરની સૌન્દર્ય અને ચેતનાભરી વનરાજીઓમાંનું એક એકાકી વૃક્ષ પણ આપણા આત્માને કોઇ અદ્ભુત સંજીવનીથી નથી પમરાવતું? કર્તવ્યપરાયણતાનો કેવો અચ્છો પાઠ એ માનવીને શીખવે છે! વૃક્ષનું પ્રથમ દર્શન સજીવ સંવાદિતાનું પરમ મનોરમ ચિત્ર ખડું કરે છે. ઊગવું, ઊગીનેઉન્નતિ સારુ પ્રકાશ માટેની સતત ઝંખના સેવી યત્નમાં ઊંચે વધવું, જીવનની સમતા જાળવવા મથવું અને જીવનકલામાં એક સ્થાને જામીને જ્યાં કુદરતે જન્મ આપ્યો ત્યાં તે જ સંજોગોને અનુકૂળ રહી, જરા યે સળવળાટ વિના તેને વશવર્તી વળગી રહી કંઇ કેટલીયે આપત્તિઓ સામે ઝૂઝવું, અને ઉત્તરોત્તર વિકાસ સાધી શાંતિ, સંતોષ અને ઉલ્લાસમાં પૂર્ણતાએ પહોંચી સાર્થકતા અનુભવવી;–વૃક્ષોનો એ જીવનસંદેશ છે.

સ્થિરતા અને ધૈર્યના અવતાર જેવા વૃક્ષની તો 'સાર્થ જીવવું' એ એકમાત્ર મનોકામના છે. પૃથ્વીનો રસ ચૂસી સાહજિક વિકાસ સાધવો અને તેમ કરવા પ્રકાશ મેળવવા ઊંચે ચડવું, જળ મેળવવા વૃષ્ટિને આવાહન આપવું અને પ્રાણવાયુને પ્રસારવો એ વૃક્ષનો કુદરતી ધર્મ. આ આદર્શને પરિપૂર્ણ કરતાં વૃક્ષ બીજો કેટલો યે મૂક પરમાર્થ સાધી રહે છે! જે ધરતીએ પોષ્યો તેને અતિવૃષ્ટિ, પવન અને તડકાના

તાપથી ઘસાતી તે અટકાવે છે, મરેલાં પાનના ખાતર વડે તેની ફળદ્રુપતા અને ભેજને ટકાવી રાખે છે, ઋતુઓના ગુણધર્મ પ્રમાણે હવામાનનાં બદલાતાં તત્ત્વોના નિયમનમાં સહાયભૂત બને છે, હવાને શુદ્ધ બનાવે છે, પોતાની છાયાનો સહારો લે તેને વિશ્રામ અને શાંતિ આપે છે, પશુ પંખી અને બીજી જીવાતને આશ્રય આપે છે અને પૃથ્વીનો રસ ચૂસી પોતાથી ઉચ્ચ કોટિના જીવો માટે *તેમાંથી ખોરાક તૈયાર કરી આપે છે, પુષ્પોના પરિમલ—પરાગની સુગંધીથી વાતાવરણને મઘમઘતું અને પ્રફુલ્લિત બનાવે છે, રસવાળાં ફળો આપે છે, અને છેવટે કાષ્ટ રૂપે ઉપયોગી થઈ રહે છે કે બળતણ રૂપે પ્રજ્જ્વલી અગ્નિ બની પ્રકાશ અને શક્તિ અર્પતું ખાક બને છે. અંતે તો વૃક્ષના નામમાં શેષ જેવી રહેતી રાખ પુનઃ ધરતીમાં દાખલ થતાં તે જમીનનો કસ વધારે છે. એ રીતે ધરતીની સમૃદ્ધિ વધારતું અને આત્મસમર્પણથી પોતાના પ્રજનનના ક્રમાગત વિકાસ માટે જગ્યા કરી આપતું વૃક્ષ જીવનની ધન્યતા અનુભવે છે. પણ એને માટે વૃક્ષને જરા યે અજંપો નથી. ક્રમવિકાસના અટલ વિશ્વનિયમમાં શાંતિ, સફળતા અને સંતોષથી વૃક્ષ પોતાનું જીવન-પરિક્રમણ પૂરૂં કરે છે. આવો જીવનધર્મ શાખવતા વૃક્ષને આથી જ આપણે આદરણીય ગણ્યું છે, અને વૃક્ષારોપણદિનને મહાપર્વ તરીકે માન્યા છે.

'વૃક્ષો, પુષ્પોથી દેવોને પ્રસન્ન કરી, અતિથિને ફળોથી રીઝવી, યાત્રીઓને છાયા વડે વિશ્રામ આપી, મનુષ્યોને જલથી અને વૃક્ષ રોપનારને સુખથી આનંદિત કરે છે.' એ રીતે વિષ્ણુપુરાણમાં વૃક્ષની મહત્તા અને ઉપયોગિતા દર્શાવી છે.

આપણાં પુરાતન ન્યાયશાસ્ત્રોમાં લીલાં ઝાડોને નુકસાન પહોંચાડનારને માટે નસીહત ફરમાવેલી છે અને લીલાં ઝાડ પર ઉઝરડો પાડનાર પણ એ પાપથી વનદેવતાનો



ભારતવર્ષની લીલી કુંજ ગુર્જરીના પ્રતીક સમો આમ્રતરુ—ગુજરાતના ફૂપવનનો પ્રતિનિધિ વૃક્ષ આંબો-Mangifera Indica

ખોફ વહોરી લઈ કેટલી હદે નૈતિક પતન પામે છે તે નિર્દેશેલું છે. 'પીપળપાન ન તોડીએ, ન ત્યાંગીએ વડની ડાળ',-વૃક્ષરક્ષણના આવા સંસ્કાર ભજનો દ્વારા આપણા લોકહૃદયમાં સીંચી, આવી ઉપયોગી વાતોને ધાર્મિક ભાવો સાથે ઘટાવી આપણા પૂર્વજોએ આપણા ઉપર અનહદ ઉપકાર કરેલો છે. પણ અત્યારના જીવનકલહમાં એ ધાર્મિક વલણ વિસરાતું જાય છે; એ ભાવોને ફરી જાગ્રત કરવાની જરૂરત છે. મારા એક ઓળખીતાએ એક વખતે મારી પાસે પીપળાના રોપની માગણી કરેલી. કારણ પૂછતાં જણાયું કે તેના એક મૃત પિતૃએ પોતાના વસવાટ માટે તેની પાસેથી કોઈ દેવસ્થાન પાસે પીપળો વવડાવવાની માગણી કરેલી હતી, એટલે તે એ વૃક્ષ ત્યાં રોપવા ઇચ્છતો હતો. તે વખતે કાંઇક રમૂજી લાગતો એ વહેમજન્ય કિસ્સો સત્ય હો યા નહિ, પણ વૃક્ષવિનાશથી દેશ તો અવગતે જઇ રહ્યો છે એ સો ટચના સોના જેવી સાચી વાત છે. વૃક્ષરક્ષણ અને વૃક્ષારોપણ કરી તેને અવગતે જતો બચાવીએ.

વૃક્ષારોપણનું મહદ અગત્ય પ્રાચીનતમ કાળથી આપણે પ્રમાણ્યું છે. એક વૃક્ષ રોપી તેને ઉછેરવાથી મળતું પુણ્ય ધર્મશાળા બંધાવ્યા બરાબરનું આપણે સમજતા આવીએ છીએ અને વૃક્ષારોપણને ઉત્તમ દાન

*મનુષ્ય અને પ્રાણીઓની હસ્તી તથા સંભાવના માટે જરૂરી એવો ઉદ્‌ભિજ્જ ખોરાક, લીલી વનસ્પતિ પ્રકાશની મદદ વડે પાણી વાયુ અને પૃથ્વીનાં તત્ત્વોમાંથી સર્જે છે; એ ક્રિયા માનવી શક્તિની બહાર છે. લીલી વનસ્પતિની માત્ર એ એક જ દૈવી શક્તિ તેને આપણાથી ઉચ્ચ કોટિના જીવોમાં મૂકતી નથી? છતાં પણ આપણે મિથ્યાભિમાન છોડીએ એમ ક્યાં છીએ?

તરીકે ગણ્યું છે. 'માર્ગની બાજુએ છાયા આપતું ફળ-ફુલધારી વૃક્ષ રોપનારના પિતૃઓ સ્વર્ગ (પરલોક)માં પાપથી મુક્તિ મેળવે છે.' એવો વૃક્ષારોપણનો મહિમા સ્કંદપુરાણમાં દર્શાવેલો છે; અને મહાભારતમાં વૃક્ષારોપણનું માહાત્મ્ય ગવાયું છે કે 'વૃક્ષારોપણ કરવાથી મેળવાતું પુણ્ય પરલોકમાં કામ આવે છે. વૃક્ષરોપનારના પિતૃઓ તેમજ વારસોને વૃક્ષારોપણ જેવા ઉત્તમ દાનના પુણ્યે કરી મુક્તિ મળે છે.' આપણી સામે પ્રાચીન કાળથી પ્રમાણિત થએલી વૃક્ષારોપણની આ ઉપયોગિતા અને મહત્તા મુઘલાઈ જમાનામાં પણ બાખૂબ સમજાઇ હતી અને ફુલબાગના શોખીનો એ મોજીલા મુઘલોએ શોખ તરીકે પણ વૃક્ષવૃદ્ધિની ક્રિયાને વિકસિત અને વેગવાન બનાવી હતી. એ સમયમાં રસ્તાની બાજુએ ઉપર અસંખ્ય ઝાડ રોપવામાં આવેલાં અને ઘણા ચાલુ રસ્તાઓ ઉપર તો લગભગ ત્રણત્રણ માઇલના અંતરે મસ્જિદ કે સરાઇ જેવું બંધાવી તેની ચોતરફ ઝાડનું ઝુંડ અવશ્ય રોપાવતા, એ વખતની સરાઇઓ, મકબરા અને મસ્જિદોની આજુબાજુનાં પુરાણાં વૃક્ષો આજે પણ વૃક્ષારોપણની અજબ ભાવના પ્રગટ કરતાં આપણને પ્રેરી રહ્યાં છે. એવી જ કોઇ ભાવનાથી, જેને જ્યાં અનુકૂળ ત્યાં, મંદિરો કે મસ્જિદોમાં, ધર્મશાળાઓ અને સરાઇઓમાં, રસ્તાની બાજુએ ઉપર, ગામને ગોંદરે અને પાધરમાં શક્ય તેટલાં ઝાડ રોપી ઉછેરવાં જોઇએ. આવા વ્યક્તિગત છૂટક પ્રયત્નોથી પણ પરિણામે વૃક્ષવૃદ્ધિ થઇને એકંદરે લીલી ઝાડી વધતાં છાંયો તથા ઠંડક વધે છે અને ઝાડના પાનની સપાટીમાંથી સતત ભેજના વરાળ રૂપે થતા વહનથી હવામાનમાં ભેજનું પ્રમાણ વધે છે.

સાથેસાથે વિજ્ઞાનથી પુરવાર થએલી એક એ બીના પણ અહીં નિર્દેશવાની જરૂર છે કે બીજી બધી પરિસ્થિતિ જો સપ્રમાણ સરખી હોય તો અમુક વિસ્તારનો લીલોછમ ઝાડીવાળો પ્રદેશ, તેટલા જ ક્ષેત્રફળના પાણીના વિસ્તાર જેટલી જ વરાળ આપી હવામાનમાં સરખો ભેજ ઉમેરે છે. એટલે, કોઇ પ્રદેશ પરથી પસાર થતાં વર્ષાપ્રવાહનાં વાદળોને ભેજપ્રચુર બની વરસવા માટે જોઇતાં બંને જરૂરી તત્ત્વો—ટાઢક અને ભેજ—લીલી પલ્લવપુંજભરી ઝાડીમાંથી પૂરતા પ્રમાણમાં મળી રહે છે. આથી સ્થાનિક થતા સરેરાશ વરસાદના પ્રમાણમાં તેટલા પૂરતો વધારો થાય છે. આપણે ત્યાં જ્યાં નથી મોટા પહાડો, નથી પાણીના જબ્બર વિસ્તારો કે નથી જ્યાં ગીચ જંગલની ઝાડી, તેવા ઉત્તર ગુજરાતના પ્રદેશમાં હમણાં વરસાદ અતિ અનિયમિત અને ઓછા થઈ ગયા છે ત્યાં ઝાડી વધારવાથી સ્થાનિક સરેરાશ વરસાદને કેટલી હદે નિયમિત બનાવી વધારી શકાય તેવું છે તે આ ઉપરથી સ્પષ્ટ સમજાશે. આવી રીતે વૃક્ષવૃદ્ધિ દ્વારા આપણે અનુકૂળ હવામાન, પુષ્ટ ધરાતલ અને ઉત્તમ પાક મેળવીને આપણી આબાદી વધારી શકીએ.

કુદરત ને માનવજીવનના અતિ ગાઢ સહવાસમાંથી પરિણમતો પ્રકૃતિપ્રેમ કેળવીને આપણે પરંપરાથી, જ્યાં જ્યાં ઉત્તમ ઝાડી કે સુંદર વૃક્ષનો ઘેરો કુદરતખોળે જોયાં છે ત્યાં ત્યાં એકાદું દેવસ્થાન સ્થાપી કુદરત તરફનો પૂજ્યભાવ પ્રગટ કર્યો છે. એ રીતે પ્રકૃતિનું સૌંદર્ય જાળવી રાખવા પણ ઝાડોનું રક્ષણ અને વૃક્ષવૃદ્ધિ થવાં જોઇએ. એ પ્રકૃતિપ્રેમના પ્રેર્યા કાલિદાસ અને હર્ષ જેવા મહા કવિઓએ મોં ભરીભરીને વૃક્ષોનું અનેરું માહાત્મ્ય ગાયું છે, અને રામાયણમાં મહર્ષિ વાલ્મીકિએ તો વૃક્ષને રામ કરતાં પણ મહાન કહ્યો છે. પરંપરાથી ઊતરી આવેલા એ સંસ્કારોથી રંગાએલા આપણા સાહિત્યમાં વૃક્ષોનો મહિમા પ્રાધાન્ય ભોગવે છે અને કવિવર રવીન્દ્રનાથ જેવી યુગમૂર્તિ, દર વર્ષામંગલના ઉત્સવે શાન્તિનિકેતનમાં પ્રેમ અને ઉત્સાહથી વૃક્ષારોપણ કરે છે તથા વૃક્ષારોપણ પર્વ ઊજવે છે. કાંઇક સર્જન કરી તેને ઉછેરવું એ સ્વાભાવિક માનવી લાગણી છે. વૃક્ષારોપણ કરી તેને ઉછેરવાથી એ સ્વાભાવિક વૃત્તિને કેટલો આનંદ અને સંતોષ થાય છે તેની કીમત તો જેણે એ લહાવો અનુભવ્યો હોય તે જ જાણી શકે. 'દૂરથી ધુમ્મસે પહાડ સરીખા ભાસતા, ગુજરાતની બલિહારી જેવા કબીરવડના સૃષ્ટા, પોષક અને અધિકારી ગુજરાત પાસે વૃક્ષારોપણનો વધુ મહિમા ગાવાની જરૂર ન હોય. (ચાલુ)

શિક્ષક: એક નાની સંખ્યા બીજી મોટી સંખ્યામાંથી બાદ કરવી હોય ત્યારે બંને સંખ્યા એક જ જાતની હોવી જોઇએ. દા. ત. ૫૦ રૂપિયામાંથી ૩૦ રૂપિયા લઈ શકાય પરંતુ ૫૦ રૂપિયામાંથી ૩૦ ગાય ન લઈ શકાય.

વિદ્યાર્થી: પણ સાહેબ, દશ બકરીમાંથી પાંચ શેર દૂધ તો લઈ શકાય છે!

યુરોપના નકશામાં સ્પેનને પહેલી કક્ષાના રાષ્ટ્ર તરીકે પ્રથમ અંકિત કરનાર રાણી

ઇસાબેલા

ઇતિહાસમાં થઈ ગએલી કોઇ પણ ગૌરવશાળી અને મહત્ત્વાકાંક્ષી રાણી કરતાં એ ઊતરે તેમ ન હતી. સ્પેન તો તેનું ચિરંજીવ ઋણી રહ્યું છે. મધ્યયુગમાં કૅસ્ટાઇલના હેન્રી ચોથાના અવસાન પછી સ્પેન જ્યારે ચારે બાજુ અંધકારથી ઘેરાએલું હતું ત્યારે એણે સ્પેનમાં નવજીવનની ઉષા પ્રકટાવી.

હેન્રી ચોથાની એ સાવકી બેન હતી. હેન્રીનો ઇરાદો તેને પોર્ટુગાલના ૫૫ વર્ષના બુઢ્ઢા રાજા સાથે પરણાવવાનો હતો, પણ તેણે ખાનગી રીતે પોતાથી એક વર્ષ મોટા, સત્તર વર્ષના ઍરેગોનના રાજકુમાર ફાર્ડિનાન્ડ સાથે લગ્ન કરી નાખ્યાં ને હેન્રીના કોપમાંથી બચવા બંને નાસી છૂટયાં.

પાંચ વર્ષ સુધી એ રખડયાં. એ રખડપાટે જ ઇસાબેલાને પોતાના દેશ, પ્રજા ને સંસ્કૃતિની નાડ પારખવાની સાચી કુશળતા આપી, તેને પરિણામે આપસઆપસમાં ઝગડતા પ્રાંતોને એક સાંકળે ગૂંથી એણે સ્પેનના રાષ્ટ્રનું સર્જન કર્યું.

૧૪૭૭ના ડિસેંબરની ૧૧માએ હેન્રીનું અવસાન થયું. ઇસાબેલા સિવાય ગાદીનો કોઇ વારસ ન હતો એટલે સીધો હક તેને જ મળ્યો. તાજપોશાની ક્રિયાઓ હજુ પૂરી પણ નહોતી થઈ ત્યાં તો પોર્ટુગાલના રાજાએ મોકલાવેલો પત્ર મળ્યો કે સ્પેનની ખરી વારસ તે નહતી; પણ જોઆના હતી ને પોતે તેની જોડે લગ્ન કરવાનો હતો.

આ જોઆના હેન્રીની અનૌરસ પુત્રી હતી. પત્રનો શો જવાબ વાળવો? ઇસાબેલા તરત પોર્ટુગાલ સામે લડી શકે એવા સૈનિકો ચૂંટવા ને નાણાં મેળવવાની પ્રવૃત્તિમાં પડી. દેશભરમાં તેણે પોર્ટુગાલ સામે લડાઈની જેહાદ પોકારી ખચ્ચર પર બેસી તે આખો દેશ ફરી ને ચૌટે ચૌટે ને ઘેરઘેર પોર્ટુગાલની બદદાનત સામે લોકોનું લક્ષ્ય ખેંચ્યું. પરિણામે રાષ્ટ્રીયતાનો પહેલો તણખો લોકોનાં હૃદયમાં ઊઠયો ને બધા પ્રાંતોએ તેને સાથ આપવાની કબૂલાત આપી.

ઇસાબેલાએ ફર્ડિનાન્ડને લશ્કરનો કમાન્ડર-ઇન-ચીફ નીમ્યો, તેણે ઘણુંખરૂં સૈન્ય પોર્ટુગીઝ સરહદ પર ઉતારી દીધું. ધર્મગુરુઓને અરજ ગુજારી તેણે લડવા માટે નાણાં પણ મેળવ્યાં.

એક તરફ ફર્ડિનાન્ડે યુદ્ધની બધી જવાબદારી ઉપાડી લીધી અને તેણે પોતે સ્પેનની આંતરવ્યવસ્થા તરફ લક્ષ કેન્દ્રિત કર્યું. તેની શક્તિ ગજબ હતી. કહે છે કે તે દિવસ આખો ઘોડાની પીઠ પર કાઢતી છતાં થાકતી નહિ. ચાલતા કેસે તે કોર્ટમાં જઈ બેસતી, મંત્રીસભામાં ઓચિંતી ચડી જતી, રાજ્યના એકેએક ખાતાથી તે માહિતગાર રહેતી. બાલકોની કેળવણી તરફ તેણે ખૂબ ધ્યાન આપવા માંડયું. તે અગાઉ કોઇ પણ રાજા કે રાણી નહિ ભળ્યાં હોય એટલું એ સમાજના બધા થરો જોડે ભળતી ગઈ.

સાડા ચાર વર્ષે પોર્ટુગાલ સાથેની લડાઇનો અંત આવ્યો. સંધિ થઈ ને દેશમાં ઐક્ય સાથે શાંતિ યે પ્રસરી.

ઇસાબેલાએ એક જ મહત્ત્વાકાંક્ષા સેવી હતી. ને તે હજુ મૂર લોકોને તાબે રહેલા ગ્રૅનેડા પ્રાન્ત પાછો મેળવવાની. તેને મન સ્પેન માટેની એ પવિત્ર ફરજ હતી. પોતાના બહારવટા વખતે જ યૂરોપમાં ભળતા જતા ઇસ્લામના પગદંડા વિરુદ્ધ તેણે પ્રતિજ્ઞા કરેલી.

ને ઇસ્લામીઓ ત્યારે ગ્રૅનેડાની જ કબ્જાગીરી કરી બેસી નહોતા રહ્યા. યુરોપના પ્રવેશદ્વાર શો કોન્સ્ટાન્ટીનોપલ લીધા પછી ગ્રીસને પાડી તેઓ ઇટલિના કાંઠા સુધી આવી પહોંચ્યા હતા. પોપે ત્યારે એ વધતા ભય સામે આખા યુરોપની ખ્રિસ્તી પ્રજાઓને એકત્રિત થવાનો આદેશ આપ્યો હતો.

ડોમિનિકન સાધુ તોર્કેમાદા ઇસાબેલા પાસે પહોંચ્યો. ઇસ્લામીઓના અમાનુષીપણાનું તેણે બયાન કર્યું. કત્લમાંથી ઊગરી જવા ખ્રિસ્તીઓ કેમ વટલાતા હતા એનો ચિતાર આપ્યો ને ઇસાબેલાને લાગ્યું કે એ ભયે પોતે ધારતી હતી તેથી યે વ્યાપક સ્વરૂપ લીધું હતું. તરત તેણે ગ્રૅનેડાની સરહદ પર આવેલા માટે સેવાઇબીમાં તપાસસમિતિ બેસાડી. ત્યાંની વસતીનો મોટો ભાગ કૉન્વર્સોસ (વટલેલાઓ)નો માલૂમ પડયો. એવાઓને માટે એણે બહુ કડક પગલાં લીધાં. એમની મિલકત

જપ્ત કરી ને તપાસસમિતિ જેને દોષિત ઠરાવે તેનો વધ કરવાનો હુકમ કર્યો, આજના માણસને ભલે એ પગલું કડક દેખાય, પરંતુ પરધર્મીઓએ રાષ્ટ્રજીવનમાં ઊભી કરેલી શાપિતતા સામે એ વહેવારૂ હતું.

પરધર્મીઓ પાસેથી લુંટાએલાં એ નાણાંનો ઇસાબેલાએ પોતાના સૈન્યને સમૃદ્ધ બનાવવામાં ઉપયોગ કર્યો ને ગ્રૅનડા સામે ખુલ્લું યુદ્ધ જાહેર કર્યું. ફરી ફર્ડિનાન્ડ કમાન્ડર-ઇન-ચીફ બન્યો. ઇજનેરો ને દાક્તરો સહિત પહેલી જ વાર ઇસાબેલાએ પોતાના સૈન્યને વૈજ્ઞાનિક ઢબ પર આણી મૂક્યું હતું.

એક પછી એક મૂર પ્રાંતો મેળવાતા ગયા. છેવટે કિનારાનો એક પટો જ બાકી રહ્યો. પણ તે યે ગ્રૅનડાના ઇતિહાસપ્રસિદ્ધ ઘેરા પછી ૧૪૯૨ના જાન્યુઆરીની ૧૨મીએ જિતાયો ને યુરોપની આદર્શમૂર્તિ તરીકે ઇસાબેલા શહેરમાં દાખલ થઈ. એ દિવસથી સ્પેન પહેલી કક્ષાના રાષ્ટ્ર તરીકે યુરોપના નકશામાં અંકિત થયું.

પણ ઇસાબેલાની ખરેખરી મહત્તા તો યુરોપનાં બીજાં રાષ્ટ્રોમાં દિવાના તરીકે ગણાએલા એક માણસને આશ્રય આપવામાં હતી. એ માણસ તે કોલંબસ, જેનો નંબર સ્પેનના પ્રેરણાદાતા તરીકે ઇસાબેલા પછી બીજે જ આવે છે.

૧૫૦૪ના ઑક્ટોબરની ૧૨મીએ ઇસાબેલાનું અવસાન થયું. અંતની ઘડીએ પણ સ્પેન માટે જિબ્રાલ્ટરનું મહત્ત્વ સમજી, કોઇ પણ ઉપાયે તેને હાથથી જવા ન દેવાના છેલ્લા બોલ તેના મોંમાંથી સર્યા હતા.

ઇસાબેલાના વ્યક્તિત્ત્વનું માપ તો તેના અવસાન બાદ સ્પેનમાં પ્રવર્તેલી સ્થિતિ પરથી કાઢી શકાય. પિંખાએલા સ્પેનને ધર્મ, ધન અને રાષ્ટ્રીયતાને સહારે તેણે રાષ્ટ્ર તરીકે એકત્રિત કર્યું. પણ તેના પછી ધર્મની લાગવગ એટલી તો વધી પડી કે વસતિના ચાર માણસે એક તો ધર્મગુરુ જ બને! ને એ ધર્મગુરુઓને નહોતા કંઇ કર ભરવાના કે નહોતી કોઇ ફરજ બજાવવાની. રાજ્યને આશ્રયે જ તે પોષાતા. ઇસાબેલાએ ઉદ્યોગો સ્થાપિત કરવા જે પ્રયાસો કરેલા તે કોલંબસે શોધેલી 'નવી દુનિયા'માંથી આવતા સોનાના પ્રવાહોમાં તણાઈ ગયા. વતનમાં રહી કશો ઉદ્યમ કરવા કરતાં 'નવી દુનિયા'માં પહોંચી જવાની વૃત્તિ પ્રબળપણે પ્રકટી હતી ને વેપાર બધો ફ્લેમિશ, ઇટાલિયન, અંગ્રેજ ને ફ્રેંચોએ હાથ કર્યો હતો. 'નવી દુનિયા'ના મોહે ખેતી ને કારીગરીથી માંડી અભ્યાસવૃત્તિ સુદ્ધાં તરફ બેદરકારી આણી હતી ને પરિણામે ઇસાબેલાના અવસાનની એક સદી બાદ જ સ્પેનની વસતિ માત્ર પંચ્યાસી લાખની જ બની ગએલી!

ઇસાબેલાની કારકીર્દી રઝિયા, ચાંદબીબી, દુર્ગાબાઇ કે લક્ષ્મીબાઇનું જ આપણને ભાન કરાવે છે. યુરોપની બીજી પણ કેટલીયે રાણીઓ મહાન થઈ ગઇ છે, પણ એ માત્ર પોતાના દરબારીઓની મહત્તાથીઃ પોતાના વ્યક્તિત્ત્વના પ્રભાવથી તો માત્ર ઇસાબેલા.

એકસપોઝર યાને પ્રકાશનો પ્રવાહ કેટલો લેવો?

ફોટોગ્રાફીમાં આ સવાલ એક મુખ્ય બાબત થઇ પડી છે. જેમની પાસે એક્સ્પોઝર-મીટર હોય છે તેમને માટે તો એ મુદ્દો સહેલો છે. પરંતુ શિખાઉ તેમજ થોડા જાણકાર બનેલાને તો ઘણી વખત એમાં વિચાર કરવો પડે છે. તે વિષયમાં સંકટસમયે સાંકળ ખેંચવાનો મારો એક નાનકડો અનુભવેલો નુસખો બતાવું છું, જે ઇશ્વરકૃપાથી હમેશાં ફત્તેહમંદ થતો જણાયો છે.

આજકાલ બજારમાં અનેક જાતના કૅમેરા અને અનેક જાતની ફિલ્મો નીકળી છે. સાધારણ રીતે કોડાકની પેનેક્રોમિક અને Super XX વધુ વપરાશમાં આવે છે; તેમજ કૅમેરા મોટે ભાગે 4. 5ના લેન્સનો વપરાય છે. તેના હિસાબે પ્રકાશનો વિચાર કરવાનો રહ્યો. તડકો, છાયા, તડકામાં પાછળનું તેજ, અને બાજુનું તેજ, આટલી મુખ્ય પરિસ્થિતિ હોય છે. હવે આ બધી જાતની પરિસ્થિતિનો મુકાબલો કરવા માટે જો એક્સ્પોઝર (ઝડપ)૧/૨૫ અને ડાયફ્રમ (પ્રકાશબારી) ૮ રાખશો તો તમને બધી રીતે ફત્તેહમંદી મળશે. આ એક્સ્પોઝર અને સ્ટૉપ મેદાનનાં દશ્યો માટે જ છે. આ વાંચ્યા બાદ તમે નવો રોલ અથવા ફિલ્મપૅક તમારા કૅમેરામાં ભરો તો ઉલટીસુલટી દરેક લાઇટમાં એક એક એક્સ્પોઝર ૧/૨૫ અને ૮થી દરશો તો અનુભવ થઈ જશે. કોઇ વખત એથી જરા 'અન્ડર' (ઓછી) કે સહેજ 'ઓવર' (વધુ પ્રમાણવાળી) નેગેટિવ થશે; પણ પ્રિન્ટિંગ-એન્લાર્જિંગમાં કાગળનો ગ્રેડ બરાબર લેવાથી સંતોષકારક પરિણામ મેળવી શકાશે. પ્રયત્ન કરી જુઓ અને જરૂર સફળ થશોઃ સાહેબજી.

આબિદમિયાં સૈયદ



આ નકશામાં દર્શાવેલા ઉત્તરગુજરાતનાં સ્થળો ઘૂમીને પ્રાચીન ઇતિહાસકેન્દ્રોના અવશેષો ખોળતાં

ભૂતકાળની શોધમાં

પગપાળા કરેલા પ્રવાસની લેખમાળા

આગલી સવારે દેલમાળમાં તો મેં નથુશંકર મહારાજને ત્યાં લાડુ આરોગેલા; પણ ત્યાર પછી જે હાડમારીઓ શરૂ થઇ તેમાં તો ચાપાણીથી જ ચલાવવું પડેલું; એટલે વાઘેલ મૂકી હું જેમ જેમ આગળ ચાલવા લાગ્યો તેમતેમ પેટનો પોકાર વધવા લાગ્યો. રસ્તે એત્રણ માઇલ દૂર કરમાણ નામનું ગામડું દેખાતું હતું. તેમાં મોદીને ત્યાં કાંઇક ચવાણું મળી રહેશે એમ માની મજૂર જોડે વઢિયારના સામાજિક જીવન વિષે વાતો કરતો હું લોટેશ્વર–મુંજપરનો પંથ કાપવા લાગ્યો અને બાર વાગ્યાને સુમારે કરમાણના પાદરમાં પગ મૂક્યો.

ગામની ભાગોળે નાગની આકૃતિવાળા પાંચ પાળીઆ મારી નજરે ચડ્યા. પાછલા લેખાંકમાં વાઘેલના પાળીઆઓની મેં નોંધ લીધી જ છે; પરંતુ પાળીઆઓ સંબંધે સામાન્ય વાતો મેં જણાવી નથી. આખા હિંદુસ્તાનમાં એક માત્ર ગુજરાત (કાઠિયાવાડ અને કચ્છ સહિત) નાં ગામોમાં જ પાળીઆ નજરે પડે છે. ગુજરાતની અસરને લઇ મારવાડના થોડાક વિભાગોમાં પણ પાળીઆ દેખા દે છે અને એ ત્યાં 'જુઝાર' કહેવાય છે. આપણે મન તો આ પાળીઆ સામાન્ય વસ્તુ છે. ઇતિહાસની દૃષ્ટિએ તે કેટલા કીમતી છે તેની ગતાગમ આપણને નથી. એ જ કારણે આપણી એ અમૂલ્ય સમૃદ્ધિ બેદરકારીનો ભોગ બની ભૂંડે હાલે નાશ પામી રહી છે. માત્ર, આ પાળીઆઓ ઉપરનાં જ લખાણો ઉપરથી ગુજરાતના ગામેગામનો ઘણોખરો ઇતિહાસ લખી શકાય તેમ છે; પરંતુ જે અક્ષરોમાં આ ઇતિહાસ લખાએલો પડ્યો છે તેના ઉપર ભરવાડોને મેં કુહાડીઓ ઘસતા ભાળ્યા છે, ઊખડેલા પાળીઆઓ અને શિલાલેખો ઉપર લોકોને મેં કપડાં ધોતાં જોયા છે અને તે વખતે મેં પારવગરનું દુઃખ અનુભવ્યું છે. કોણ જાણે ગુજરાતની કેટલી યે અમૂલ્ય ઐતિહાસિક સામગ્રી આ રીતે નાશને ભેટી ચૂકી છે અને ભેટી રહી છે! ક્ષત્રપો, ગુપ્તો, સોલંકીઓ અને સુલતાનોના કેટલાયે શિલાલેખો આમ વેડફાઇ ગયા હશે અને તેમનાં કેટ-કેટલાં તામ્રપત્રો કંસારાની ભઠ્ઠીમાં અદૃશ્ય થયાં હશે! કેટલા પ્રાચીન અમૂલ્ય હસ્તલિખિત ગ્રંથો ગામડાંઓના મોદીઓ પડીકાં વાળવામાં વાપરી રહ્યા હશે! હિંદના બીજા કોઈ પ્રાંતમાં ઐતિહાસિક સામગ્રી કે પ્રાચીન કલાસમૃદ્ધિઓ આવી રીતે બેદરકારીનો ભોગ થઇ વિનાશને ભેટતી નથી. આપણા માટે એ વસ્તુ ખરેખર લાંછનપ્રદ જ છે. ઐતિહાસિક સામગ્રીનું રક્ષણ

(**conservation**) એ પણ ઇતિહાસસંશોધનનું એક અંગ હોઈ તેમાં તેને પ્રથમ સ્થાન આપવામાં આવેલું છે. આપણે ત્યાં ઇતિહાસ-સંશોધકોનો તોટો નથી; એ કાર્ય કરનારી થોડીક સંસ્થાઓ પણ આપણે ત્યાં અસ્તિત્વ ધરાવે છે; પરંતુ કમનસીબે આપણી સામાન્ય પ્રજાને અને આપણા શિક્ષિત ગણાતા વર્ગને એ આપણી ઐતિહાસિક સામગ્રીના રક્ષણ તરફ કાળજી જણાતી નથી. આ વિનાશ તેની હાલની ગતિએ જો ચાલુ રહેશે તો, હું ધારું છું કે એક દસકા પછી આપણી પાસે કંઇ જ બાકી રહેવાનું નથી. આને માટે તાત્કાલિક શ્રેષ્ઠ માર્ગ એ જ છે કે ગુજરાત (કાઠિયાવાડ અને કચ્છ સહિત)નું પ્રત્યેક ગામ પોતાને ત્યાંની ઐતિહાસિક સામગ્રીનું રક્ષણ પોતે જ કરે. દરેક ગામમાં જૂનવાણીના થોડાઘણા રસિયા હોય છે જ; અને જો તેમને આ કાર્ય પ્રત્યે સચેત કરવામાં આવે તો તેમના દ્વારા એ સહેલાઇથી થઈ શકે તેમ છે. દરેક ગામ પોતાનાં માણસોને પોતાના પ્રાચીન અવશેષોનો નાશ કરતાં અટકાવે. જ્યાંત્યાં ઠોકરે પડતી મૂર્તિઓ, ઉત્કીર્ણ લેખો ઇત્યાદિ પુરા. સામગ્રીને એકઠી કરી ચોરા, નિશાળ અગર કોઈ મંદિરમાં સંભાળીને રાખે. આ સિવાય ગામમાં પ્રાચીન સિક્કાઓ, હસ્ત. લિખિત પુસ્તકો અને બીજી જે કંઇ પ્રાચીન કળાસામગ્રી હોય કે મળી આવે તેને પણ ઉપરોક્ત સ્થળે સુરક્ષિતપણે સંઘરવામાં આવે. આમ સહેજે જ દરેક ગામે પોતાની જૂનવાણી ઇતિહાસસામગ્રી કે કળાસમૃદ્ધિનું એકએક મ્યૂઝિયમ ઊભું થઇ શકે તેમ છે. આથી કેટલાં યે અજાણ્યાં ગામો ઇતિહાસ અને કલારસિકોનાં યાત્રાધામ થઇ પડશે. લીંબડી રાજ્યના રંગપુરને ગઈ કાલ સુધી નજીકના વિસ્તારમાં યે કોઇ જાણતું ન હતું; આજે આ નાનકડા સોરઠી ગામની કીર્તિ છેક યુરોપ અને અમેરિકા સુધી પ્રસરી ગઇ છે.

પ્રશ્ન થશે કે ગામડાંઓમાં પણ આ મહાકાર્ય કરે કોણ? આ કામ એવું છે કે એના માટે કોઈ ખાસ માણસ રોકવાની જરૂર નથી. કોઈએ પોતપોતાના ધંધાનો કીમતી સમય પણ એની પાછળ ગુમાવવાનો નથી. માત્ર ફુરસદની થોડીક ઘડીઓમાં આ કાર્ય થઈ શકે તેવું છે. પુરાતત્ત્વ એ શિક્ષણનું જ એક અંગ મનાય છે ને તેટલા માટે પુરાતત્ત્વખાતાં અને મ્યુઝિયમો કેળવણીખાતા હેઠળ જ મૂકવામાં આવે છે. દાખલા તરીકે હિંદી સરકારનું પુરાતત્ત્વખાતું, વડોદરાનું પુરાતત્ત્વસંશોધનખાતું, એ ત્યાંનાં કેળવણીખાતાંનાં જ અંગો છે. ઇડરમાં તો કેળવણીઅધિકારી પુરાતત્ત્વ અધિકારીનો હોદ્દો પણ ધરાવે છે. આમ, પુરાતત્ત્વ એ કેળવણીનું જ અંગ છે, એટલે ગુજરાત સ્વાભાવિક રીતે, પોતાની ઐતિહાસિક સામગ્રીનાં રક્ષણસંશોધનની અપેક્ષા પોતાના શિક્ષકવર્ગ પાસેથી જ રાખી શકે. એ વર્ગ મોટાંમાં મોટાં શહેરોથી માંડી નાનાંમાં નાનાં ગામડાંઓ સુધી ફેલાએલો છે. વળી બીજા કેળવાએલા વર્ગો કરતાં તેમાં સાહિત્ય, ઇતિહાસ, પુરાતત્ત્વ વગેરે પ્રત્યે રસ વધારે હોય છે. એટલે જો શિક્ષકો પોતપોતાનાં વિસ્તારક્ષેત્રોનું આ કામ પોતાના ફુરસદના કલાકોમાં ઉપાડી લે તો તેઓ પોતાની માતૃભૂમિની એક મહાન સેવા બજાવી શકે અને આ સિવાય તેમને યશ અને આર્થિક લાભ પણ થાય. વળી કારકુન કે અમલદાર વર્ગમાં પણ ઘણા પુરાતત્ત્વરસિક મળી આવે છે, તેમની પાસેથી પણ આ કાર્યની અપેક્ષા રાખી શકાય. પાટણવાડામાં થોડાક શિક્ષકો આ રીતે ઘણું સરસ કાર્ય કરી ગુજરાતમાં ખ્યાતિને માન પામ્યા છે. પાટણમાં શ્રી. રામલાલ ચુનીલાલ મોદી અને શ્રી. કનૈયાલાલ ભાઇશંકર દવે પોતાના વિસ્તારમાં વર્ષોથી સરસ કાર્ય કરી રહ્યા છે. કંબોઇ સોલંકીના એક ઉત્સાહી શિક્ષક શ્રી. માણેકલાલ ચકુલાલ દવે પોતાના ગામની આસપાસનાં ગામડાંઓમાં પુરાતત્ત્વસંશોધન કરી ગુજરાતનું સારું ધ્યાન ખેંચી રહ્યા છે. નવસારીના શ્રી મણિભાઇ દ્વિવેદી પોતાના કાર્યથી સાહિત્યક્ષેત્રમાં ઘણા આગળ આવી ગયા છે. મને પણ એ જ વર્ગમાં કામ કરતાં કરતાં આ નાદ લાગ્યો છે. આ રીતે જો આપણે એકેએક ગામડે શિક્ષકો કે કારકુનો પોતપોતાનાં રહેઠાણનાં સ્થળોમાં ફુરસદ વેળા થોડુંક કામ કરતા થઈ જાય તો થોડા જ સમયમાં કોઈપણ સંસ્થાઓ ન કરી શકે તેટલું પુરાતત્ત્વ-સંશોધન ગુજરાતને આંગણે જોતજોતામાં થઈ જાય.

કેળવાએલો વર્ગ આટલા મોટા પ્રમાણમાં હોવા છતાં આપણે ત્યાં આ કાર્ય થતું નથી તેનું બીજું કારણ હું એ શોધી શક્યો છું, કે તેમાં રસ ધરાવનારા પણ પુરાતત્ત્વસંશોધનની વિધિઓથી અજાણ હોય છે. કેટલાક તો એમ સમજી બેસે છે કે પુરાતત્ત્વસંશોધન એ ઘણું ખર્ચાળ તથા ઊંડો અભ્યાસ માગી લે તેવું કાર્ય છે.

પણ આ એક ભ્રમ છે. આથી પ્રસ્તુત લેખમાળામાં મારા સંશોધનકાર્યની સાથેસાથે જ યથાસમયે તે કાર્ય કરવાની રીતો પણ વર્ણવતા જવાનો મેં ઇરાદો રાખ્યો છે કે જેથી અજ્ઞાનને લઇ સંશોધન નહિ કરી શકનારા પુરાતત્ત્વ-રસિકોને એમાંથી કંઇક પ્રકાશ મળે.

કરમાણમાં પાળીઆઓ તપાસ્યા પહેલાં હું મોદીની દુકાનની શોધમાં ગામમાં પેઠો પણ, કમનસીબે તેને ત્યાં ચવાણામાં ખારી થઈ ગએલી મગફળી સિવાય કશું ન હતું. એટલે અંતે પાણીથી જ ભૂખને શમાવવાનું ઠરાવ્યું.

આ ગામમાં તુલસીદાસ નામના એક અગાઉ થઈ ગયેલા બાવાનું મંદિર હતું ત્યાં હું ગયો. મંદિરની પ્રદક્ષિણા કરતાં એક ખૂણામાં બે હસ્તલિખિત પુસ્તકો રગદોળાતાં જોયાં. પાણી પી થોડીક વાર પૂજારી જોડે થોડી વાતો કરી મેં પેલાં હસ્તલિખિત પુસ્તકો માગ્યાં જે તેણે મને ઘણી ખુશીથી આપી દીધાં.

ગામડાંઓમાં હસ્તલિખિત પુસ્તકો ઘણેભાગે બ્રાહ્મણો અને બાવાઓ પાસે તથા જૂના સિક્કાઓ મોદી પાસે હોય છે. આ વાત લક્ષમાં રાખવાની છે.

ક્ષેત્રસંશોધન (**Field research**) માટે ગામડાંઓમાં નીકળનારાઓએ એક વાત ખાસ ધ્યાનમાં રાખવાની હોય છે. આ પૂજારીઓ, બ્રાહ્મણો, બાવાઓ કે મોદીઓ સીધી રીતે માગવાથી જ હસ્તલિખિત પુસ્તકો કે પ્રાચીન સિક્કાઓ આપણને સુપ્રત કરી દેતા નથી. એને માટે સંજોગોને અનુકૂળ તરેહવાર યુક્તિઓ યોજવી પડે છે. એ વસ્તુઓના ખરા ઉપયોગને ભોળા ગ્રામવાસીઓ જાણતા હોતા નથી, એટલે શહેરીઓને આવી વસ્તુઓ ભેગી કરતા જોઇ તેઓ સહેજે શંકામાં પડી જાય છે. આમે ય શહેરનાં માણસોના પ્રત્યેક કાર્યને ગ્રામવાસીઓ કૌતુક, શંકા અને ભયની દૃષ્ટિએ જોતા હોય છે. એવા સંજોગોમાં કેવી રીતે વર્તી હેતુ સાધવો એ કાર્ય ક્ષેત્રસંશોધકો પાસેથી વહેવારુ માનસશાસ્ત્ર (**applied psychology**)નું જ્ઞાન ને અનુભવ માગી લે છે.

જે સંશોધકો ગ્રામજીવનથી પરિચિત હોય અથવા તો જેઓ પોતાના રહેઠાણનાં ગામડાંઓમાં જાણીતા અને વિશ્વાસપાત્ર હોય તેમને તો કંઈ કહેવાનું હોય જ નહિ; પણ ગ્રામજીવનથી અપરિચિત સંશોધકોએ એટલું ધ્યાનમાં રાખવાનું છે કે ગ્રામવાસીઓ ધાર્મિક બાબતોમાં અતિ શ્રદ્ધાળુ અને રૂઢિચુસ્ત હોય છે; એટલે તેમના માનસને બંધબેસતી આવે તેવી જ વાતો પહેલાં તેમની જોડે કરવી જોઇએ. આ જ માર્ગ વડે પહેલાં તેમના વિશ્વાસ અને પ્રીતિ સંપાદન કરી પછી પોતાનો હેતુ સાધવા પ્રયાસ કરવો જોઇએ.

આ બે હસ્તલિખિત પુસ્તકો મને આજે ન જડ્યાં હોત તો ભૂખ્યે પેટે લોટેશ્વર–મુંજપુરનો પંથ કાપવો કદાચ મારા માટે ભારે થઇ પડત. પણ આ પુસ્તકમાં મારૂં મગજ એટલું બધું પરોવાઈ ગયું હતું કે પંથ કાપવાનું મને ભાન સરખું યે રહ્યું નહિ.

(ચાલુ) **અમૃતલાલ વ. પંડ્યા**

ફોટોગ્રાફી

હરીફાઇનું પરિણામ

પહેલું ઇનામ: ‘તે ગાંડો છે કે વિદ્વાન?’—મનુ પટેલ (અમદાવાદ); બીજું ઇનામ: ‘ઊગતું બંધાણુ’–મનુ પટેલ (સાંખેજ); ત્રીજું ઈનામ: (નામવગરનું) રમણિક પરીખ (ધ્રાંગધ્રા). ઈનામ મેળવનારાં ચિત્રોમાં એકનું નામ નથી અને બાકીનાં બેનાં છે તે યોગ્ય નથી. ચિત્રનો સંદેશ નામ દ્વારા જોનારને સમજાતો નથી. નામાભિધાન અનુચિત હોય ત્યારે ચિત્રના ગુણ કમી થવાનો સંભવ છે. માટે નામ ઉપર દરેકે ખાસ ધ્યાન આપવું જોઇએ.

ફાટેલતૂટેલ કપડાંથી પોતાની ગરીબાઇ પુકારતા માણસના ચિત્રમાંથી તેનું ગાંડપણ કેમ ઓળખાય? ‘તે ગાંડો છે કે વિદ્વાન’ એ નામ ઉચિત નથી. ચિત્રનું પાત્ર ગાંડો હોવાનું હું જાણું છું અને મને એનું સાદૃશ્ય બરાબર લાગે છે; પરંતુ કલામય ફોટોગ્રાફીને વ્યક્તિત્વ સાથે ઓછો સંબંધ હોય છે. ચિત્રમાં લખનારની એકાગ્રતા ધ્યાન ખેંચે તેવી છે. ઊંચા દૃષ્ટિકોણથી ચિત્ર લેવાયું હોવાથી જમીનની બૅકગ્રાઉન્ડમાંથી વિષય બહાર તરી આવે છે. સહેજ જમણી તરફ ખસીને સ્નૅપ લીધો હોત તો હાથ ને માથું છુટાં પડત.

ભાઇ મનુ પટેલે સરસ વસ્તુને અનુકૂળ પળે ઝડપી છે. એમાં પાત્રની ક્રિયા યથોચિત સ્થિતિમાં મૂર્તિમંત થઇ છે. એક હાથે ચલમ પકડી બીજા હાથે ચીપિયા વડે અંગારાને સંકોરતા અને ફૂંકતા યુવાનનું આ ચિત્ર મૌલિક એટલું જ આકર્ષક છે. ટેકનિક પણ સારી ગણાય છે. બૅકગ્રાઉન્ડ અને વિષયના વર્ણભેદમાં જોઈતો તફાવત નથી એ કારણે ચિત્ર ઉઠાવદાર બનતું નથી. વળી ઉચિત નામ શોધવામાં ભાઈ

પડેલ સફળ થયા નથી.

ભાઇ પરીખે, આફ્રિકાના આદિમ નિવાસીનું તેના અસલ પોષાકમાં ચિત્ર લીધું છે. ટેકરા ઉપર ચડી, ધનુષ્ય સાથે શિકારની શોધમાં નીકળી પડેલા આફ્રિકનનું આ ચિત્ર એની જાતિનું પ્રતિનિધિ જણાય છે. ચિત્રમાં ગતિ ઝડપાઈ છે.'શિકારની શોધમાં' નામ ચિત્રનું વસ્તુ સમજવામાં મદદ કરે તેવું છે. બે બાજુ અને ઉપરથી લગભગ અરધો ઇંચ ચિત્રને કાપવાની જરૂર છે. એટલા ભાગનું એન્લાર્જમેન્ટ કરવાથી, પ્રદર્શનમાં મોકલવા યોગ્ય ચિત્ર બનશે.

બલવન્ત ભટ્ટ

સંસારનાં શહેરો

૧૮-બુડાપેસ્ટ

ભાષા, લોહી અને રસ્મોરિવાજમાં આજુબાજુનાં બધાં રાજ્યોથી જુદું પડતું ને લીલાછમ પહાડોથી ઘેરાએલું હંગેરી મધ્ય યુરોપના ભૂમિભાગનો એક 'ટાપુ' જ ગણી શકાય. એણે તાતારોને રોક્યા, તુર્કોને રોક્યા અને વચ્ચે રશિયન રીંછ સામે પણ અણનમ દિવાલસમું બની ઊભું હતું. એવી સામર્થ્યવાન એ ભૂમિની અધિવાસી મગ્યાર જાતિએ 'આલતાઇ પર્વતોમાંથી ઊતરી આવી આર્પાદના સેનાનીપણા નીચે આ મુલ્કનો કબજો મેળવેલો. નવમી સદીમાં સ્ટીફને એની રાષ્ટ્રીય સંઘટના નિર્માણ કરી, ને એના અમલમાં જ હંગેરીએ ખ્રિસ્તી ધર્મ સ્વીકારતાં પોપ સીલ્વેસ્ટર બીજાએ તેને સંત બનાવ્યો. ઈ. ૧૫૨૬માં હંગેરીએ ઑસ્ટ્રિયાનું સ્વૈચ્છિક આધિપત્ય સ્વીકાર્યું, પરંતુ મહાયુદ્ધ પછી વેર્સાઇના તહનામાથી તે તેનાથી સ્વતંત્ર થયું.

બુડાપેસ્ટ આ હંગેરીનું પાટનગર છે. ડાન્યુબ નદીને સામસામે કાંઠે આવેલાં બુડા અને પેસ્ટ એ બે શહેરોને જુદા જુદા ૭ પુલો વડે જોડી દેવાઇને ઇ. ૧૮૭૨માં તેનું નિર્માણ થયું. બુડાનું આજનું પરૂં ઓબુડા જ્યાં આવેલું છે ત્યાં અગાઉ રોમનોએ ઍક્વિનકુમ નામનું સંસ્થાન વસાવેલું હોવાનો ઉલ્લેખ મળેછે. ત્યારથી માંડીને મગ્યાર લોકોના આક્રમણ સુધીનો ઇતિહાસ અંધારામાં જ રહ્યો છે. ઇ. ૧૨૪૧માં મંગોલોએ પેસ્ટનો ધ્વંસ કર્યા પછી હંગેરીના રાજા બેલા ચોથાએ આજનું બુડા વસાવ્યું (૧૨૪૭), અને ૧૩૬૧થી રાજધાની તરીકે તેની પ્રતિષ્ઠા કરવામાં આવી. ત્યારબાદ ફ્રેન્ચ ને ઈટાલિયન કલાકારોએ બુડામાં કલાનો પ્રાણ પૂર્યો ને ફ્લેમિશ તથા વેનેશિયન વેપારીઓએ પેસ્ટને વ્યાપારી કેન્દ્ર બનાવ્યું.

ડાન્યુબની બંને બાજુ મળીને બુડા પેસ્ટ ૮૦ ચોરસ માઇલનું ક્ષેત્રફળ ધરાવે છે. એના ૭ પુલોમાંનો એક તો યુરોપમાં સૌથી જબરો ઝૂલતો પૂલ છે. પુરાણી ઢબની ઈમારતો સાથે આધુનિક સ્થાપત્ય પણ ત્યાં વિકસ્યું છે અને દરબારગઢમાં આવેલો ૮૬૦ ખંડોનો બનેલો રાજપ્રાસાદ ખાસ પ્રેક્ષણીય છે. ત્યાંનાં રોગશામક ઊનાં ઝરણાં તો પ્રખ્યાત છે જ. બુડા ઊંચી સપાટીના મેદાન પર આવેલું છે. જ્યારે પેસ્ટ માત્ર ડાન્યુબનાં પૂરથી બચાવ થઇ શકે એટલી જ ઊંચાઇએ બાંધેલું હોઇ, બુડા પરથી જોતાં મૂરિશ અને રોમાનેસ્ક શૈલીની ઇમારતો સાથે તેનું આખું દૃશ્ય સાંગોપાંગ જોઈ શકાય છે.

શહેરના મધ્યથી માંડી ઠેઠ વારોસ્લિગેટ (નગરોદ્યાન) સુધી આન્દ્રાસી ઍવેન્યુ નામનો રાજમાર્ગ પથરાએલો છે. ઉદ્યાનને નાકે જબરાં પૂતળાં ઊભાં કરેલાં છે, જ્યારે આજુબાજુમાં ઝૂઑલૉજિકલ ગાર્ડન્સ તથા મ્યૂઝિયમો આવેલાં છે. નગરોદ્યાન બધો મળી ૨૪૦ એકર પટ રોકે છે.

વણાટ, રસાયણો, તથા તમાકુ ને ચામડાં કેળવવાના બુડા પેસ્ટના મુખ્ય ઉદ્યોગો છે. બર્લિન સિવાય યુરોપના બીજા કોઈ પાટનગરે એના જેટલો ઝડપી વિકાસ નથી સાધ્યો.



ડાન્યુબની બંને બાજુએ આવેલાં બુડા અને પેસ્ટનું દૃશ્ય



યેસાજીએ નવી તરવાર મૂકી ઠૂંઠી તરવાર ઉપાડી લીધી અને મુજરો કર્યો

ઠૂંઠી તરવાર

શિવાજી મહારાજે હિંદુપત–પાદશાહી સ્થાપવાની હજી તો શરુઆત જ કરી હતી. એમના આ કાર્યને અટકાવવા વિજાપુરના બાદશાહે પુષ્કળ સૈન્ય તોરણાના કિલ્લા પર મોકલ્યું. પણ એની સામે ટક્કર ઝીલે એટલું, કેળવાએલું ને મોટું સૈન્ય શિવાજી પાસે નહોતું. એમની પાસે તો માત્ર ત્રણસો જેટલા મરાઠા યોદ્ધા હતા.

પણ વિજાપુરના પ્રચંડ સૈન્ય આગળ ત્રણસેં માણસ શા હિસાબમાં? અને એ બધા લડાઈમાં જાય તો કિલ્લાનું રક્ષણ કોણ કરે? આ પ્રશ્ન શિવાજીને મૂંઝવતો હતો. સૈન્યમાં ભરતી કર્યા સિવાય બીજો ઉપાય નહોતો.

નવું સૈન્ય ઊભું કરવા માટે આસપાસનાં ગામમાં દાંડી પિટાવી. દાંડી સાંભળતાં જ માવળા અને કોળી લોકો તોરણાના કિલ્લા આગળ એકઠા થવા માંડ્યા. થોડા દિવસમાં તો પાંચ હજાર માણસ એકઠું થયું. નવા સૈન્ય માટે નવાં હથિયાર બનાવવા એક કારખાનું શરૂ કર્યું. જેમજેમ સૈન્યમાં ભરતી થતી ગઈ તેમતેમ કારખાનામાં તરવારના ઢગ થતા ગયા.

નવા સૈનિકોને નવી તરવારો આપવાનો એક સારો દિવસ શિવાજી મહારાજે નક્કી કર્યો; અને તે દિવસે તમામ સૈનિકોને પોતાની પાસે બોલાવ્યા. સૈનિકો આવીને હારબંધ ઊભા રહ્યા. બધી તરવારો તેમની સામે આણીને મૂકવામાં આવી.

એક પછી એક એમ દરેકને નવી તરવાર આપવાની શરુઆત થઈ. દરેક સૈનિક શિવાજી મહારાજને નમન કરતો અને ભવાનીના સોગન લઈ તરવાર હાથમાં લેતો. આમ દરેક સૈનિકને એકેક તરવાર આપી, છેવટે બધાને વહેંચતાં એક છેડો તૂટેલી તરવાર રહી. શિવાજી મહારાજે એ ઠૂંઠી તરવાર લઈને કહ્યું: 'આ ખંડિત તરવાર કોને જોઈએ છે? જેને લેવી હોય તે આગળ આવે, અને અખંડ તરવાર મૂકી આ તૂટેલી તરવાર લઈ જાય.'

પણ કોઈ યે આગળ ના આવ્યું!

એ બાકી રહેલી તરવારની અણી તૂટી ગએલી હતી, એટલે એવી ભાંગેલી તરવાર લેવા કોણ આવે!

બધા ચુપચૂપ ઊભા રહ્યા. દરેકના મનમાં થયું: 'આપણે તો કંઇ જવું નથી. જેને જવું હશે તે જશે.'

ભાંગેલી તરવાર લેવા કોઈ જ આવતું નથી એ જોઈ શિવાજી મહારાજને ખૂબ આશ્ચર્ય થયું. થોડી વાર પછી એ બોલ્યા: 'પોતાની નવી તરવાર પાછી આપી આ તરવાર લેવાને કોણ તૈયાર છે?'

આખી તરવાર મૂકીને તૂટેલી તરવાર લેવા કોણ તૈયાર હોય? આવી તરવારથી યુદ્ધમાં લડાય પણ શી રીતે? એટલે કોઈ તૈયાર ના થયું.

'કેમ? કોઈને આ તરવાર નથી જોઈતી?' શિવાજી મહારાજે ફરીથી સૌ તરફ આશ્ચર્યથી નજર ફેરવતાં પૂછ્યું. અને પછી દરેક સૈનિકની પાસે ગયા, પણ શિવાજીની

સામે કોઈ નજર પણ માંડી શકયું નહિ.

છેવટે શિવાજીએ તરવાર નીચે મૂકી. એટલામાં યેસાજી નામનો એક યુવાન આગળ આવ્યો ને બોલ્યો: 'મહારાજ! મારી નવી તરવાર આપી દઇ આ તૂટેલી તરવાર લેવા હું તૈયાર છું.'

બીજા બધા સૈનિક એના તરફ જોઈ રહ્યા અને અંદર અંદર બોલ્યા: 'કેવો ગાંડા જેવો છે! ભાંગેલી તરવાર લઇને શું ખેતરમાં ઘાસ કાપવા જવાનું છે?' બધાએ આમ એને ગાંડા ગણી કાઢ્યો.

યેસાજીએ પોતાની કમરેથી નવી તરવાર છોડી નાંખી અને તૂટેલી તરવાર લઈ મુજરો કર્યો.

શિવાજી મહારાજ પ્રસન્નતાથી તથા કંઇક આશ્ચર્ય પામતા એના તરફ જોઇ રહ્યા અને બોલ્યા : 'યેસાજી! મારો કંઈ હુકમ નથી. તારે લેવી હોય તો લેજે.'

'શું? આ તરવારથી મને લડતાં નહિ આવડે મહારાજ?' યેસાજીએ અભિમાનથી કહ્યું અને એ ભાગેલી તરવાર લઇ ટટ્ટાર છાતીએ તે ચાલતો થયો.

ધીમે ધીમે નવા સૈનિકોને તરવાર, ભાલા વગેરે વાપરતાં શીખવવાનું શરૂ થયું. જ્યાં બધાને શસ્ત્ર વાપરતાં શીખવતા હતા ત્યાં યેસાજી પોતાની ભાગેલી તરવાર લઇને આવ્યો. એની બુઠ્ઠી તરવાર જોઇ બધા સૈનિકોએ હસવા માંડ્યું. પણ યેસાજીને તો એની કાંઇ અસર ના થઇ.

એક દિવસ મુસલમાનોની છાવણીની હીલચાલ જોવા શિવાજી મહારાજે યેસાજીને એકલો જ મોકલ્યો.

મરાઠા સૈન્ય જે ઝાડીની બાજુમાં છુપાઈ રહ્યું ત્યાંથી થોડેક જ દૂર બાદશાહી લશ્કરની છાવણી હતી.

યેસાજી એક નાના ટટ્ટુ પર સવાર થઇ, કમરે પેલી ઠૂંઠી તરવાર લટકાવી, ધીરેધીરે પાદશાહની છાવણી તરફ ગયો. તેની પાછળ જ, યેસાજીને ખબર ના પડે તેમ, શિવાજી મહારાજ પોતાના દસપંદર ચુનંદા સૈનિકો લઇને નીકળી પડ્યા.

યેસાજી હજી તો અરધે રસ્તે પણ નહોતો પહોંચ્યો ત્યાં ચાર મુસલમાન સૈનિકોએ એને ઘેરી લીધો. આ ચારે સૈનિકોના ઘોડા પાણીદાર હતા અને તેમની તરવારો તેજદાર હતી.

ત્યારે યેસાજી પાસે એક નાનું ટટ્ટુ ને ઠૂંઠી તરવાર હતી! એમની સામે એનું કંઈ ચાલે તેમ નહોતું.

પેલા સૈનિકોએ યેસાજી ઉપર ચારે તરફથી હુમલો કર્યો, પણ યેસાજી ચપળતાથી એના નાના ટટ્ટુ સાથે તેમની વચ્ચેથી આબાદ નાસી ગયો. નાના ટટ્ટુને લીધે જ એ ફાવી ગયો. નાના ઘોડાની માફક મોટા ઘોડાથી સાંકડી જગ્યામાંથી નીકળી શકાતું નથી.

નાસતો નાસતો યેસાજી ઘાડી ઝાડીમાં ભરાઈ ગયો. મોટા લાંબાપહોળા ઘોડા સાથે ગીચ ઝાડીમાં પીછો પકડવાનું મુસલમાન સૈનિકોને ફાવ્યું નહિ, એટલે ઘોડા ઉપરથી ઊતરી જઇ, ઝાડીમાં થઇને તેઓ યેસાજીની પાછળ દોડ્યા.

યેસાજી ઝાડીમાં સંતાઈ જતા ભાગ્યો હતો તેથી સૈનિકોને નક્કી લાગ્યું કે એ પાદશાહી છાવણીની હીલચાલ જોવાને જ આવ્યો હોવો જોઇએ. એટલે એને ચોતરફથી ઘેરી લઇ પકડવાનો તેમણે બેત કર્યો. ચાર દિશામાં ચાર જણ વહેંચાઈ ગયા ને તેનો પીછો પકડ્યો.

ઝાડીમાં રહેરહે યેસાજીએ જોયું કે ચારે જણા છૂટા પડી ગયા છે. હવે હિંમત લાવી પોતાની ભાંગેલી તરવાર કાઢીને સિપાઈ સામે લડવા તૈયાર થઇ રહ્યો.

એક સિપાઈ તેની નજીક આવી પહોંચ્યો. તત્કાળ બન્ને ઝપાઝપી પર આવી ગયા. ઘાડી ઝાડીમાં યેસાજીની ઠૂંઠી તરવાર સપાટાબંધ ફરવા માંડી, પણ મુસલમાન સિપાઇની લાંબી અણીદાર તરવાર તો ઝાડીમાં ભરાઈ જતી, એટલે એને લડતાં ફાવતું નહિ. યેસાજીએ આ જોયું એટલે લાગ જોઈ એના હાથ ઉપર એણે તરવારનો ઝાટકો લગાવ્યો.

સિપાઈની તરવાર હાથમાંથી છૂટી ખણણણ્ કરતી નીચે પડી. ને નીચે પડતાંની સાથે જ યેસાજીએ ઊચકી લીધી અને ઝાડીમાંથી એ ઉતાવળો મેદાન પર આવી પહોંચ્યો. ત્યાં તેમના ચારે ઘોડા સરંજામ સાથે ઊભા હતા. તેમાંથી એક પાણીદાર ઘોડો જોઇ તે પર બેસીને એ નાસી છૂટ્યો.

યેસાજી જરાક આગળ જાય છે ત્યાં એણે શિવાજી મહારાજને સામેથી આવતા જોયા. નીચે ઊતરીને એણે મુજરો કર્યો અને બધી હકીકત કહી સંભળાવી.

શિવાજી મહારાજ આનંદમાં આવી ગયા અને તેની પીઠ થાબડતાં કહ્યું: 'બહાદુર યેસાજી! છેવટે તેં ભાંગેલી તરવારના બદલામાં આખી તરવાર મેળવી ખરી, કેમ?'

બીજે દિવસે બધા સૈનિકોને એકઠા કરવામાં આવ્યા અને યેસાજીએ નવી તલવાર અને ઘોડો કેવી

રીતે મેળવ્યાં તે શિવાજી મહારાજે કહી સંભળાવ્યું.

અને પછી સમજાવ્યું કે 'માણસમાં જો આવડત હોય તો અધૂરાં સાધનથી પણ યશ મેળવી શકે છે. યેસાજી યુદ્ધકળામાં કુશળ છે, એટલે ભાંગેલી તરવારના બદલામાં એણે નવી તરવાર અને ઘોડો જીતી આણ્યાં. લડવામાં બહાદુર હોય, પણ કુશળતા ના હોય તો નવી તરવારે શા કામની?'

જે જે સિપાઈઓએ યેસાજીની મશ્કરી કરી હતી તે બધા અત્યારે નીચું જોઈ ભોંય ખોતરવા મંડ્યા.

યેસાજીનાં પરાક્રમથી ખુશ થઈ શિવાજી મહારાજે તેને એક નાની ટુકડીનો સરદાર બનાવ્યો.

(સાંભળેલી વાત) **સૌ. શ્રીમતી બાલા મજમુદાર**



પંચતંત્રની વાર્તાઓ

પ્રવચન પૂરું કરતાં શિઆળ કહે:

'અલ્પધી પણ ત્યાં શ્લાઘ્ય જ્યાં વિદ્વાન મળે નહિ ।
નિરસ્તપાદપે દેશે એરંડો વૃક્ષમાં ખપે ।। હિ. મિ. ૬૯।।
આ પોતાનો પરાયો આ ગણના લઘુચિત્તની ।
ઉદારચરિતોને તો વસુધા જ કુટુમ્બક ।।

જેમ આ મૃગ મારો બન્ધુ છે તેમ આપ છો.' મૃગ કહે, 'આ ચર્ચા નિરર્થક છે. સઉ હળીમળીને સાથે રહિએ.' કાગડો કહે ઠીક.

એક દિવસ શિઆળે એકાન્તમાં કહ્યું, 'હરણભાઈ, આ વનના એક ભાગમાં લીલા મોલનું ખેતર છે, તે તું ભેળો આવ તો તને દેખાડું.' મૃગે ખેતર જોયું. ને નિત્ય ત્યાં જઈને મોલ ચરવા મંડ્યો. એટલે ક્ષેત્રપતિએ ફાંસો નાંખ્યો. તેમાં બંધાયેલો હરણ વિચાર કરે છે: 'મિત્ર વિના બીજું કોણ આ કાલપાશથી મને બચાવે?' ત્યાં શિઆળ આવી ચડ્યો. એને થયું, કે 'કપટપ્રબન્ધથી ઠીક આપણો મનોરથ સિદ્ધ થયો. આનાં માંસલોહીલિપ્ત હાડકાં મને અવશ્ય મળશે.' પણ મૃગને તો એને જોઈને ઉલ્લાસ થયો ને કહ્યું, 'ભાઈ જંબુક, મારો બંધ છેદી નાખ ને મને ઝટ બચાવ, કેમ કે

આપદે મિત્રને જાણો યુદ્ધે શૂર ઋણે શુચિ ।
ભાર્યા નિર્ધનતામાં ને વ્યસનોમાં જ બાન્ધવ ।।
હિ. મિ. ૭૨।।

શિઆળે ફરી ફરી જોઈ જોઈ ને વિચાર્યું, બંધ છે તો કઠણ, અને કહ્યું, 'મિત્ર, આ ફાંસો સ્નાયુનો બનાવેલો છે, એને આજે રવિવારે કેમ કરીને દાંત લગાડું! જો તને ખોટું ન લાગે તો પ્રભાતે તું કહીશ એમ કરીશ.' એમ કહી એની પાસે સંતાઈને રહ્યો. પ્રદોષકાળ થઈ ગયો તોય હરણ આવ્યો નહિ એટલે કાગડો એને ગોતવા નિકળ્યો અને એની એવી દશા જોઈ કહ્યું. 'મિત્ર, આ શું?' મૃગ કહે, 'મિત્રનું કહ્યું ન માન્યું, એનું આ ફળ છે. તથા કહ્યું છે:

હિતેચ્છુ સુહૃદોકેરું કહ્યું જે સાંભળે નહિ ।
સમીપે ભીડ છે એને નર એ શત્રુનન્દન ।।૭૪।।

કાગડો કહે 'એ ઠગારો ક્યાં છે?' મૃગ કહે, 'મારા માંસની લાલચથી અહિં જ ઊભો છે.' કાગડો કહે, 'મેં તો પ્રથમ જ નહોતું કહ્યું? ઉપકારીનું બગાડનારા પાપીને ભગવતી ધરતીમાતા કેમ ઝીલતી હશે? અથવા

કદાપિ ન કરો ભાઇ મિત્રતા દુર્જનો તણી ।
ઊનો અંગાર બાળે છે ટાઢો કાળા કરે કર ।।૮૦।।

સવારે ક્ષેત્રપતિ હાથમાં લાકડી લઈને ત્યાં આવતો હતો તે કાગડાએ જોયું, અને કહ્યું, 'સખે હરણ, તું પોતાને મૃતવત્ દેખાડી પેટને વાયુથી ભરી પગ સ્તબ્ધ કરીને રહે, અને હું સાદ કરું એટલે ઊઠીને ઝટપટ ભાગજે.' હરણ એ પ્રમાણે રહ્યો. 'આ પોતાની જાણે જ મુઓ છે,' એમ કરીને ક્ષેત્રપતિ મૃગના બંધ છોડીને જાળ સંકેલવા મંડ્યો, એવો જ કાગડાએ સાદ દીધો એટલે હરણ ઊઠીને પલાયન કરી ગયો; અને એના ઉપર ક્ષેત્રપતિએ લાકડી ફગાવી તે શિઆળને વાગી ને એ મરી ગયો. મહાપુણ્ય તથા મહાપાપનું ફળ અહિં જ ત્રણ વર્ષમાં, ત્રણ માસમાં ત્રણ પક્ષમાં અથવા ત્રણ



કાગડાએ સાદ દીધો એટલે હરણ ઊઠીને પલાયન કરી ગયો અને ક્ષેત્રપતિએ લાકડી ફગાવી તે શિયાળને વાગી.

દામાં પણ મળી જાય છે. એટલે હું કહું છું 'ભક્ષ્યભક્ષકની પ્રીતિ' ઇત્યાદિ.

કાગડો કહે 'ઉંદરજી, તમને ખાઉં એમાં મારું ક્યાં પેટ ભરાઈ જવાનું હતું, પણ તમે જીવો તો જેમ ચિત્રગ્રીવનો એમ મારો જીવ પણ તમે કોક દી બચાવો, એટલે મારી પ્રાર્થનાનો અનાદર તમારે ન કરવો.'

હિરણ્યક કહે, 'તું ચપળ છો. ચપળનો સ્નેહ કરીને શું સાર? બિલાડી, પાડો, મેંઢો, કાગડો ને કાપુરુષ આટલાનો વિશ્વાસ નહિ. વળી તું અમારો વેરી છો. સુસંધિ કરિએ તોય શત્રુ તે શત્રુ; પાણીને ગમે એટલું તપાવિએ તોયે તે દેવતાને ઠારી જ નાખે.' લઘુપતનક કહે, 'એ ઠીક છે, પણ મારો સંકલ્પ છે, જે તારી હારે અવશ્ય મૈત્રી કરવી; નહિ તો અનાહાર કરીને હું તારા દ્વાર આગળ પ્રાણ તજીશ.' એટલે હિરણ્યકે એની હારે મિત્રતા કરી.' પછી બેય જણ અન્યોન્ય ખાવાનું આપે છે, તથા કુશલપ્રશ્ન અને ગોઠડી કરે છે, એમ દિવસ વીતે છે.

એકવાર લઘુપતનકે હિરણ્યકને કહ્યું, 'મિત્ર, આ દેશમાં દુર્ભિક્ષ પડ્યું છે ને આહાર મેળવતાં કષ્ટ પડે છે, એટલે આ દેશ ઉપર મને વિરાગ આવી ગયો છે, અને પાસે જ દક્ષિણાપથના વનગહનમાં કર્પૂરગૌર નામે મહાસરોવર છે, ત્યાં મારો પ્રિય મિત્ર મન્થરક નામે કાચબો વસે છે એની પાસે હું જાઉં છું.' હિરણ્યક કહે, 'વાયસભાઇ, તો પછી મારે અહિં રહીને શું કરવું છે? હુંયે તમારા ભેગો આવીશ.' એમ કરીને બેય જણ મન્થરક આગળ આવ્યા. મન્થરકે બેયનું આતિથ્ય કર્યું અને પછી હિરણ્યક સામું જોઈને પૂછ્યું: 'આ ઉંદર કોણ છે અને વિજનવનમાં કેમ આવ્યો છે?' એટલે લઘુપતનકે ચિત્રગ્રીવનું ઉપાખ્યાન કહ્યું, અને હિરણ્યકે આત્મકથા માંડી:

(ચાલુ) દેસાઇ વાલજી ગોવિન્દજી

તારો કોઇ લેણદાર રાખે તો હમેશાં કંજૂસ અને અધીરો રાખજે, જેથી તું ઉડાઉ થતો મટીશ અને દેવાદાર રહેતાં બચીશ.

બીજાના દોષ તારી પાસે વર્ણવનાર માણસ તારા દોષ પણ બીજાની પાસે ગાતો ફરતો હશે, એ ધ્યાનમાં રાખજે.

Our Friends Abroad

પરદેશી પત્રમિત્ર મેળવનાર ભાઈ ઈન્દુકુમાર નાનાલાલ જસાણી (પો. બૉ. ૭૮૪ રંગૂન) તરફનો પત્ર

'Roxlyn' NORTHAM (West Australia)
'રૉકસલિન' નૉર્ધામ (પશ્ચિમ ઑસ્ટ્રેલિયા)

પ્રિય ઈન્દુ,

ત્રણ અઠવાડિયાં પહેલાં તા. ૧૫ એપ્રિલે ૧૯૩૯ તમારો મજાનો પત્ર મને સાવ એકાએક મળ્યો. એ પછી વખત કેટલો જલદી વીતી ગયો! પણ આ પત્ર તમને મળે ત્યારે વિલંબ માટે મને માફ કરજો. દરિયાપારથી કોઈનો પણ પત્ર મેળવવાની આશા મેં મહિનાઓથી છોડી દીધી હતી. હું શાળામાં હતી ત્યારે પત્રમિત્ર માટે તદ્દન ઉદાસીન હતી. મારાં અંગત સંબંધીઓને જ ઘણા પત્રો લખવાના રહેતા, એટલે બીજાઓ પર આવતા એવા પત્રો જાંખીને જ હું સંતોષ મેળવતી. પણ હવે તો મને પણ પત્રમિત્ર મળી રહ્યો. આ માટે તમારો આભાર.

નૉર્ધામ હાઇસ્કૂલમાં ગયે વર્ષે પત્રમિત્રોનો વાયરો ચઢ્યો હતો. એ સિવાય બીજી વાત જ ક્યાં ય નહોતી. મારી બોર્ડિંગની પાંચ બહેનપણીઓને કેટલા યે પત્રમિત્રો હતા. એક જણ તો બાર મિત્રોને નિયમિત લખ્યા કરતી. નૉર્ધામ સ્કૂલના એક શિક્ષક પરદેશના પત્રવ્યવહારને ખૂબ ઉત્તેજન આપતા અને તેના થકી જ નૉર્ધામ હાઈસ્કૂલનાં લગભગ સવા ત્રણસો છોકરાછોકરીઓને પત્રમિત્રો હતા. ગયે વર્ષે તેમણે અમારા બધા વર્ગના વિદ્યાર્થીનાં વય અને નામો પત્રમિત્રો મેળવવા આપ્યાં હતાં. તેમાંથી કંઇ નીકળી આવશે એવી મને તો આશા જ નહોતી; પણ ગઇ કાલે જ નૉર્વેના બોડો (Bodo) ગામની એક છોકરીનો પત્ર મને અણધાર્યો મળ્યો અને હવે મારી પાસે બે પત્રમિત્રો થયા. પણ એ બંને વચ્ચે કેટલું અંતર! એક ઉષ્ણકટિબંધ ઉપર ને બીજી છેક ધ્રુવપ્રદેશમાં! મારો ભાઈ તો કહે છે કે બંને ઉપર એક જ દહાડે જવાબ લખવો, જેથી મારું ટેમ્પરેચર સમતોલ રહે! ધગધગતા ઉનાળાની સાંજે હિમપ્રદેશનું ચિત્ર ઠંડક આપી શકે છે એ પણ એક વિચિત્ર જ ને?

મને પોતાને પણ ફિલ્મ જોવી બહુ જ ગમે છે. મારાં માનીતાં પાત્રો એરોલ ફ્લિન, રૉબર્ટ ટેલર, ડાયાના ડર્બિન, જેનેટ મૅકડોનલ્ડ અને નેલ્સન એડી છે. જો કે છેલ્લાં બંને જરા mankish છે. તમને કેમ લાગે છે? છેલ્લાં પાંચ વર્ષથી તો હું નૉર્ધામમાં જ રહેતી. અઠવાડિયું આખું હાઇસ્કૂલમાં હાજરી ભરતી અને રજાને દિવસે ઘેર આવતી. દર અઠવાડિયે એકાદ ચિત્ર જોવા જતી. સંગીતવાળાં ચિત્રો મને ખાસ ગમે છે. મને જો કે બહુ ગાતાં આવડતું નથી, પણ નૉર્ધામ મેથોડિસ્ટ ચર્ચના પ્રાર્થનામંડળમાં હું બે વર્ષથી જોડાએલી છું. હું saprano ગાઉં છું. નૉર્ધામના દેવળપ્રચારકોની હું પિયાનો વગાડનારી પણ છું. બધી જાતનું સંગીત હું વગાડી શકું છું: શિષ્ટ સંગીત, નૃત્યલય અને સ્તુતિપદો.

ઑસ્ટ્રેલિયામાં ધર્મના બે મોટા સંપ્રદાયો પડી ગયા છે. રોમન કેથૉલિક અને પ્રોટેસ્ટંટ. પ્રોટેસ્ટંટમાં વળી ઘણા વિભાગ છે. મેથોડિસ્ટ, પ્રેસ્બિટેરિયન ચર્ચ ઑફ ઇંગ્લંડ, ચર્ચ ઑફ ક્રાઇસ્ટ, બૅપ્ટિસ્ટ અને બીજા ઘણા નવા છે. પ્રોટેસ્ટંટો ઘણે ભાગે કૅથૉલિકમાં લગ્ન કરતા નથી. કરે છે ત્યારે એકબીજાનો ધર્મ બદલીને કરે છે, અથવા બેમાંથી કોઇને ધર્મની પડી હોતી નથી ત્યારે કરે છે. પરંતુ ધર્મની બાબત મૈત્રીમાં આડી આવતી નથી આખા દેશનો એક જ ધર્મ હોય તો કેવું સારું? છતાં તમારે ત્યાં જેમ ઘણી જાતિઓ છે એવું અમારે ત્યાં નથી, કારણકે થોડા અપવાદ સિવાયના અમે બધા જ બ્રિટિશનો પરિવાર છીએ.

તમારું નૃત્ય જોવાની બહુ ઇચ્છા થાય છે, -ખાસ કરીને પ્રાચીન હિન્દુ નૃત્યો. પ્રાચીનમાં મેં તો અહીંની સ્થાનિક આદિ વસાહતી માઓરી જાતિનાં નૃત્યો માત્ર જોયાં છે. બે વર્ષ પહેલાં કેટલાંક માઓરી ઠાકોરો અને ઠકરાળાંનું ટોળું ન્યૂઝીલાંડમાંથી આવ્યું હતું અને ઑસ્ટ્રેલિયામાં ઠારોઠાર જલસા કર્યા હતા. તેઓએ રંગબેરંગી વાઘા પહેર્યા હતા તથા તેમની જ ઢબે નાચ કર્યા હતા, અને તે ઘણા જ આકર્ષક થયા હતા. સ્કૂલમાં શારીરિક કાર્ય તરીકે અમે અંગ્રેજી લોકનૃત્યો કરીએ છીએ. તેમાં આઠઆઠ જણની ટુકડીઓ હોય છે. તેમાં આમતેમ કૂદતાં જગ્યા બદલીને અમારા સાથવાળાની સાથે ઝૂલવાનું. એમ ચાલ્યા જ કરે. આખી ટોળી થોડાક વારની જગ્યામાં જ ઘૂમે. હૉલના બૉલ નૃત્યની પેઠે એક છેડેથી બીજા છેડા સુધી જવાનું નહિ. સ્કૂલમાં અમારા સ્નેહસમારંભો થાય ત્યારે ડાન્સ મુખ્ય હોય; પણ તે બૉલરૂમના. હું તે પ્રસંગોમાં હાજરી આપતી અને ખૂબ મજા પડતી. મારાં માબાપ ડાન્સિંગથી વિરુદ્ધ છે, કારણકે ડાન્સિંગ સાથે જ દારૂનો સંબંધ છે તેથી જ હજુ હું શહેરના ડાન્સમાં ભળતી નથી. પણ હું શિક્ષિકા થઇશ ત્યારે મારે આવા સામાજિક મેળાવડાઓ જમાવવામાં ભાગ લેવો જ પડશે. તેમાં ડાન્સ તો હોય જ.

હમણાં હું ઘેર છું. સાથે માબાપ અને એક ભાઈ છે. સ્કૂલમાં મૉનીટરની એક જગ્યા મળવાની રાહ જોઈ રહી છું. નૉર્ધામ હાઇસ્કૂલમાં ગયા નવેમ્બરમાં મેં શિક્ષણની છેલ્લી શાળાન્ત પરીક્ષા આપી દીધી છે. હવે તો ક્યાંક કામે લાગી જવા ઇંતેજાર છું. મારી બે બહેનો અને એક

ભાઈ નિશાળમાં શિક્ષકો જ હતાં. પણ એક બહેન તો હવે પરણી. બીજા બે ભાઈઓ પણ પરણેલા છે. મારે એક ભત્રીજો અને ત્રણ ભત્રીજીઓ છે. મોટી બહેન તો નર્સ છે. કુટુંબના ત્રણ ભાઈઓ અને ચાર બહેનોમાં હું સૌથી નાની છું. ૧૧મી મેએ મને બાવીસ વર્ષ થશે. તમારી ઉંમર જણાવશો.

આપણે કેવા જુદા જુદા આવાસમાં છીએ ? તમે એક મોટા નગરમાં અને હું એક ખેતર વચ્ચે. અમે લોકો બધી જાતની ખેતી કરીએ છીએ. અમારે સાતસો પચાસ એકર જમીન છે, એમાંથી થોડામાં ઓટ અને થોડામાં ઘેટાંને ખવડાવવા ઘઉં વાવીએ છીએ. આ ઘેટાં અસલ ડૉરસેટ જાતનાં શીંગડિયાં અને મરીનો છે. પાંચ ગાયો છે. બાકી મરઘાં, ને બતકાં આખો પ્રદેશ બહુ રમ્ય છે. બધે ડુંગરાળ જમીન છે. એક ટેકરીની બાજુમાં ફળના બગીચા વચ્ચેના ઘરમાં હું રહું છું. તે કલ્પી લેજો. નૉર્ધામથી નવ માઇલ છેટાં અમે પડ્યાં; કલગુલી અને પર્થની પાકી સડકને કાંઠે જ. કોઇકોઇવાર એ સડકે અમે ગાડી હંકારીએ છીએ.

નૉર્ધામમાં પાંચેક હજારની લોકવસ્તી છે. એક ખીણમાં આવેલું તે રમણીય સ્થળ છે. આવાં નદી તેની વચ્ચોવચ વહે છે. સુંદર કાળા અને ધોળા હંસો (પશ્ચિમ ઑસ્ટ્રેલિયાની જ નિપજ) નદીનું ચિત્ર સમૃદ્ધ કરે છે. તમે એનાં ચિત્રો તો જોયાં હશે. નહિ તો હું નદી અને નૉર્ધામનું ચિત્ર મોકલી આપીશ. બે માળનું હાઈસ્કૂલનું મકાન, સરસ સાફ લીલી ઝાંખરી, બગીચા, મત્સ્યસર, આ બધાં નૉર્ધામનાં રંગટપકાં છે. નૉર્ધામમાં ઘાસ જ થાય છે. ઘઉં માટે ભેજવાળી જમીન જોઇએ એટલે ઘઉં તો અંદરના ભાગમાં જ થાય છે. નૉર્ધામમાં વર્ષે તો સરેરાશ વરસાદ ૧૭ ઇંચ.

પશ્ચિમ ઑસ્ટ્રેલિયામાં ઈરાવદી જેવી કોઇ મહા નદી નથી. અહીંની નદીઓ સાવ ટૂંકી હોય છે, તો તેનો ઉપયોગ ડેરી ઉદ્યોગો માટે પાણીપ્રચારમાં થાય છે.

તમારો વેપાર મને બહુ નવાઈભર્યો લાગે છે. ખાસ કરી હીરાની બાબત. ઑસ્ટ્રેલિયામાં હીરા થતા નથી. પશ્ચિમ ઑસ્ટ્રેલિયામાં તો ઊન ઘઉં, માંસ, સાગ, ખનીજ, ફળો (તાજાં અને સંઘરેલાં) ડેરી પદાર્થો, ઇંડાં, ચામડાં, છાલો વગેરેની નિકાસ છે.

હું આજ સુધી ટિકિટો સંઘરવામાં રસ લેતી નહોતી, પણ જે મળ્યા તે કાગળો ઉપરથી તમારા માટે ટિકિટો ભેગી કરતાં મને પણ તેમાં મજા પડી છે. તમને તે બધી નવી લાગશે એમ માનું છું.

મેં ગયા વર્ષથી ફોટોસ્નૅપ લેવા શરૂ કર્યા છે તેવા મેં પાડેલા બે મોકલું છું. અત્યારે બહુ સારા ન મળ્યા તેથી દિલગીર છું. અમે પોતાના કૅમેરાથી એ જ ચિત્રો પાડીયે છીએ, એટલે ભવિષ્યમાં સારાં મોકલીશ.

હું પાંચ ફૂટ પાંચ ઇંચ ઊંચી છું. હળવા કથ્થાઇ વાળ છે. હળવી ભૂખરી આંખો છે. હું સીવણ બહુ કરું છું, ખાસ કરી ફેન્સી કામ, કૉર્શેટ કામ અને પોશાક બનાવવાનું. મારાં કપડાં હું જાતે જ સીવી લઉં છું. કોઇ નવું કાપડ વેતરતાં મને બહુ મૉજ પડે છે. પણ આ વાતમાં તમને કંઇ રસ નહિ પડે.

રમતો હું બધી રમું છું. ઉનાળામાં ટેનિસ, શિયાળામાં હૉકી અને શાળામાં તો બેઈઝબૉલ અને બાસ્કેટબૉલ સુદ્ધાં. શિયાળાની ઠંડીમાં સાંજે ઘરમાં જ ટેબલ ટેનિસમાં મઝા પડે. અહીં શિયાળો કેવો હોય છે તે તમને નહિ સમજાય. ઑસ્ટ્રેલિયાનો શિયાળો બીજે કરતાં હળવો છે. મને ટાઢનો ત્રાસ લાગે છે. નૉર્વેમાં મારી બીજી પત્રમિત્ર છે ત્યાં તો હું જીવી શકું જ નહિ. તેમ અતિશય ગરમી પણ મને ગમતી નથી. અહીં તો ઉનાળામાં ૧૦૮ ડિગ્રીથી વધુ ગરમી પડતી નથી.

આ દેશમાં પત્રમિત્ર મેળવવાની બીજા કોઇની ઈચ્છા જણાતી નથી, એટલે હું દિલગીર છું. મારા બધા મિત્રોને પહોંચી શકે એટલા પત્રમિત્રો મળી ગયા છે. મેં પત્રમિત્ર તરીકે તરુણ મિત્રની પસંદગી કેમ કરી તે જાણવાથી તમને આશ્ચર્ય થશે. મારી શાળામિત્ર ફ્લો મિડલટન ઉપર કાન્તિલાલ મહેતાના એવા રસિક પત્રો આવતા હતા કે તે પરથી મને લાગ્યું કે છોકરીઓ કરતાં છોકરાઓ સરસ પત્રો લખી શકે છે. હું છોકરી છું એ વાત તમે નિભાવી લેશોને ? હવે આ પત્રનું વજન ન વધી જાય તો સારું, અને તમને પણ કંટાળો ન આવવો જોઇએ. બાકીનું બીજા વખત માટે રહેવા દઉં છું.

આ પત્ર મળે ત્યારે તમે સરસ મિજાજ અને તબિયત ભોગવતા હો. તમને—મારા નવીન પત્રમિત્રને સર્વ શુભેચ્છાઓ સમેત અંતઃકરણપૂર્વક

સિલ્વિયા

નવાં પુસ્તકો

તુલસી ક્યારો—લેખક: ઝવેરચંદ મેઘાણી, પ્રકાશક: આર. આર. શેઠની કં. પ્રિન્સેસસ્ટ્રીટ મુંબાઇ-૨, ૨-૮-૦; **એકતારો**—(ભજનો, ગીતો અને કાવ્યોનો સંગ્રહ) લેખક અને પ્રકાશક: ઝવેરચંદ મેઘાણી. ફુલછાબ કાર્યાલય રાણપુર, ૧-૦-૦; **સમિધ**-(જુદાજુદા આધુનિક લેખકોની નવલિકાઓનો ચૂંટેલો સંગ્રહ)—'તણખા' માસિકના ભેટ પુસ્તક તરીકે પ્રગટ કરનાર દશરથલાલ ઠાકર, રાજપુર રાયપુર, અમદાવાદ, ૧-૮-૦; **સરસ્વતીપુરાણ**-સંશોધક અને વિવેચક: કનૈયાલાલ ભાઈશંકર દવે, પ્રકાશક ફાર્બસ ગુજરાતી સભા, મુંબાઈ-૪, ૨-૦-૦ **રમલ**—અજ્ઞાત કવિઓનો કાવ્યસંગ્રહ—સંપાદકો: બિપિન ચિનાઇ અને પ્રવીણ રૂપારેલ; પ્રકાશક: પ્રવૃત્તિસંઘ, ૮૩, માપલા મહાલ, ઠાકુરદ્વાર, મુંબાઇ-૪, ૦-૫-૦; **ઇડરિયો નીડર**—એક સત્યકથા (સ્વ. ચતુર્ભુજ માણેકેશ્વર ભટ્ટનું ચરિત્ર) લેખકપ્રકાશક: રામચન્દ્ર ઠાકુર, અશોક બિલ્ડિંગ, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ-૨, ૧-૦-૦.



માધુકરી

ચલ ચલ રે નૌજવાન

કહેના મેરા માન માન—ચલ૦

દૂર તેરા ગાંવ, ઔર થકે પાંવ,

ફિર ભી તું હરદમ, આગે બઢા કદમ,

રુકના તેરા કામ નહિ, ચલના તેરી શાન—ચલ૦

તૂ આગે બઢે જા, આફતસે લડે જા,

આંધી હો યા તુફાન, ફટતા હો આસમાન,

(બંધન) રુકના તેરા કામ નહિ, ચલના તેરી શાન—ચલ૦—કવિ પ્રદીપ

સ્વ. ચતુર્ભુજ માણકેશ્વર ભટ્ટ

ઇડરથી ચાર માઈલ દૂર આવેલા બડોલી ગામમાં એક નિર્ધન પ્રભુભક્ત વિપ્રને ત્યાં ઇ. ૧૮૭૨માં એમનો જન્મ થયો. માતાવિહીન બાળકને પિતાએ ઈડરમાં એક ખાખી બાવાને ત્યાં રાખી વિદ્યાભ્યાસ કરાવ્યો. એ બાવાના સંસર્ગથી સંસ્કૃત ભાષા પ્રત્યે એમને એટલા મોટા પ્રમાણમાં અનુરાગ થયો કે તેમણે અગિયાર વર્ષની વયે રઘુવંશ, ગીતા, અષ્ટાધ્યાયી તથા રુદ્રીના શ્લોકો કંઠસ્થ કરી નાખ્યા. પિતાની આજ્ઞાથી ચૌદ વર્ષની વયે લગ્નની ધૂંસરીમાં જકડાવું પડેલું છતાં તેમણે અમદાવાદની મિશન હાઈસ્કૂલમાં અભ્યાસ ચાલુ રાખ્યો અને પોતાના અભ્યાસમાં તેમજ ત્યાંનાં ચર્ચામંડળોમાં વક્તા તરીકે નામના કાઢી પ્રિન્સિપાલ હૅન્ડર્સનની પણ તારીફ મેળવી. હિંદના દાદા સ્વ. દાદાભાઈ પાર્લામેંટમાં પ્રથમવાર હિંદી સભ્ય તરીકે નીમાયા ત્યારે તેમણે જ સત્તર વર્ષની કુમારવયે અમદાવાદની ટંકશાળના મકાનમાં જાહેર સભા બોલાવી પોતાની સ્વદેશભક્તિની અભિરુચિ દર્શાવી આપી હતી.

મુંબાઈના પ્લેગમાં પિતાનું અવસાન થતાં શિરછત્રવિહીન થએલા ચતુર્ભુજે હિંમત મૂકી નહિ. એની મહત્ત્વાકાંક્ષા બૅરિસ્ટર થવાની હતી, પરંતુ જીવનમાં એમનો એક જ એ નિર્ણય કારગત થયાવિનાનો રહી ગયો. છતાં અઠવાડિયાના ત્રણત્રણ દિવસ મ્યુનિસિપાલિટીની બત્તી નીચે અને બીજા ચાર દિવસ એક પૈસાના ભરાવેલા ગ્યાસલેટના દીવે વાંચીને (પોતાનાં ભાઈબહેનોના અને પોતાના વસ્તારની આર્થિક જવાબદારી માથે હોવા છતાં પણ) અંને વખતની ડીસ્ટ્રિક્ટ પ્લીડરની પરીક્ષા એમણે પસાર કરી અને બૅરિસ્ટર થવાના પોતાના નિર્ણયની અફરતા પોતાના પૌત્ર કૌશિકને 'બેટા, બૅરિસ્ટર થજે' એ આશીર્વાદમાં મૂર્તિમંત કરી હતી. તેઓ ડિસ્ટ્રિક્ટ પ્લીડર થયા તે સમય દરમિયાન અમદાવાદમાં ફૉનોગ્રાફ લાવી તેનો વેપાર કરનાર એ પ્રથમ જ હતા.

છવ્વીસમેવર્ષે તેઓ ઈડરમાં મુન્સફ થયા; એકત્રીસમે વર્ષે શ્રી સોમાલાલ શાહ સાથે 'ગુજરાતી પંચ'ની સ્થાપના કરી; પાંત્રીસમે વર્ષે તેઓ સમાજસુધારક થયા અને તેને અંગે પુસ્તકો તથા લેખો લખ્યા. ઇ. ૧૯૦૨માં અમદાવાદના આંગણે શ્રી સુરેન્દ્રનાથ બૅનરજીના પ્રમુખપદે હિંદી રાષ્ટ્રીય મહાસભાનું અધિવેશન બોલાવનારા આગેવાનોમાં તેઓ અગ્રેસર હતા. સુડતાલીસમે વર્ષે તેમણે સાદરામાં સ્વતંત્ર વકીલ તરીકે પ્રૅક્ટિસ શરૂ કરી હતી, અને છપ્પનમે વર્ષે તેઓ દાંતાના મુનસફના પદથી દીવાનપદ ઉપર આરૂઢ થયા.

મુન્સફ અને દીવાન તરીકે તેઓ સ્પષ્ટવક્તા અને અત્યંત ન્યાયનિષ્ઠ હોવાથી રાજાપ્રજાનું એકસરખી રીતે મનરંજન કરી શકયા હતા. એક વખત દાંતા રાજ્યમાં લૂટફાટનો ત્રાસ વધી પડયો ત્યારે સ્ત્રીઓના વેશમાં સિપાઈઓની જાન જોડાવી જાન લૂંટનારાઓને ઠાર કરી, પ્રજાને નિર્ભય કરી પોતાને એ યુક્તિ સંસ્કૃત સાહિત્યના વાંચનમાંથી મળી આવેલી એમ પાછળથી કહીને એ સાહિત્યના પોતાના ગાઢ સંપર્ક પ્રત્યેની કૃતજ્ઞતા દર્શાવી હતી. સ્વતંત્ર વકીલાત વખતે તેમણે રંક અસીલોના કેસો મફત અને ઘણીવાર અંગત ખર્ચે ચલાવ્યા હતા.

કેળવણીના પ્રચાર માટે ઇડર તરફ તેમણે ઘણા પ્રચારો કર્યા છે. ઇડરમાં વેદપાઠશાળા માટે તેમણે મહારાજા કેસરીસિંહ પાસે ૨૦૦૦ રૂપિયા અપાવ્યા હતા. એ ઉપરાંત કન્યા-

શાળા, વિધવાશ્રમ, પુસ્તકાલય તથા વિદ્યાર્થીમંડળને પણ ત્યાંના મહારાજા પાસેથી મદદ અપાવી હતી. છપ્પનિયાના દુકાળમાં ઈડરથી શામળાજી સુધી પાકી સડક કરાવવાનું નવું કામ ખોલી તેમણે અસંખ્ય બેકારોને રોજી અપાવી હતી.

ગુજરાતી સાહિત્યમાં પણ તેમણે થોડો ફાળો પૂર્યો છે. તેમાં 'ગુજરાતી પંચ'ની વાર્ષિક ભેટ તરીકે અપાએલી 'સુવર્ણ કુમારી' નામની નવલકથા તથા વિજળી ગામડિયણ નામનું સામાજિક નાટક, ઇન્ડિયન પીનલ કોડ તથા મુંબઈ ગામલતદારી કોર્ટના ઍક્ટનો તરજૂમો વગેરે જાણીતાં છે. તેમનો એક બાળગીતોનો સંગ્રહ છઠ્ઠી આવૃત્તિએ પહોંચ્યો છે.

લગભગ પાંસઠ વર્ષની વયે સમગ્ર ભારતવર્ષીય ઔદીચ્ય બ્રહ્મસમાજના, પુષ્કરમાં ભરાયેલા વીસમા સંમેલનમાં પ્રમુખ તરીકેની જવાબદારીભરી ફરજો અદા કર્યા પછી પાછા ફરતાં તેમના હૃદયનો રોગ ઊથળી આવ્યો અને દોઢ દિવસની સામાન્ય માંદગી ભોગવી તેઓ ઈ. ૧૯૩૯ના નવેમ્બરની ૨૩મીએ બપોર પછી દેવલોક પામ્યા.

આપબળે ઊભા થઈને પ્રારબ્ધ સામે ઝૂઝનાર એ નીડર, નિષ્પક્ષ અને સત્યનિષ્ઠ દીવાન અને જાણીતા સમાજસુધારકના જીવનનો પરાગ આજ પણ ગુજરાતમાં ફોરી રહ્યો છે.

—શ્રી રામચન્દ્ર ઠાકુર કૃત 'ઈડરિયો નીડર એક સત્ય કથા' નામના એમના જીવનચરિત્રમાંથી તારવીને.

બલ્ગારિયાનો રાષ્ટ્રપ્રાણ

યુરોપના અગ્નિકોણે બાલ્કન દ્વીપકલ્પમાં આવેલા નાના અને ગરીબ છતાં ખુમારીભર્યા દેશ બલ્ગારિયાએ આજથી બાસઠ વર્ષ પર પોતાની જાતને તુર્કોની ધૂંસરી નીચેથી સ્વતંત્ર બનાવ્યા પછી અદ્ભુત રાષ્ટ્રીય વિકાસ સાધ્યો છે. ઓગણીસમી સદીના અંત ભાગે જ્યાં એકે આધુનિક શિક્ષણસંસ્થાનું નામ નહોતું એ દેશની શિક્ષણપદ્ધતિ આજે યુરોપના કોઇ પણ દેશનો મુકાબલો કરી શકે એવી બની રહી છે. ૧૮૭૮ના સ્વાતંત્ર્ય વર્ષ પહેલાં કોઇ સાચો શિક્ષક જ્યાં નહોતો મળતો એ દેશમાં આજે ચુનંદા અધ્યાપકોની આખી જમાત જ્ઞાનદાનમાં તત્પર રહી છે. અરે, સંસ્કારની છાયા સરખી જ્યાં નહોતી ત્યાં આજે એ દેશે સ્વાયત્તતા સાધીને સંસ્કારની જે ગંગા બાસઠ વર્ષના ટૂંકા ગાળામાં વહેતી કરી છે એ કોઈ પણ પતિત દેશની પ્રજાના નિરુત્સાહમાં આશાનો પ્રકાશ ફેંકી શકે એમ છે.

એક વખત બલ્ગારિયાનો પણ 'સુવર્ણકાળ' હતો જ્યારે, તુર્કીના આધિપત્યની પાંચ સદી પૂર્વે ડાન્યૂબથી તે ઠેઠ ઇજીઅન સમુદ્ર સુધી અને આડ્રિયાટિકથી તે કાળા સમુદ્ર સુધી બળવાન બલ્ગાર રાજ્યની સીમા વિસ્તરતી. એના લેખક અને ફિલસૂફ રાજા સીમિયનો દરબાર પૂર્વની કોઇ પણ વિદ્વાન સભાનો મુકાબલો કરે તેમ હતો. આપણામાંના ભાગ્યે જ કોઇ જાણતા હશે કે સંસ્કારથી સદા ડરતા રહેતા જંગલી રશિયનોને મૂળાક્ષરોનું જ્ઞાન આપનાર પણ બલ્ગારો જ હતા.

આજના બલ્ગારિયન સાહિત્યનો નિર્માતા નિર્વિવાદપણે ક્રિસ્ટો બોટેફને ગણાવી શકાય. રોઝ વૅલીના એક ગામમાં બાલ્કનની ગૌરવશીલ છાયા નીચે જન્મેલો ઓગણીસમી સદીનો એ મહાન કવિ અને નિર્ભીક ક્રાન્તિકર આજે યે એકેએક બલ્ગાર હૃદયમાં જીવંત રહ્યો છે. એની કૃતિઓ થોડી હોવા છતાં આઝાદીનો પ્રાણ એમાં પરાકાષ્ઠાએ પહોંચે છે. એવો જ એનો આધુનિક મહાન સાહિત્યનિર્માતા ઇવાન વાઝોફ પણ એ જ રોઝ વૅલીમાં જન્મેલો છે. કવિ, નાટકકાર ને નવલકથાકાર આ વાઝોફ માત્ર રાષ્ટ્રીય કવિ જ નહિ પણ આઝાદ બલ્ગારિયાના પ્રાણનો ઉદ્‌ગાતા છે. અંગ્રેજીમાં અનુવાદિત થએલી એની 'Tarkish yoke' તમે વાંચો તો જ તમને એની પૂરી ખાતરી થાય. અને એના થીઓડોર માઝારોફને તો ન્યૂ યૉર્કના મેટ્રોપોલિટન ઑપેરામાં આવતી સાલ ગાવાનું ખાસ આમંત્રણ અપાયું છે.

ગયા મહાયુદ્ધ પછી તો બલ્ગારિયાની કલામાં પણ નવો પ્રાણ સ્ફૂરવા લાગ્યો છે. ચિત્રકળા સાથે પ્લાસ્ટિક આર્ટ્સનો પણ ત્યાં એટલો જ વિકાસ થયો છે અને એના કલાકારો રોમ, પારીસ બર્લિન, મિલાન અને ઠેઠ ન્યૂ યૉર્કમાં સફળતાપૂર્વક પોતાનું કામ ચલાવે છે.

અજબ આત્મઘાત

સાન કવેન્ટીનની અંધારકોટડીમાં પુરાએલા એક કેદીએ સામાન્ય ગંજીફાનાં પાનાંમાંથી એક ભયંકર બૉંબ બનાવીને પોતાનો જે અંત આણ્યો એ રીત માનવમગજ વધસ્તંભને છેતરવા માટે શોધી કાઢેલી યુક્તિઓમાં અકલ્પ્ય જ લાગે.

પોલિશ તોખમના વિલિયમ કોગુતને ખિસાના નાનકડા ચપ્પુ વડે એક સ્ત્રીનું ખૂન કરવાના આરોપસર ખૂનની સજા થયેલી. કશી આશા ન રહેતાં તે વિચાર કરતો શાંતિથી પોતાની કોટડીમાં પડી રહ્યો. એની આંખ આગળ ફાંસીના ગાળાનો ઓળો તરી રહ્યો.

તેની નિસ્તેજ આંખો ઓચિંતી ચમકી ઊઠી. હિંમત અને પદ્ધતિપુરઃસર વિલિયમ કોગુત પોતાને કામે વળગ્યો. કેદખાનાના ખાટલામાંથી જ એણે પોકળ નળીનો એક ટુકડો ખેંચી કાઢયો. એ જ મુખ્ય વસ્તુ હતી. ત્યાર પછી એણે પોતાની પાસેના સામાનમાંથી એક ગંજીફો કાઢયો, તેમાંથી બધી લાલ ને ચોકટ કાપી કાઢી અને તેના નાના નાના ટુકડા કરી નાખ્યા બધે મોત જેવી શાંતિ પથરાએલી હતી ને રાત પણ લાંબી હતી. એને પડખેની જ કોટડીઓના બીજા આઠ કેદીઓને આ બાબતની ગંધ પણ નહોતી.

કોગુતે એ બધા રંગીન કકડા લઈ પાણીના પ્યાલામાં પલાળ્યા. પછી એને ગૂંદી નાખી પેલી નળીમાં ઠાંસ્યા. પછી એક સાવરણીનો હાથો એ નળીમાં મજબૂત રીતે



ફાંસી એનું 'અંતરાળ એર-ટાઈટ' બનાવ્યું ને બૉંબ સંપૂર્ણ થયો. એને ખબર હતી કે રમવાનાં પાનાં સેલ્યુલોસ જે-માંથી ખૂબ ઉગ્ર જ્વાલાગ્રાહી ટ્રાઇ-નાઇ-ટ્રો સેલ્યુલોસ બને છે એ-વા પદાર્થ-માંથી બના-વવામાં આવે છે.

બૉંબ તૈયાર થયો એટલે સાવચેતીપૂર્વક એણે દીવો લઇ એની નાની શિખા સમક્ષ એ ધર્યો ને નળીમાં વરાળ ને ગૅસો ઉત્પન્ન થવા લાગ્યા. થોડી વારે નળી ગરમ થઈ ગઈ. હવે અંજામ આવવાની પળ આવી એટલે એ ભયંકર રમકડા સમક્ષ માથું નમાવી એ અઢેલી બેઠો.

એણે કેટલો વખત રાહ જોઇ હશે તે કોઇ નથી જાણતું. પ્રભાતના રંગે જેલની દીવાલો રંગાઇ ત્યારે એક ભયંકર ધડાકાએ આસપાસની માઇલો સુધીની ભૂમિને ધ્રુજાવી મૂકી. જેલખાનાનો ભયઘંટ રણકી રહ્યો. ગાર્ડો પોતપોતાને સ્થાને ગોઠવાઈ ગયા ને તપાસ શરૂ થઈ. મોતની સજા પામેલા કેદીઓની કોટડીની હાર પાસે પહોંચતાં જ ઉશ્કેરાએલા ગાર્ડો ૧૬૫૧ નંબરની છિન્નભિન્ન કોટડી સામે ભયત્રસ્ત બની ઊભા રહ્યા!

હાઇતી

અમેરિકામાં ક્યૂબાથી અગ્નાસ્ત આઇલ પર નૈઋત્યે આવેલો હિસ્પાનિયોલાનો ટાપુ બે અમેરિકન રાષ્ટ્રો ધરાવે છે: એક હાઈતી અને પ્રજાસત્તાક, બીજું ડોમિનિકન પ્રજાસત્તાક.

૧૦,૭૦૦ ચોરસ માઈલના હાઇતીને ખૂબ વિસ્તૃત દરિયાકિનારો છે અને એની ભૂમિ ખૂબ ડુંગરાળ છે. ક્રિસ્ટોફર કોલંબસે એ શોધી કાઢયું ત્યારે દસેક લાખ આરાવાક ઇંડિયનો ત્યાં વસતા હતા, જે બધાંને સ્પેનિશ સાંસ્થાનિકોએ થોડાં જ વરસમાં નાબૂદ કરી નાખ્યા.

આમ નિર્જન બનેલા ટાપુને ફરી આબાદ બનાવવા માટે અને ત્યાંના સ્પેનિયર્ડોને મજૂરી પૂરી પાડવા માટે લાસ કેસાસ નામના એક પાદરીએ સ્પેનની સરકાર પાસેથી ત્યાં આફ્રિકાથી ગુલામ તરીકે હબશીઓ આયાત કરવાની અનુમતિ મેળવી. આ રીતે જૂની દુનિયામાંથી નવી દુનિયામાં ગુલામીના વેપારે પગપેસારો કર્યો.

સોએક વરસ વીત્યા પછી ફ્રેન્ચ સાહસિકો આ ભૂમિ પર ઊતરવા માંડ્યા ને ધીમે ધીમે પશ્ચિમ ભાગમાં એટલો પગદંડો જમાવ્યો કે ૧૬૯૭માં રીસવિકની સંધિથી સ્પેનને એ આખો ભાગ ફ્રાન્સને આપી દેવો પડયો. ૧૮મી સદીના ફ્રેન્ચ શાસકોના તળે હબશી ગુલામો પણ આબાદ થવા લાગ્યા ને પોતાની મિલકત વસાવવા લાગ્યા એટલું જ નહિ પણ ફ્રેન્ચોના સ્વાતંત્ર્યના આદર્શે પણ એમના પર ઊંડી છાપ પાડી ને એમણે આઝાદ થવા પ્રયાસ કર્યો. એમાં એ સફળ થયા અને નવા સ્વતંત્ર રાજ્યને એમણે એનું પુરાણું ઈંડીઅન નામ 'હાઇતી' આપ્યું, જેનો અર્થ થાય 'ડુંગરાળ ભૂમિ'

પરંતુ આ ટાપુનો પૂર્વનો ભાગ હજુ સ્પેનના આધિપત્ય તળે હતો. ઇ. ૧૮૨૧ માં ત્યાં પણ બળવો જાગ્યો અને હાઈતીનો પ્રમુખ બોયર તેમની મદદે ગયો. એ ભાગ પણ સ્વતંત્ર થયો અને આખો ટાપુ એક શાસન તળે આવ્યો. પૂર્વ અને પશ્ચિમ બંને ભાગોનું આ જોડાણ ઇ. ૧૮૪૪ સુધી કાયમ રહ્યું. એ સાલમાં પછી પૂર્વના સ્પેનિયર્ડોએ પોતાનું સ્વતંત્ર રાજ્ય ઊભું કર્યું અને તેને 'ડોમિનિકન રીપબ્લીક' નામ આપ્યું.

હાઇતીની વસતિ ૩૦,૦૦૦૦૦ એટલે કે દર ચોરસ માઇલે ૨૭૫ની છે જે અમેરિકાના બીજા કોઈ પણ રાજ્યથી વધારે ગીચ છે. વસતીના ૯૦ ટકા શુદ્ધ હબશી અને ૧૦ ટકા 'મુલાટો' છે. એનું રાજધાનીનું શહેર પોર્ટ-ઑ-પ્રિન્સ (Port-au-prince) છે. એનો સંસ્કારિતાનો આદર્શ ફ્રેન્ચ સંસ્કારિતા પર જ નિર્માણ થએલો છે.

દરિયાકિનારા પરની દીવાદાંડીઓ

દુનિયાની સાતે સાત અજાયબી ન જાણનાર માણસને પણ ઈજિપ્તની ફારોસ દીવાદાંડી તેમાંની એક અજાયબી હોવાની ખબર હશે. ઘણાક તેને ટૉલેમીએ બંધાવેલી માને છે, પણ ખરી રીતે તે સૉસ્ટ્રેટીસે બંધાવેલી. એની ઊંચાઈ લગભગ ચારસો ફૂટની હતી ને એને મથાળે સતત તાપણું સળગતું રહેતું. ત્યાર બાદ રોમનોએ પણ ભૂમધ્યના કિનારે તથા બ્રિટન અને ગૉલની આસપાસ દીવાદાંડીઓ ઊભી કરેલી પરંતુ આજની દીવાદાંડીઓની સાચી પૂર્વજ તો ઇ. ૯૦૫માં ઑર્લીના વેપારીઓએ જીરૉંના મુખ પર બંધાવેલી 'તૂર દ કૉર્દો' દીવાદાંડી ગણાય.

દીવાદાંડીઓમાં પહેલાં લાકડું જ બાળવામાં આવતું, પરંતુ પાછળથી કોલસાનો ઉપયોગ શરૂ થયો. સ્કૉટલૅન્ડની આઇલ ઑવ માનની દીવાદાંડી વરસે ચારસો ટન કોલસો બાળતી એવું અનુમાન છે. તોફાન હોય ત્યારે આ પ્રકાશ પવનની દિશામાં ખૂબ પ્રકાશિત જણાતો, પણ દરિયાની બાજુએ લગભગ અદૃશ્ય થઇ જતો. આ કારણે ઇ. ૧૮૬૦માં ટનબાર મુકામે બે વહાણો ભાંગી પણ ગએલાં.

ત્યાર બાદ દીવાદાંડીમાં મીણબત્તીઓનો આશરો લેવાયો. એડીસ્ટનની ત્રીજીવારની દીવાદાંડી બાંધનાર સ્મીટને અઢારમી સદીના વચગાળામાં 'candelabrum'નો ઉપયોગ કરી તેની અંદર ને બહારની બાજુએ ચોવીસ મીણબત્તી ગોઠવેલી.

ત્યાર બાદ તેલપ્રકાશનો વારો આવ્યો, પણ ૧૮૭૦ સુધી તેનો પ્રકાશ મીણબત્તીઓથી પ્રબળ નહોતો. પરંતુ એ વર્ષમાં આર્ગાં નામના એક ફ્રેન્ચે ગોળ દિવેટથી બળતું ફાનસ શોધી કાઢ્યું ને એવાં અનેક ફાનસ દીવાદાંડીમાં વપરાવા લાગ્યાં.

ઇ. ૧૮૮૬માં ઑઆર ફૉન વેલ્સબાકે 'ઈન્કેન્ડેસેન્ટ મૅન્ટલ' શોધી કાઢ્યું. પહેલાં તો એ જમીન પર જ કોલગૅસ સાથે વાપરવામાં આવતું, પરંતુ હવે ઘણીખરી—ખાસ કરીને બ્રિટનની—દીવાદાંડીઓમાં એનો ઉપયોગ થઇ રહ્યો છે. ૧૮૮૯થી વીજળીક પ્રકાશનો ઉપયોગ પણ દીવાદાંડીઓમાં થવા લાગ્યો છે. બ્રિટનના આઇલ ઑવ વાઇટ ઉપર આવેલી સૅંટ કૅથેરાઈન દીવાદાંડી તેનું ઉદાહરણ છે. ત્રીસ લાખ મીણબત્તી જેટલો પ્રકાશ એ આપે છે. પરંતુ જર્મનીની હેલીગોલૅંડ પરની દીવાદાંડીના ૩ કરોડ ૯૦ લાખ મીણબત્તીઓ જેટલા પ્રકાશ પાસે એ કોડિયા જેવી જ લાગે.

અગાઉના વખતમાં કૃત્રિમરીતે પ્રકાશ વધારવા માટે પુનરાવર્તકો (reflectors) યોજવામાં આવતા. કાચ કે ધાતુના રિફ્લેકટરોની આ યોજના 'catoptric' કહેવાતી. ત્યાર પછી પરાવર્તક (dioptric) યોજના અમલમાં આવી. હવે તો એથીયે સુંદર પ્રકાશગ્રાહક લેન્સનો ઉપયોગ થવા લાગ્યો છે.

ઍસ્બેસ્ટૉસ

શાહેનશાહ શાર્લમૅન પોતાનું ટેબલક્લૉથ જ્યારે મેલું થાય ત્યારે તેને ભઠ્ઠીમાં નાંખી દેવાનો પોતાના નોકરોને હુકમ કરતો. ભઠ્ઠીમાં પડતાં એનો બધો મેલ બળી જતો અને એ 'ધોવાઈ' જતું!

તમને એમાં અજાયબી લાગશે; પણ અજાયબી જેવું કશું એમાં નથી. એ ટેબલક્લૉથ ઍસ્બેસ્ટૉસનું બનેલું હતું. જમીનમાંથી ખોદી કઢાએલા કઠણ ખનિજની એ એક જાત આવે છે અને તેના રેસા વડે કાપડ વણવામાં આવે છે.

ખનિજમાંથી એ રેસા જુદા પાડવા તેને જબરાં યંત્રો વડે કચડવામાં આવે છે. પછી એ રેસાને પીંજી, કાંતી, ઊન જેવા તાંતણા તૈયાર કરવામાં આવે છે. વણવામાં વપરાતા તાંતણાની લંબાઈ બે ઇંચથી માંડી કેટલાક ફૂટ સુધીની હોય છે.

આ ઍસ્બેસ્ટૉસ ઈસવી સનની પહેલાંથી જાણીતું હતું. એ શબ્દ પણ મૂળ ગ્રીકમાંથી આવે છે. જેનો અર્થ થાય અદાહ્ય. છતાં નવાઇની વાત એ છે કે આધુનિક સમયમાં એનો ઉપયોગ તાજેતરમાં જ શરૂ થયો છે.

ઍસ્બેસ્ટૉસ અગ્નિ, ઍસિડ અને ખુદ કાળનો પણ પ્રતિકાર કરે છે. નાટ્યગૃહોના પડદા, જાજમો, કપડું વગેરે એનું બનાવવામાં આવે છે. ગરમીનો પ્રતિકાર કરવામાં, આગથી સંરક્ષણ આપતાં ફાયર-સૂટ્સ તથા પાટિયાં, બનાવવામાં પણ તે વપરાય છે. એની કેટલીક બનાવટો તો પાંચ હજાર ડિગ્રી ફારનહાઈટ જેટલી ગરમીમાં પણ અક્ષુબ્ધ રહે છે.

હિંદુસ્તાનનો પ્રાચીન વાઙ્મયભંડાર

તક્ષશિલાની પ્રસિદ્ધ વિદ્યાપીઠમાં (ઈ. પૂ. ૬૨૨) ૧૮ વિષયોનું અધ્યયન થતું હતું. સુપ્રસિદ્ધ વૈયાકરણી પાણિનિ આ જ વિદ્યાપીઠમાંથી બહાર પડેલા. એ જ રીતે ચંદ્રગુપ્ત મૌર્યને સામ્રાજ્ય અપાવનાર ચાણક્ય, આત્રેયી તથા જીવક એ સુપ્રસિદ્ધ વૈદ્યો અને રોજના ૩૨૦૦૦ શ્લોક લખનાર અનેક શાસ્ત્રોના પ્રણેતા કુમારલબ્ધ વગેરે આ જ વિદ્યાપીઠની નિષ્પત્તિ હતી. ઉદંતપુરી વિદ્યાપીઠ જેનો ઈ. ૧૨૦૩માં વિધ્વંસ થયો તેમાં ૬૦૦૦ વિદ્યાર્થી શીખતા હતા. વિક્રમશીલા વિદ્યાપીઠમાં (ઈ. ૭૦૫માં તેનો ઉદય થયો) છ પાઠશાળા, વિદ્યાર્થીઓ માટે છ અન્નછત્રો, ૧૦૮ અધ્યાપકો અને અનેક મંદિરો હતાં. નાલંદ વિદ્યાપીઠમાં (ઇસુની ૭મી સદી) ૧૦,૦૦૦ વિદ્યાર્થી, ૧૫૦૦ અધ્યાપકો, અને 'રત્નોદધિ' નામનું નવ મજલાનું ગ્રંથસંગ્રહાલય હતું. હ્યુએનત્સંગે એમાંના ૬૫૭ ગ્રંથોની નકલો ઉતારેલી અને તે લઈ જવા ૨૦ ઘોડાની જરૂર પડેલી. દક્ષિણ મહારાષ્ટ્રમાં ધન્ય કટક (ઇ. ૪૦૦)નું ગ્રંથસંગ્રહાલય પણ પ્રસિદ્ધ હતું.

દુનિયાની સખતમાં સખત ધાતુ

ચાહે તેવી વૈજ્ઞાનિક કસોટીઓમાંથી પસાર થયા છતાં દુર્ભેદ્ય રહેતા ટૅનસ્ટીલની દુનિયાના કઠણમાં કઠણ પદાર્થ તરીકે ગણત્રી કરી શકાય. લંડનની જૉન ટૅન લિ. પેઢીએ એ શોધેલ હોવાથી તેને એ નામ અપાયું છે અને ઑક્સી-ઍસિટિલીનના આક્રમણથી પણ તે સુરક્ષિત રહી શકે છે. ગમે તેવા દાહક બૉમ્બ પણ ટેનિસના દડા કરતાં વધુ ગંભીર અસર તેના પર નથી કરી શકતા. બ્રિટિશ ઑક્સિજન કંપનીએ એક અઠવાડિયા સુધી દરેક પ્રકારનાં આક્રમણો તેના પર કરી જોયાં. પણ અંતે એ ટૅનસ્ટીલને અભેદ્ય (impenetrable) જાહેર કરવું પડ્યું. એ ત્રાંબામિશ્રિત પોલાદની જ એક જાત છે અને 'બૉમ્બપ્રુફ', 'ફાયરપ્રુફ' અને 'સ્ટેઇનલેસ' (ડાઘ ન પડે તેવી) પણ છે.

પીવાના પાણીની સ્વચ્છતાની કસોટી

સૂક્ષ્મદર્શક યંત્ર કે એવાં બીજાં કશાં સાધનો વગર પણ પીવાના પાણીની સ્વચ્છતા તમે માપી શકો તેવો એક સાદો અખતરો આ રહ્યો. કાચના એક સામાન્ય પ્યાલામાં એક કકડો સાકરનો નાખી, પાંસઠ ડિગ્રી ફારનહાઈટ ઉષ્મામાન રહેતું હોય એવા સ્થાને બરાબર બાર કલાક તેને મૂકી રાખો. બાર કલાક પછી જોતાં જો તે સ્વચ્છ હશે તો જેવું ને તેવું દેખાશે, જ્યારે કશી પણ અશુદ્ધિ હશે તો તેમાં સહેજ દૂધિયા રંગની ઝાંય આવી ગઇ હશે.

વિમળા: બા, હું જન્મી ત્યારે તું ઘેર હતી?

બા: ના બેટા, હું મામાને ઘેર હતી.

વિમળા: ત્યારે તો મારા જન્મની વાત સાંભળીને તું એકદમ અચંબો પામી ગઈ હોઇશ!

ભારતીય સંવતો

[૧૫] નેવાર (નેપાલ) સંવત

ડૉ. ભગવાનલાલ ઇંદ્રજીને નેપાળમાંથી મળેલી વંશાવલી પરથી જણાય છે કે ઠાકુરી વંશના રાજા અભયમલ્લના પુત્ર જયદેવમલ્લે આ સંવત ચલાવેલો. ઇ. ૧૭૬૮માં નેપાળ ગુરખાઓને તાબે જતાં ત્યાં શક સંવતનો પ્રચાર થયો, પણ હજુ પુસ્તકલેખન આદિમાં એ સંવત કાયમ રહ્યાં છે. ડૉ. કિલહૉર્નની ગણતરી અનુસાર નેપાલ સંવતમાં ૮૭૮-૭૯ ઉમેરતાં ઇ.સ. અને ૯૩૫-૩૬ જોડતાં વિ. સં. આવે.

મોટા માણસોની નાની વાતો

જાપાનનો જાણીતો વિજ્ઞાની હિદેયો નોગુચી લંડનની સાયન્સ ઇન્સ્ટીટ્યૂટમાં કામ કરી રહ્યો હતો એ અરસામાં તેની મુલાકાતે ગએલા એક વિજ્ઞાનીને એક વિચિત્ર દૃશ્ય નજરે પડ્યું. બારણામાં એક ખુરસી પર એક જણ ઊભો હતો તેના હાથમાં એક સોટી હતી ને સોટીને બાંધેલી દોરીને છેડે સૅન્ડવિચ લટકતી હતી. દોરી નમતી નમતી નોગુચીના મોં પાસે આવી એટલે તેણે પેલી સૅન્ડવિચનો નાસ્તો કર્યો! કારણ, કામ આડે એને નાસ્તો કરવાની પણ ફુરસદ નહોતી. અને એ દોરી પકડી રાખનાર કોણ હતો, ખબર છે? રૉકફેલર રીસર્ચ ઈન્સ્ટીટ્યૂટનો એક ડીરેક્ટર!

આપણે

આપણું લોહી અવસાન પછી આઠ કલાક સુધી જંતુમુક્ત રહી શકે છે.

આપણા દેશની વાર્ષિક રાષ્ટ્રીય આવક ૨૪ અબજ છે, તેમાંથી ૨૦ અબજ તો માત્ર ખેતીજન્ય છે, જ્યારે માત્ર ૪ અબજ ઉદ્યોગજન્ય.

આપણી પૃથ્વીની વસતિના ૫૩.૧ ટકા એશિયામાં વસે છે, ૨૫.૬ યુરોપમાં, ૬.૭ ઉત્તર અમેરિકામાં, ૬.૮ દક્ષિણઅમેરિકામાં, ૭.૩ આફ્રિકામાં, અને ૦.૫ ઓશિયાનિયામાં.

આ મહિનો (ફેબ્રુઆરી) ઈતિહાસમાં

તા. ૫ પોતાના ભાઇ દારા પર ચડાઈ કરવા માટે ઔરંગઝેબ ઔરંગાબાદથી સૈન્ય લઈ દિલ્હી જવા ઊપડ્યો–૧૬૫૮

તા. ૬ મુગલ શહેનશાહ જહાંગીરે બાદશાહી ફરમાન દ્વારા અંગ્રેજોને વેપાર કરવા માટે સુરતમાં કોઠી સ્થાપવાની અનુમતિ આપી—ઇ. ૧૬૧૩

તા. ૮ વૉરન હેસ્ટિંગ્સ રાજીનામું આપી ઇંગ્લૅંડ જવા ઉપડ્યો—ઇ. ૧૭૮૫

તા. ૧૫ ગૅલીલીઓનો પીસા મુકામે જન્મ—ઈ. ૧૫૬૪ ** સ્પૅનિશ–અમેરિકન યુદ્ધનો પ્રારંભ—ઇ. ૧૮૯૮

તા. ૧૬ ધર્મનાં ખાબોચિયાં સામે શુદ્ધવિચારનો બળવો પોકારનાર જ્યોર્દાનો બ્રૂનોને રોમમાં સળગાવ્યો—ઈ. ૧૬૦૦

તા. ૧૭ મહાન ઉત્ક્રાંતિશાસ્ત્રી અને ‘ધ રિડલ ઑફ ધ યુનિવર્સ’ના લેખક એન્સ્ટ હાઇન્રિક હેકેલનો જન્મ–૧૮૩૪

તા. ૧૮ જાપાને મંચુ પ્રિન્સ હેન્રી પુ. યીને મંચુરિયાની ગાદીએ બેસાડ્યો—ઈ. ૧૯૩૨

તા. ૨૦ ગયા મહાયુદ્ધમાં વર્દૂનનું પ્રથમ યુદ્ધ—ઈ. ૧૯૧૬

તા. ૨૬ ટોકિયોમાં ત્રણ જાપાની પ્રધાનોનાં ખૂન—ઇ. ૧૯૩૬

તા. ૨૭ જર્મનીના ઈતિહાસમાં ખૂબ મહત્ત્વનો લેખાતો ત્યાંની પાર્લમેન્ટને લગાડેલી આગનો પ્રસંગ–ઇ. ૧૯૩૩ કેટલાક કહે છે કે એ આગ સામ્યવાદીઓને ઉચ્છેદવાનું બહાનું મેળવવા ખુદ નાત્સીઓએ જ લગાડી હતી.

આ માસની વિભૂતિ

ભારતમાર્તંડ પંડિત ગટ્ટુલાલજી



અસલ કોટાના નિવાસી પણ મૂળ તૈલંગી બ્રાહ્મણ ઘનશ્યામ ભટ્ટજીને ત્યાં જૂનાગઢમાં ઇ. ૧૮૭૧ના ફેબ્રુઆરીની ૮મી તારીખે એમનો જન્મ થયો. મોટપણે શીઘ્ર કવિનું બિરૂદ પામનાર એ બાળકે પાંચ વર્ષની વયે જ ‘થાળી પાળી ઘંટી બંટી તથૈવ ખાંડણિયું’ એવી કવિતા રચી હતી! સાતમે વર્ષે તો એમને અમરકોષ કંઠસ્થ હતો. આવા પ્રતિભાશાળી બાળકની નવમે વર્ષે શીતળાના ઉપદ્રવથી આંખો ગઇ, પણ તેનાં પ્રજ્ઞાચક્ષુ ખૂલી ગયાં. પિતા પાસેથી સંસ્કૃતભાષાનાં સર્વંગ ગ્રંથોભણી લઇને ચૌદ વર્ષની અંદર તો તેણે યમુનાલહરી રૂક્મિણીચમ્પૂ, વેદાન્તચિંતામણિ, મારુતશક્તિ વગેરે ગ્રંથો લખ્યા, અને સચ્ચિત્સિદ્ધાંતમાર્તંડ નામક પ્રૌઢ વાદગ્રંથમાં છપાએલા લક્ષ્મણગિરિના ૩૨ શ્લોકોનું ખંડન કર્યું. જોધપુરના મહારાણા સમક્ષ પંડિતોની સભામાં કંસવધકાવ્ય શીઘ્રકવિતાના પ્રયોગરૂપે રચી તેમણે પ્રથમ પંક્તિના શીઘ્રકવિ તરીકેનું બિરૂદ મેળવ્યું. સંસ્કૃત અને વ્રજભાષા ઉપરાંત ગુજરાતીમાં પણ તેઓ કવિતા રચતા જેનો સંગ્રહ ‘સુભાષિત લહરી’ નામથી પ્રકટ થયો છે. શીઘ્રકવિ ઉપરાંત તેઓ અદ્ભુત વ્યાખ્યાતા અને શતાવધાની પણ હતા ને અઢાર વર્ષની વયે એમણે કાશીના પંડિતો પાસેથી ૧૦૦ જુદીજુદી બાબતોનાં અવધાનો કરીને એ પદવીઓ મેળવી હતી. સંગીતમાં પણ તેઓ સરસ જ્ઞાતા હોવા ઉપરાંત મૃદંગ બજાવવામાં કુશળ હતા. ૧૮૮૭માં ભારત ધર્મ મહામંડળમાં વૈદિક ધર્મ ઉપર સંસ્કૃતમાં અપાએલા એમના વ્યાખ્યાને મોટા પંડિતોને પણ મુગ્ધ કર્યા અને ભારતમાર્તંડનું અદ્વિતીય પદ તેમને આપવામાં આવ્યું. આટલી પ્રતિભા અને વિદ્વત્તા હોવા છતાં અત્યંત નિરભિમાન અને શાંત મીલનસાર પ્રકૃતિના આ વિદ્વાનનું ઇ. ૧૮૯૮માં ભાવનગર મુકામે અવસાન થયું.

પોતાના મુસ્લીમ કુળને કારણે કોઈ દીક્ષા આપતું ન હોવાથી કબીર એક દિ' પરોઢિયે અંધારે ગંગાસ્નાને જતા સંત રામાનંદ જે સૌને દીક્ષા આપતા તેના માર્ગમાં રસ્તામાં પગથિયા પર સુતા. તેમના પર પગ પડવાથી રામાનંદથી બોલાઇ ગયું: 'અરે રામ! કોઇ કચડાઇ ગયું કે શું?' એ 'રામ' નામને ગુરુમંત્ર માની તેમની ચરણરજથી પાવન થવાની શ્રદ્ધા અંતરમાં ધરીને કબીરજીએ એ મંત્ર જપતાં જપતાં ભક્તિસાધના કરી.

અનેકાર્થી શબ્દ **કટાક્ષ**=એક છંદ; પત્તાંની રમતમાં અમુક પત્તાં ન હોવાં તે; કાતરણી કલમ કરવી તે; પતંગોના પેચ થવા-કરવા તે.

~

કહેવતોના અર્થ: 'સ્થાન પ્રધાન, નહિ બળ પ્રધાન.' માણસમાં શક્તિ વધારે કે ઓછી હોય, પણ તેનું મૂલ્ય તો તે જે સ્થાન પર હોય તેને અવલંબીને જ થાય છે એ દર્શાવવા માટે વપરાતી આ કહેવત સંબંધમાં એક વાત છે કે શંકર અને વિષ્ણુની એક મુલાકાત વેળા વિષ્ણુના ગરુડને જોઈ શંકરની કેડ પરના સર્પે ફુંફાડો મારતાં ગરુડે કહ્યું: 'શું કરું કે તું શંકરની કેડ પર છે; નહિતર તું તો મારો આહાર છે. સ્થાનં પ્રધાનં, ન બલં પ્રધાનં.' મોટે સ્થાને રહેલાં ઓછી શક્તિનાં માણસો માટે વપરાતી આવી જ બીજી કહેવતો: 'ખીલાને જોરે ભેંશ કુદે છે;' 'ગાદીને નામે ફળ વેચાય છે;' 'ઊતર્યો અમલ માણસ કોડીનું' વગેરે.

~

આપણી અરધી જિંદગી આપણે ભૂલો કરવામાં ગુમાવીએ છીએ અને બાકીની અરધી, તે ભૂલો આપણે કેમ વર્ત્યાં હોત તો ન બનત એ વિચારવામાં ગુમાવીએ છીએ.

~

ઊંટ પાણીમાં પડે છે તેવું જ ડૂબી જાય છે ને ડૂબતું બચવા કંઈ જ કોશિશ કરતું નથી.



ભૂલ છે

ચોપડીઓને અંગ્રેજીમાં 'વૉલ્યુમ' કહે છે તે ભૂલ છે. પ્રાચીન ઇજિપ્તમાં પેપીરસના લાંબા પટા પર લખાણ થતું ને તેનું વીંટીને જે ટીપણું કરી રાખતા તે વૉલ્યુમ કહેવાતું. એટલે વીંટી મૂકેલાં લખાણો જ વૉલ્યુમ નામને પાત્ર છે.

Book 'બુક' શબ્દ Boc એટલે પાટિયાંનો ઢગલો એ શબ્દ ઉપરથી બન્યો છે. એટલે છાપેલાં પાટિયાં ભેગાં બાંધ્યાં તે Book બની.

ગ્રન્થ શબ્દ 'ગ્રન્થી' (ગાંઠ) ઉપરથી પડ્યો છે. હિંદુસ્તાનમાં તાડપત્રો પર લખાણો લખી, એ બધાંની વચ્ચે કાણું પાડી, તેમને દોરીમાં પરોવી, બે બાજુ ગાંઠ વાળવામાં આવતી, જેથી તાડપત્રો વેગળાં થઇ ન જાય. આમ 'ગ્રન્થી' વડે બંધાએલું પુસ્તક તે ગ્રંથ કહેવાયો.

~

બાળકને જન્મવેળા પડવાની અને ભસવાના અવાજની એ બે જ પ્રકારની બીક લાગે છે. બીજી સંસ્કારથી જન્મે છે.

~

ઇટલીનું વેનિસ શહેર નાના નાના ૧૦૭ ટાપુઓ પર વસેલું છે અને એ ટાપુઓ ૩૭૮ પુલોથી જોડાએલા છે.

~

ગણિતગમ્મત

૧૧નો વર્ગ ૧૨૧
૧૧૧ ,, ,, ૧૨૩૨૧
૧૧૧૧ ,, ,, ૧૨૩૪૩૨૧
૧૧૧૧૧ ,, ,, ૧૨૩૪૫૪૩૨૧
૧૧૧૧૧૧ ,, ,, ૧૨૩૪૫૬૫૪૩૨૧
૧૧૧૧૧૧૧ ,, ,, ૧૨૩૪૫૬૭૬૫૪૩૨૧
૧૧૧૧૧૧૧૧ ,, ,, ૧૨૩૪૫૬૭૮૭૬૫૪૩૨૧
૧૧૧૧૧૧૧૧૧ ,, ,, ૧૨૩૪૫૬૭૮૯૮૭૬૫૪૩૨૧

આમાં છેલ્લી સંખ્યા ૧૧૧૧૧૧૧૧૧નો વર્ગ ૯૯૯૯૯૯૯૯૯ ના ૧૨૩૪૫૬૭૯ ગણો છે.

અંગ્રેજી ભાષા જગતમાં સર્વથી વધુ સમૃદ્ધ ગણાય છે. તેમાં સાત લાખ શબ્દો છે, તોપણ અંગ્રેજીના મહાન કવિ શેક્સપીયરે તો ૧૫ હજાર શબ્દોનો જ ઉપયોગ કર્યો છે.

~

મેક્સિકોમાં એક જાતની કીડી થાય છે તે પોતાના પેટમાં મધુસંચય કરે છે. મધના ભરાવાથી છેવટ તે દ્રાક્ષ જેમ ઊપસી આવે છે ત્યારે ત્યાંના લોકો એને પકડીને મધ નીચોવી લે છે. આવી ૯૬૦ કીડીમાંથી ૧ રતલ મધ નીકળે છે.


~

એક ઔંસ ગુલાબનું અત્તર મેળવવા ૩૦૦૦ રતલ ગુલાબપાંખડીઓ જોઇએ.

~

ઓરડો લાંબો હોય ને જ્યાં ત્યાં ખીટીઓ પર ફાનસ ટીંગાડી ભીંતો કાળી કરી કંટાળ્યા હો, તો આ નુસખો અજમાવજો.

છતમાં ઓરડાની લંબાઇએ એક છેડાથી બીજા છેડા સુધી એક લાંબો તાર બાંધો. તારમાં પહેલેથી એક કડી પરોવી રાખી હોય, તેમાં એક દોરી પરોવીને એક છેડે સરકતી ગાંઠ બાંધો ને બીજે છેડે એક આંકડો બાંધો. એ આંકડા પર ફાનસ ટાંગીને અનુકૂળતા પ્રમાણે તેને તાર ઉપર ઓરડાના એકથી બીજા છેડા સુધી ગમે ત્યાં રાખી શકશો અને સરકતી ગાંઠથી જોઇએ તેટલું ઊંચું કે નીચું પણ રાખી શકશો. દોરી ને તાર અનુકૂળતા પ્રમાણે લાંબાં લેવાં.






પ્રતીક ચિત્રકાર · કનુ દેસાઇ


(મૂળ ચિત્ર · મ્હૈસૂર રાજ્યના ચિત્રાલયમાં · કદ ૫૨×૨૨ ઇંચ)













ડાબી બાજુ : મથાળેથી–'રખડુ' : ડી. ડી. બારોટ (વડોદરા) પહેલું ઈનામ; (૨) 'બેકદર કારીગર' : ચીમન મેવાડા (કલોલ) ત્રીજું ઇનામ; (૩) 'ચિનની બનાવટ' : ફિરોઝ સરકાર (સુરત) નોંધપાત્ર; જમણી બાજુ : મથાળેથી–'તાજાં ફળ' : કેશવલાલ પાન્ડેય (અમદાવાદ) બીજું ઇનામ; (૨) 'ગામને ગોંદરે;' (૩) વિસામાની આશામાં' : મઝહર એસ. માસ્તર (પાલણપુર) નોંધપાત્ર.